બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૬**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ્ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : ૧, સળંગ અંક : ૨૬૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | 300/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●


01 મૌલાના મુહમ્મદશાકિર નૂરી
૫૦૦ પ્રભાવશાળી મુસલમાનોમાં સામેલ 04
02 ઉમીદ (UMEED) પોર્ટલ અને મુસ્લિમ ટ્રસ્ટીઓની હાલત 05
03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 08
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 12
05 હદાઈકે બખ્શિશ (ભાગ-૨) 15
06 હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) 17
07 કાનૂને શરીઅત (ભાગ-૨) 21
08 તઝકેરતુલ અવલિયા : હઝરત અબૂ સઈદ ખઝાઝ رحمۃ اللہ علیہ 23
09 ઈસ્લામી અખ્લાકો આદાબ 26
10 વસીલો તથા પોકારવું હદીષોની રોશનીમાં 28
11 (ત્રીજી સદીના મુજદ્દિદ : ૫) હઝરત અબૂ જઅફર
મુહમ્મદ બિન જરીર તિબરી رحمۃ اللہ علیہ 31
12 કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) 34
13 ઝર્બે હૈદરી 38
14 એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ 42
15 ટપાલ 49


## બંદા મિલને કો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા

બંદા મિલને કો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા
શમ્આ બાતિન મેં ગુમને જલ્વએ ઝાહિર ગયા
તેરી મરઝી પા ગયા સૂરજ ફિરા ઉલ્ટે ક઼દમ
તેરી ઉંગલી ઉઠ ગઈ મહ કા કલેજા ચીર ગયા
તેરી આમદ થી કે બયતુલ્લાહ મુજરે કો ઝુકા
તેરી હૈબત થી કે હર બુત થરથરા કર ગિર ગયા
મો'મિન ઉનકા ક્યા હુવા ! અલ્લાહ ઉસકા હો ગયા !
કાફિર ઉનસે ક્યા ફિરા અલ્લાહ હી સે ફિર ગયા
મુઝકો દીવાના બતાતે હો મૈં વો હોશ્યાર હૂં
પાંવ જબ તોહફે હરમ મેં થક ગયે સર ફિર ગયા
રહમતુલ્લિલ આલમીન આફત મેં હૂં કૈસી કરૂં
મેરે મૌલા મૈં તો ઈસ દિલસે બલામેં ઘિર ગયા
મૈં તેરે હાથોં કે સદક઼ે કૈસી કંકરિયાં થી વો
જિનસે ઈતને કાફિરોંકા દફઅતન મુંહ ફિર ગયા
વાસ્તે પ્યારે કા ઐસા હો કે જો સુન્ની મરે
યૂં ન ફરમાએં તેરે શાહિદ કે વો ફાજિર ગયા
ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો
ક઼ાફલા તો ઐ 'રઝા' અવ્વલ ગયા આખિર ગયા

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી કાર્યાલય

# ૫૦૦ અતિ પ્રભાવશાળી મુસલમાનોમાં ૨૦૨૬માં પણ સામેલ

**મુંબઈ** : (૧ નવેમ્બર) તાલીમો તર્બિયત સામાજિક તથા વેલ્ફેર સેવાઓ તથા દીની તથા મઝહબી લીડરશીપમાં મહત્વપૂર્ણ રોલ અદા કરનારા મૌલાના મુહમ્મદ શાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી જેમના આયોજન હેઠળ આઝાદ મેદાન મુંબઈમાં યોજાનારો સાલાના ઈજતેમા દુનિયાના મોટા સુન્ની ઈજતેમાઓમાંથી એક છે. તેમને દુનિયાના ૫૦૦ અતિ પ્રભાવશાળી મુસલમાનોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ યાદી એ હસ્તીઓ પર આધારિત હોય છે જેઓ મુસ્લિમ જગતમાં પોઝિટિવ ફેરફાર, લીડરશીપ, અસર તથા પહોંચ અને ખિદમતના જઝબાથી મહત્વનો રોલ અદા કરી રહી છે. આ યાદી રાઈલ ઈસ્લામિક સ્ટ્રેટેજિક સેન્ટર–ઓમાનના હેઠળ સંપાદિત કરવામાં આવે છે અને તેને પ્રિન્સ અલ વલીદ તલાવ સેન્ટર ફોર મુસ્લિમ કર્સયન અન્ડર સ્ટેંડિંગ જ્યાર્જ ટાઉન યુનિવર્સિટી (અમેરીકા)ના સંકલનથી દર વર્ષે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જુમ્આના રોજ બહાર પાડવામાં આવેલ એક બયાનમાં સુન્ની દાવતે ઈસ્લામીના પ્રવકતાએ કહ્યું કે મૌલાના નૂરીની તાલીમી, સમાજી ખિદમતો, વેલ્ફેરનાં કામોના ઉત્તેજન માટેની અનથક કોશિશોએ તેમને વિશ્વ કક્ષાએ આ સમ્માન અપાવ્યું છે. બયાનમાં કહેવામાં આવ્યું કે મૌલાના શાકિર નૂરી જે ભારતની સૌથી મોટી તન્ઝીમો (સંસ્થાઓ)માંથી એકની કયાદત કરી રહ્યા છે. તેમણે તા'લીમ, સ્ત્રીઓની ખુદ મુખ્તારી, નવયુવાનોની રહનુમાઈ અને નશાકારક ચીજો વિરૂધ્ધ ચળવળોના ઝરીયા હજારો જિંદગીઓ પર અસર નાખી છે. આ એઝાઝ (સમ્માન) કેવળ મૌલાના નૂરીની ખિદમતોનો સ્વીકાર નથી બલ્કે વિશ્વ કક્ષાએ ભારતીય મુસલમાનોની રચનાત્મક તથા તામીરી ઓળખનું પણ ચિત્રાંકન કરે છે. સુન્ની દા'વતે ઈસ્લામી એક ગૈર રાજકરણી મઝહબી તન્ઝીમ છે જેનું મર્કઝ (સેન્ટર) મુંબઈમાં છે. આ તન્ઝીમ દર વર્ષે ડિસેમ્બરની આસપાસ ત્રિદિવસીય અઝીમુશ્શાન ઈજતેમા ગોઠવે છે જેમાં દીની બયાનો તેમજ આધુનિક વિષયો પર તકરીરો અને તલબા માટે તાલીમી રહનુમાઈ સામેલ હોય છે. આ સાલાના ઈજતેમામાં લગભગ ત્રણ લાખ વ્યક્તિઓ શરીક થાય છે. તન્ઝીમના હેઠળ લગભગ ૫૦ તાલીમી (શૈક્ષણિક) ઈદારા સ્થાપિત છે જેમાં ૭૦૦૦થી વધુ તલબા તાલીમ હેઠળ છે. મૌલાના નૂરીએ ૪૦ ઉપરાંત કિતાબો લખી છે જે વિવિધ ભાષાઓમાં પ્રસિધ્ધ થઈ ચૂકી છે. તેમણે વિવિધ ફલાહી મનસૂબાઓ શરૂ કરેલા છે જેમાં શિક્ષણ થકી નવયુવાનો તથા સ્ત્રીઓને સ્વાવલંબી (સ્વનિર્ભર) બનાવવા, ગરીબોને ખોરાક તથા લિબાસ પૂરો પડવો, કમજોર વર્ગનું માર્ગદર્શન, નવયુવાનોની સુધારણા, અને નશાકારક ચીજો વિરૂધ્ધ ચળવળો સામેલ છે. આ ખુશીના પ્રસંગે ઉલમા તથા મુબલ્લિગો તથા ચાહકોની તરફથી મુબારકબાદીઓ પેશ કરવામાં આવી રહી છે, અને હઝરત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની તંદુરસ્તી તથા સલામતી અને તેમના માટે લાંબી ઉમરની દુઆઓ કરવામાં આવી રહી છે. (૨–નવેમ્બર, શાને સિધ્ધાર્થ ઉર્દૂ ડેઈલી તેમજ અન્ય ઉર્દૂ અખ્બારો) સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત ઝોન તરફથી પણ ખૂબ ખૂબ મુબારકબાદ અમો પાઠવીએ છીએ. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીને સલામત રાખે ઔર નવાઝે ઔર દીની ફલાહી કામો લે એવી દુઆ. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*




# ઉમીદ (UMEED) પોર્ટલ

## અને મુસ્લિમ ટ્રસ્ટીઓની હાલત

तंत्री लेख

હિંદુસ્તાનભરમાં જેટલી મસ્જિદ, મદ્રસા કે અન્ય સંસ્થાઓ વક્ફ તરીકે જે તે રાજ્યોના વકફ બોર્ડોમાં રજીસ્ટર્ડ થયેલ છે તેમની વકફ મિલ્કતો **UMEED CENTRAL PORTAL, 2025**માં દાખલ કરવા માટેનો કાયદો બહાર પાડવામાં આવ્યો. જો કે આશ્ચર્યની વાત છે કે કેવળ મુસ્લિમ વકફ ટ્રસ્ટોની મિલ્કતો માટે જ આ પોર્ટલ બન્યુ ! બીજા ધર્મના ટ્રસ્ટો તેમની ઈબાદતગાહો તથા મિલ્કતો માટે આવો કોઈ કાયદો નથી બન્યો ! આ કાયદા બાબતે ખૂબ જ વિવાદો પણ થયા પરંતુ છેવટે આ કાયદો અમલમાં મૂકી જ દેવામાં આવ્યો. ખૈર એની બહષનો હવે કોઈ અર્થ નથી. ગુજરાતની વાત કરીએ તો રજૂ થયેલ માહિતી પ્રમાણે ૧૦ લાખ ઉપરાંત વકફ ટ્રસ્ટોમાંથી કેવળ બે લાખ ઉપરાંત ટ્રસ્ટોએ જ એ પોર્ટલમાં નોંધણી કરાવી છે, લગભગ ૮૦% વકફ ટ્રસ્ટો ઉમ્મીદ પોર્ટલમાં મિલ્કતો દાખલ કરવાથી વંચિત રહી ગયાં એનાં ઘણા બધાં કારણો છે. એક તો કાયદો બન્યો ત્યાર પછી સુપ્રિમમાં એના સંબંધે કેટલાક કેસો દાખલ થયા અને સુપ્રિમનો ચુકાદો કે ખુલાસો આવતાં સુધીમાં છ મહિનાની પોર્ટલની જે મુદત હતી તેમાંનો મોટાભાગનો સમય વહી ગયો. મુસ્લિમ ટ્રસ્ટો દ્વિધામાં રહ્યાં કે શું ચુકાદો આવે છે ! લગભગ દોઢ મહીનાનો સમય ૫–ડિસેમ્બર, ૨૦૨૫ને બાકી હતો ત્યાં કેટલાક વકફ ટ્રસ્ટો જાગૃત થયા અને ગુજરાત રાજ્ય વકફ બોર્ડ તરફથી સેમીનાર થયા અને પોર્ટલ વિશે સમજ પ્રાપ્ત કરવા કોશિશો કરી, ધીમે ધીમે કામ ચાલ્યું. જેઓ સચેત રહ્યા તેમણે પોર્ટલમાં નોંધ દાખલ કરી અને મોટાભાગના અભણતા, નિષ્કાળજી તથા કાયદાની ગંભીરતાથી અજાણ રહીને કાંઈ ન કરી શક્યા, એમાં પોર્ટલનો સમય પૂરતો ન હોવું તથા પોર્ટલ બરાબર કામ ન કરતુ હોવાનું પણ સામેલ છે.

### ઉમીદ પોર્ટલની સાથે સાથે વક્ફ ટ્રસ્ટોના હાલની બેહાલીનો ચિતાર !

એ જાહેર થયેલ છે કે જે વક્ફ મિલ્કતો ઉમીદ પોર્ટલમાં એની સમય મર્યાદા મુજબ દાખલ નહીં કરવામાં આવે તેને પછીથી વકફ મિલ્કત ગણવામાં નહીં આવે તેમજ ટ્રસ્ટના જિમ્મેદારને દંડ તથા કેદની સજા પણ થઈ શકે છે. એ મિલ્કતનું શું કરવામાં આવશે તે અસ્પષ્ટ છે. આવી ગંભીર મેટર છતાં મુસ્લિમ વક્ફ ટ્રસ્ટોની ઊંઘ છેવટ સુધી ઉડી ન હતી.

૫–ડિસેમ્બર, ૨૦૨૫ ઉમીદ પોર્ટલમાં રજીસ્ટ્રેશનની લાસ્ટ ડેટ હતી તેના ૧૪–૧૫ દિવસ પહેલાં મારે સંજોગોવસાત એક ગામડામાં જવાનું થયું. નમાઝ બાદ ટ્રસ્ટી સાહબની મુલાકાત થઈ તો મેં પૂછયું કે તમે વક્ફ મિલ્કતોની ઉમીદ પોર્ટલમાં નોંધણી કરાવી ? કહ્યું કે અમારા ટ્રસ્ટનું તો બધુ કમ્પલેટ જ છે ! તેમની વક્ફ ટ્રસ્ટની ફાઈલ મંગાવી જોયું તો એમાં ૧૯૫૩માં ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન ત્યારના નિયમાનુસાર જિલ્લા ચેરીટી રજીસ્ટારમાં થયેલુ અને ૧૯૯૫થી ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડમાં તેનો રેકોર્ડ પહોંચેલો તો ૨૦૧૬માં કોઈક ભાઈએ **PTR** કઢાવી હશે તે જોવા મળી. એ સિવાય એક જ ટ્રસ્ટી પહેલેથી જે હતા તે ૧૯૬૮માં

મૃત્યુ પામ્યા એ જાણવા મળ્યું. તો ૧૯૫૩થી આજ સુધીનો ન કોઈ ઓડિટ રિપોર્ટ કે ન કોઈ ટ્રસ્ટીમંડળ રચાયું કે ન તેમાં કોઈ ફેરફાર કે ન અન્ય કોઈ કાગળ જોવા મળ્યો ! તો તાત્કાલિક ધોરણે નવા ટ્રસ્ટીમંડળની રચના કરી વકફમાં નોંધણી માટે સબમીટ કરાવ્યું અને ઓડિટ રિપોર્ટો સત્વરે તૈયાર કરી છેવટે ઉમીદ પોર્ટલ પર ચઢાવ્યું. અલ્હમ્દુલિલ્લાહ !

આવી જ કાંઈક હાલત એ જ ગામના અન્ય ટ્રસ્ટોની જોવા મળી, જેમને ઉમીદ પોર્ટલમાં નોંધણી માટે કોઈ ગંભીરતા ન હતી. અલ્હમ્દુલિલ્લાહ ! અમારી ચર્ચા પછી બધુ સેટ થયું ને ઉમીદ પોર્ટલ પર મિલકતો ચઢાવી.

આ તો એક દષ્ટાંત પૂરતુ રજૂ કર્યું છે. નાનાં નાનાં ગામોમાં ઉમ્મીદ પોર્ટલ શું છે ? એની હવા પણ લગભગ ટ્રસ્ટોને નથી લાગી અને તેની કોઈ ફિકર કે ચિંતા પણ તેમને નથી થઈ ! કેટલાને તો **PTR** શું છે ? ફેરફાર કઈ રીતે કરવો એની પણ ખબર નથી ! અને અમુક વકીલો એનો લાભ ઉઠાવી ધાર્મિક લાગણી વિના મામૂલી કામના ખૂબ પૈસા એંઠતા હોય છે, ભલે વકીલ મુસ્લિમ હોય ! ગામડાં જ નહીં શહેરમાં પણ ઘણે આવી જ સ્થિતિ જોવા મળી ! ન મિલ્કતોના ડોક્યુમેન્ટસનાં ઠેકાણાં, ન ઓડિટ રિપોર્ટોનાં ઠેકાણા, બલ્કે કેટલાય ટ્રસ્ટો એવાં જોવા મળ્યાં જ્યાં વરસોથી બધા જ ટ્રસ્ટીઓ મૃત્યુ પામેલા છે પણ કોઈ જ ઓન પેપર ફેરફાર થયો નથી ! ન હિસાબ ચોખ્ખા છે ન ઓડિટ રિપોર્ટ છે !

## પોતાની અંગત મિલ્કતો માટે સાવધાન ટ્રસ્ટીઓ વક્ફ મિલ્કત માટે આટલા બેપરવા ?!

પ્રથમ વાત તો એ કે "વક્ફ મિલ્કત" એટલે કોઈ સખીદાતાએ પોતાનાં કે મર્હૂમોના સવાબ અર્થે જમીન કે મકાન વગેરે મસ્જિદ, મદ્રસા કે દીની સંસ્થાને વકફ કરી આપી. હવે શરીઅતની રૂએ એ વકફ મિલકતનો કોઈ માલિક નથી થઈ શકતો. એ મસ્જિદ, મદ્રસા કે દીની સંસ્થાના લાભ માટે જ રહેશે. છતાં અનેક મિલકતો, જમીનો એવી છે જેના પર તેના સંચાલકો કે ગણોતિયાઓ અથવા તો વકફ આપનારની ઔલાદે પાછળથી કબજો કરી પોતાની માલિકીમાં લઈ લીધેલ છે ! જેમણે આવું કર્યું હશે તેઓ મહાન ગુનાહમાં સપડાયેલા છે એ ન ભૂલે ! મિલ્કતો જે તે સંસ્થાને પરત કરે અથવા અલ્લાહને ત્યાં અઝાબ ભોગવવા રેડી રહે !

**બીજી વાત એ કે લગભગ દરેક માણસ પોતાની મિલ્કતોના દસ્તાવેજો પછી તેના પ્રોપર્ટીના રેવન્યુ રેકોર્ડ, પ્રોપર્ટી કાર્ડ તથા જરૂરી દસ્તાવેજો, નકલો સાચવી સંભાળીને રાખે છે. પોતાને માટે કોઈ મિલ્કત ખરીદે કે બખ્શિશ મળે તો સત્વરે દસ્તાવેજો કરી સીટી સર્વેમાં એન્ટ્રીઓ પડાવવાની વિધિ માટે રાત દિવસ એક કરતો રહે છે, એમાં કોઈ કચાશ નથી રાખતુ. કોર્ટ કચેરીના ધક્કા કે કેસો લડવા પડે તો પણ લડે છે. પણ અફસોસ ! કે ધાર્મિક સંસ્થાઓની વકફ પ્રોપર્ટીઓ લૂંટાય જાય કે સંસ્થાના હાથથી નીકળી જાય છતાં તેમને માથે જરાય કરચલી નથી પડતી, ન એને સીધુ પાડવાની કોશિશો થતી હોય છે. અફસોસ ! આ છે આપણી દીની લાગણી ! આ છે આપણને ધર્માદા મિલ્કતોની પરવા !**

એક સાહબે જણાવ્યું કે અમારા ખાનકાહના વકફ ટ્રસ્ટની ૨૫૦ વીંઘા જમીન હતી. પહેલાં તેને ગણોતીયા ચોંટી પડયા પછી ૨૧ વીંઘા જમીન બચી હતી તેને અમારા ખાનદાનના ત્રણ ભાઈઓએ વહેંચણી કરીને

કબજે કરી લીધી. હવે ખાનકાહ સિવાય એની કોઈ મિલ્કત નથી ! ઘણે ઠેકાણે મસ્જિદ કે દરગાહ કે અન્ય ટ્રસ્ટની આસપાસની જમીન વહિવટકર્તાઓએ પોતાના નામે કરી લીધી ! એવા તો અસંખ્ય દાખલા જોવા મળશે.

*આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં – સામાન સો બરસકા હૈ પલકી ખબર નહીં*

હે લોકો ! મસ્જિદ, મદ્રસા, દરગાહ કે ખાનકાહની મિલ્કતો કે માલ કે નાણા હડપ કરીને તમે ક્યાં જશો ? દુનિયામાં કેટલા દિવસ તાગડધિન્ના કરશો ?! શું તમારે મરવાનું નથી ?! તમારા બાદ તેને તમારી ઔલાદ વાપરશે અને કબ્રમાં આખેરતમાં અઝાબ તમારે વેઠવો પડશે ! અને એવા હરામ માલથી ઔલાદનું પણ ભલુ થશે નહીં, એ પણ યાદ રાખશો.

## હજી સમય છે જે વકફ ટ્રસ્ટોએ ઉમીદ પોર્ટલમાં નોંધણી નથી કરી તેઓ ચેતે !

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ–ગાંધીનગરના ચેરમેન તથા સભ્યગણની કોશિશોથી જે હજારો વકફ ટ્રસ્ટો ઉમ્મીદ પોર્ટલમાં મિલ્કતો નોંધાવી નથી શકયા તેમના માટે એક અસાધારણ અને અમૂલ્ય તક એ મળી છે કે નોંધણીનો સમય વધુ છ મહીના ટ્રિબ્યુનલ કોર્ટ થકી મંજૂર કરવામાં આવ્યો છે. જે વકફ ટ્રસ્ટોએ ઉમીદ પોર્ટલ પર નોંધણી નથી કરાવી તેઓ ગુજરાત રાજ્ય વકફ બોર્ડનો આભાર માને અને સમય ગુમાવ્યા વિના એક્ટિવ થઈને જરૂરી ડોકયૂમેન્ટ જમા કરી પોતાની મિલ્કતો ઉમીદ પોર્ટલ પર ચઢાવે. આજે તા. ૧૪–૧૨–૨૦૨૫ના અમે જોયું કે ઉમીદ પોર્ટલ ચાલુ થઈ ગયેલ છે તો આજથી જે ટ્રસ્ટોની વકફ મિલ્કતો નોંધવી બાકી છે તેઓ કામે લાગી જાય. ગુજરાતમાં તા. ૬–૬–૨૦૨૬ સુધી આ પોર્ટલ ચાલુ રહેશે. જરૂરી માર્ગદર્શન માટે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ–ગાંધીનગરનો સંપર્ક કરી પોતાનું કામ સરળ બનાવે. અમારો સંપર્ક કરશે તો અમો પણ આ કામે જરૂર સહકાર કરીશું. ઈન્શા અલ્લાહ !

પેજ 30 નું ચાલુ..

કરવામાં આવી ચૂક્યો છે. *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૪૮, હદીષ–૧૩૩૭, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

આ મુબારક હદીષોથી આ બાબતો સ્પષ્ટપણે સાબિત થાય છે :

★ અંબિયાએ કિરામ અને સાલેહીને એઝામને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવવા જાઈઝ છે, ચાહે આપણી દુઆમાં તેમને વસીલો બનાવવામાં આવે અથવા તેમને વસીલો બનાવીને તેમનાથી દુઆ કરવામાં આવે.

★ અલ્લાહના રસૂલ ﷺને દૂર તથા નજીકથી, જાહેરી હયાતમાં અને વિસાલ બાદ "યા રસૂલલ્લાહ !" કહેવું અથવા તેના સમાનઅર્થી શબ્દો વડે પુકારવા જાઈઝ છે.

★ આ સતત સલફ તથા ખલફ (આગલા તથા પાછલા) બુઝુર્ગોનો મા'મૂલ રહ્યો છે, આજે પણ છે અને ભાવિમાં પણ રહેશે.

★ અલ્લાહના વલીઓને ગાઈબાના પોકારવું જાઈઝ છે અને તેમને ફરિયાદ (ઈસ્તિગાષા) પણ શરીઅતમાં પસંદીદા છે.

સારાંશ આ હદીષોથી એ સ્પષ્ટ થઈ ગયું કે અહલે સુન્નત વ જમાઅત "તવસ્સુલ (વસીલો) તથા યા રસૂલલ્લાહ ! પોકારવાનો મૌકિફ (વિચારશૈલી) અપનાવીને શરીઅતના માર્ગેથી રજમાત્ર પણ વિરૂધ્ધ નથી થયા, બલ્કે તેઓ જ પૂર્ણપણે મિન્હાજે શરીઅત (શરીઅતના માર્ગે) પર કાયમ છે. અને જે લોકો વસીલો અને યા રસૂલલ્લાહ ! પોકારવાને નાજાઈઝ તથા શિર્ક બતાવે છે તેઓ યકીનન ! શરીઅતના માર્ગથી વિમુખ થઈ ચૂક્યા છે. વહાબી ગૈર મુકલ્લિદોનો એ જ હાલ છે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

وَ اِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ
غَيْرُهٗ ؕ قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ ؕ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً
فَذَرُوْهَا تَاْكُلْ فِیْۤ اَرْضِ اللّٰهِ وَ لَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَیَاْخُذَكُمْ عَذَابٌ
اَلِیْمٌ ﴿٧٣﴾ وَ اذْكُرُوْۤا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ عَادٍ وَّ بَوَّاَكُمْ فِی
الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّ تَنْحِتُوْنَ الْجِبَالَ بُیُوْتًا ۚ
فَاذْكُرُوْۤا اٰلَآءَ اللّٰهِ وَ لَا تَعْثَوْا فِی الْاَرْضِ مُفْسِدِیْنَ ﴿٧٤﴾ قَالَ الْمَلَاُ
الَّذِیْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لِلَّذِیْنَ اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ
اَتَعْلَمُوْنَ اَنَّ صٰلِحًا مُّرْسَلٌ مِّنْ رَّبِّهٖ ؕ قَالُوْۤا اِنَّا بِمَاۤ اُرْسِلَ بِهٖ
مُؤْمِنُوْنَ ﴿٧٥﴾ قَالَ الَّذِیْنَ اسْتَكْبَرُوْۤا اِنَّا بِالَّذِیْۤ اٰمَنْتُمْ بِهٖ
كٰفِرُوْنَ ﴿٧٦﴾ فَعَقَرُوا النَّاقَةَ وَ عَتَوْا عَنْ اَمْرِ رَبِّهِمْ وَ قَالُوْا یٰصٰلِحُ
ائْتِنَا بِمَا تَعِدُنَاۤ اِنْ كُنْتَ مِنَ الْمُرْسَلِیْنَ ﴿٧٧﴾ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ
فَاَصْبَحُوْا فِیْ دَارِهِمْ جٰثِمِیْنَ ﴿٧٨﴾ فَتَوَلّٰى عَنْهُمْ وَ قَالَ یٰقَوْمِ لَقَدْ
اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّیْ وَ نَصَحْتُ لَكُمْ وَ لٰكِنْ لَّا تُحِبُّوْنَ
النّٰصِحِیْنَ ﴿٧٩﴾ وَ لُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ
بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ ﴿٨٠﴾ اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ
دُوْنِ النِّسَآءِ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ﴿٨١﴾ وَ مَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ
اِلَّاۤ اَنْ قَالُوْۤا اَخْرِجُوْهُمْ مِّنْ قَرْیَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ یَّتَطَهَّرُوْنَ ﴿٨٢﴾
فَاَنْجَیْنٰهُ وَ اَهْلَهٗۤ اِلَّا امْرَاَتَهٗ ۖ كَانَتْ مِنَ الْغٰبِرِیْنَ ﴿٨٣﴾ وَ اَمْطَرْنَا
عَلَیْهِمْ مَّطَرًا ؕ فَانْظُرْ كَیْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِیْنَ ﴿٨٤﴾ وَ اِلٰى مَدْیَنَ
اَخَاهُمْ شُعَیْبًا ؕ قَالَ یٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَیْرُهٗ ؕ
قَدْ جَآءَتْكُمْ بَیِّنَةٌ مِّنْ رَّبِّكُمْ فَاَوْفُوا الْكَیْلَ وَ الْمِیْزَانَ وَ لَا

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને (કોમે) ષમૂદ તરફ[૨૫૭] તેમની જ્ઞાતિના સાલિહ (પયગમ્બર)ને મોકલ્યા. (સાલિહે) કહ્યું, ''હે મારી કોમ ! અલ્લાહને પૂજો. તેના સિવાય તમારો કોઈ મઅબૂદ નથી. બેશક ! તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી[૨૫૮] સ્પષ્ટ દલીલ આવી.[૨૫૯] આ અલ્લાહની ઊંટડી છે,[૨૬૦] (એ) તમારા માટે (તેની કુદરતની) નિશાની (છે). તો એને (સ્વતંત્ર) મૂકી દો, કે (જેથી) અલ્લાહની જમીનમાં (થી) ખાય. અને એને બુરાઈ (ના ઈરાદા)થી હાથ લગાડશો નહિ,[૨૬૧] કે તેથી તમારા પર દુઃખદાયક અઝાબ આવી પડશે (૭૩) અને યાદ કરો[૨૬૨] જ્યારે તમને (કોમે) આદના વારસદાર બનાવ્યા, અને દેશમાં જગ્યા આપી, કે (જેથી) નરમ જમીનમાં મહેલો બાંધો છો,[૨૬૩] અને પર્વતોમાં ખોદીને મકાનો બનાવો છો.[૨૬૪] તો અલ્લાહની નેઅમતો યાદ કરો.[૨૬૫] અને ધરતી પર હુલ્લડ ન મચાવતા ફરો'' (૭૪) બોલ્યા તે લોકો જેમણે ઘમંડ કર્યો તેની કોમમાંથી અશક્ત મુસલમાનોને, શું તમે જાણો છો કે સાલેહ પોતાના પરવરદિગારના રસૂલ છે ? (મુસલમાનો) બોલ્યા, ''તેઓ જે કંઈ લઈને મોકલાયા (છે) અમે તેના પર ઈમાન ધરાવીએ છીએ''[૨૬૬] (૭૫)

ઘમંડીઓ બોલ્યા, ''તમે જેના પર ઈમાન લાવ્યા (છો) તેનાથી અમને ઈન્કાર છે, (૭૬) પછી[૨૬૭] ઊંટડીની ઘુંટીઓ કાપી નાખી, અને પોતાના પરવરદિગારના હુકમ સામે માથુ ઊંચકયું. અને બોલ્યા, ''હે સાલેહ ! જો તમે રસૂલ હોવ તો જેનો વાયદો આપી રહ્યા છો તે[૨૬૮] અમારા પર લઈ આવો (૭૭) તો તેમને ધરતીકંપે પકડી લીધા. પછી સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા (૭૮) તો સાલેહે તેમનાથી મોઢું ફેરવી લીધું.[૨૬૯] અને કહ્યું ''હે મારી કોમ ! બેશક ! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી દીધી, અને તમારું ભલું ઈચ્છયું, પણ તમને ભલું ચાહનારાઓની કશી પડી જ નથી'' (૭૯) અને લૂતને મોકલ્યા.[૨૬૦] જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, ''શું તમે એવી નિર્લજ્જતા કરો છો કે તમારી પહેલાં જગતમાં કોઈએ કરી નથી (૮૦) તમે તો સ્ત્રીઓને છોડીને પુરૂષો પાસે કામવાસના (સંતોષવાના હેતુ)થી જાઓ છો.[૨૭૧] બલ્કે તમે લોકો હદથી વધી ગયા''[૨૭૨] (૮૧) અને તેમની (લૂતની) કોમનો જવાબ એ કહેવા સિવાય (બીજો) ન હતો કે, એમને[૨૭૩] પોતાના ગામમાંથી કાઢી મૂકો, એ લોકો તો પવિત્રતા ઈચ્છે છે[૨૭૪] (૮૨) તો અમે તેને [૨૭૫] અને તેના ઘરવાળાઓને છૂટકારો આપ્યો. પણ તેની પત્ની તે રહી જનારાઓમાં થઈ[૨૭૬] (૮૩) અને અમે તેમના પર એક વરસાદ વરસાવ્યો,[૨૭૭] તો જુઓ ગુનેહગારોનું કેવું પરિણામ આવ્યું[૨૭૮] (૮૪) અને મદાયન તરફ તેમની જ્ઞાતિમાંથી શુએબને મોકલ્યા. (શુએબે) કહ્યું, ''હે મારી કોમ ! અલ્લાહની ઈબાદત કરો તેના સિવાય તમારો કોઈ મઅબૂદ નથી. બેશક ! તમારી પાસે તમારા

تَبۡخَسُوا النَّاسَ اَشۡیَآءَهُمۡ وَ لَا تُفۡسِدُوۡا فِی الۡاَرۡضِ بَعۡدَ اِصۡلَاحِهَا ؕ ذٰلِکُمۡ خَیۡرٌ لَّکُمۡ اِنۡ کُنۡتُمۡ مُّؤۡمِنِیۡنَ ﴿۸۵﴾ وَ لَا تَقۡعُدُوۡا بِکُلِّ صِرَاطٍ تُوۡعِدُوۡنَ وَ تَصُدُّوۡنَ عَنۡ سَبِیۡلِ اللّٰهِ مَنۡ اٰمَنَ بِهٖ وَ تَبۡغُوۡنَهَا عِوَجًا ۚ وَ اذۡکُرُوۡۤا اِذۡ کُنۡتُمۡ قَلِیۡلًا فَکَثَّرَکُمۡ ۪ وَ انۡظُرُوۡا کَیۡفَ کَانَ عَاقِبَةُ الۡمُفۡسِدِیۡنَ ﴿۸۶﴾

## :: સમજૂતી ::

**૨૫૭** : જેઓ હિજાઝ અને સિરીયાની વચમાં હજર નામના સ્થળે રહેતા હતા.

**૨૫૮** : મારી નબુવ્વતની સત્યતા પર.

**૨૫૯** : જેનું વર્ણન આ મુજબ છે કે;

**૨૬૦** : જે ન તો કોઈની પીઠમાં રહી ન તો કોઈના પેટમાં. ન તો કોઈ નર મારફત જન્મી ન કોઈ માદા મારફત. ન તો કોઈ ગર્ભમાં રહી ન તો તેનો જન્મ તબક્કાવાર સંપૂર્ણતા સુધી પહોંચ્યો. બલ્કે પ્રચલિત નિયમથી વિરૂદ્ધ તે પહાડના પથ્થરમાંથી એકાએક જન્મી. તેનું આ રીતે જન્મવું એક મો'જિઝો છે. અને તે એક દિવસ પાણી પીએ છે, અને ષમૂદની આખી કૌમ એક દિવસ, (એકાંતરે). તો એક ઊંટડી એક આખા કબીલાનું પાણી પી જાય તો એ પણ મો'જિઝો છે. એ સિવાય તે જે દિવસે પાણી પીતી હતી તે દિવસે તેનું દૂધ દોહવામાં આવતું હતું, તે એટલું બધું હતું કે આખા કબીલાને પૂરુ પડતું, અને પાણી ખોટ પૂરી કરી દેતું હતું અને તમામ જાનવરો તેમજ પક્ષીઓ તેના વારાના દિવસે પાણી પીવા ન આવતાં, એ પણ મો'જિઝો છે. આટલા બધા મો'જિઝાઓ હઝરત સાલેહ عليه السلام ની નબુવ્વતની સત્યતાની જબરદસ્ત દલીલો છે.

**૨૬૧** : મારશો નહીં. અને (ઘાસચારા પરથી) તગેડશો નહીં. જો આવું કરશો તો એ જ પરિણામ આવશે;

*પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ આવી.[૨૭૯] તો તોલ માપ પૂરેપૂરુ કરો અને લોકોની વસ્તુઓ ઓછું કરીને ન આપો.[૨૮૦] અને વ્યવસ્થા (સ્થાપિત થયા) પછી ધરતીમાં હુલ્લડ ન મચાવો. આ તમારું ભલું છે જો ઈમાન લાવો (તો) (૮૫) અને દરેક રસ્તા પર એવી રીતે ન બેસો કે રસ્તે જનારાઓને ડરાવો અને તેમને અલ્લાહના માર્ગથી રોકો,[૨૮૧] જે તેના પર ઈમાન લાવે અને (તમે) તેનામાં વાંક ઈચ્છો. અને યાદ કરો જ્યારે તમે થોડા હતા, તેણે તમને વધાર્યા.[૨૮૨] અને જુઓ[૨૮૩] હલ્લડખોરોનું પરિણામ કેવું આવ્યું (૮૬) અને જો તમારામાંથી એક જુથ, જે હું લઈને મોકલવામાં આવ્યો (છું,) તેના પર ઈમાન લાવ્યું અને એક જુથે ન માન્યું.[૨૮૪] તો થોભો ! ત્યાં સુધી કે અલ્લાહ આપણામાં ફૈંસલો કરે.[૨૮૫] અને અલ્લાહનો ફૈંસલો બધાથી ઉત્તમ[૨૮૬] (૮૭)*

**૨૬૨** : હે કૌમે ષમૂદ !

**૨૬૩** : ગરમીના દિવસોમાં આરામ કરવા માટે.

**૨૬૪** : ઠંડીના દિવસો માટે.

**૨૬૫** : અને તેનો આભાર માનો.

**૨૬૬** : તેમના ધર્મનો સ્વીકાર કરીએ છીએ, તેમની રિસાલતને માનીએ છીએ.

**૨૬૭** : કૌમે ષમૂદે.

**૨૬૮** : અઝાબ.

**૨૬૯** : જ્યારે તેમણે માથું ઊંચક્યું. બયાન કરાયું છે કે તેમણે બુધવારના દિવસે ઊંટડીની ઘુંટીઓ કાપી હતી, ત્યારે હઝરત સાલેહ علیہ السلامએ કહ્યું હતું કે તમે લોકો અત્યાર પછી ત્રણ દિવસ જીવતા રહેશો. પહેલા દિવસે તમારા બધાના મોઢાંઓ પીળાં પડી જશે. બીજા દિવસે લાલ, અને ત્રીજા દિવસે કાળાં, ચોથા દિવસે અઝાબ આવશે. પછી એવું જ બન્યું. રવિવારે લગભગ બપોરે આકાશમાંથી એક ભયાનક અવાજ આવ્યો, જેનાથી તેમનાં હૃદયો ફાટી પડયાં અને બધા નાશ પામ્યા.

**૨૭૦:** જેઓ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના ભત્રીજા થાય છે. તેઓ ષમૂદ વાસીઓ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે તેમના કાકા હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ સિરીયા તરફ હિજરત કરી ત્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પેલેસ્ટાઈનમાં ઉતર્યા, અને હઝરત લૂત علیہ السلام જોર્ડનમાં ઉતર્યા. અલ્લાહ તઆલાએ તેમને ષમૂદવાસીઓ માટે પૈગંબર બનાવીને મોકલ્યા, તેઓ તેમને સત્ય ધર્મનું નિમંત્રણ આપતા અને પ્રકૃતિ વિરુદ્ધના કાર્યોથી રોકતા હતા. જેવું કે આયતમાં બયાન આવે છે.

**૨૭૧** : અર્થાત તેમની સાથે પ્રકૃતિ વિરુદ્ધનું કાર્ય કરે છો.

**૨૭૨** : કારણ કે હલાલ છોડીને હરામમાં પડયા અને એવા ધૃણિત કાર્યમાં સંડોવાયા. કામવાસના મનુષ્યને વંશવૃદ્ધિ અને જગતની આબાદી માટે આપવામાં આવી છે, અને વંશપ્રાપ્તિ માટેનું સ્થાન સ્ત્રીઓને બનાવવામાં આવ્યું છે. કે જેથી તેણીઓ પાસેથી પ્રચલિત નિયમ મુજબ અને શરીઅત (ધર્મ શાસ્ત્ર)ની આજ્ઞા પ્રમાણે ઔલાદ મેળવવામાં આવે. જ્યારે માનવીઓ સ્ત્રીઓને છોડીને તેણીઓનું કામ પુરૂષો પાસેથી લેવા માંડયા ત્યારે તેઓ હદથી વધી ગએલા જ કહેવાયા. અને તેમણે એ શક્તિના સાચા હેતુને ગુમાવી દીધા. કારણ કે પુરૂષને ન હમલ (ગર્ભ) રહે છ ન તે બાળક જન્માવે છે, તો પછી તેની સાથે એવું કાર્ય કરવું એ શૈતાનિયત નથી તો બીજું શું છે ?

જીવનવૃત્તાંત અને ઈતિહાસના જાણકારોનું કહેવું છે કે લૂતની કૌમના ગામો ખૂબ ફળદ્રુપ હતાં, ત્યાં અનાજ અને ફળો મોટા પ્રમાણમાં થતાં હતાં,

ધરતીનો કોઈ ભાગ તેના જેવો ન હતો. માટે દરેક જગ્યાથી લોકો ત્યાં જતા હતા અને તેમને હેરાન કરતા હતા. એવા સમયે ઈબ્લીસ લઈને એક વૃદ્ધના રૂપમાં જાહેર થયો અને તેમને કહ્યું કે; "જો તમે મહેમાનોના ધાડાંઓથી છૂટકારો ઈચ્છતા હોવ તો તેમના સાથે પ્રકૃતિ વિરુદ્ધ કાર્ય કરો" એવી રીતે એ કુકૃત્ય તેમણે શૈતાન પાસેથી શિખ્યું અને તેમનામાં પ્રચલિત થયું.

**૨૭૩ :** એટલે કે લૂત અને તેમના અનુયાયીઓ.

**૨૭૪ :** પવિત્રતા જ સારી હોય છે, તે જ વખાણવા લાયક છે, પણ તે કૌમનું માનસ એટલુ વિકૃત બની ગયું હતું કે તેમણે એ વખાણ પાત્ર ટેવને એબ ઠરાવી.

**૨૭૫ :** એટલે કે હઝરત લૂત علیہ السلامને.

**૨૭૬ :** તે કાફિર સ્ત્રી હતી અને તે કૌમ સાથે મહોબ્બત ધરાવતી હતી.

**૨૭૭ :** આશ્ચર્યજનક, જેમાં એવા પથ્થરો વરસ્યા જે આગ અને ગંધકના બનેલા હતા. એક કથન એવું છે કે જે લોકો તે ગામમાં હતા તેઓ ધરતીમાં ખુપાવી દેવામાં આવ્યા, અને જે સફરમાં હતા તેઓ એ વરસાદથી નાશ પામ્યા.

**૨૭૮ :** મુજાહિદનું કહેવું છે કે હઝરત જિબ્રઈલ علیہ السلام ઉતર્યા અને તેમણે પોતાના બાહુ કૌમે લૂતના ગામોની નીચે નાખીને તે વિસ્તારને ઉખેડી લીધો અને આકાશ પાસે તેને લઈ જઈને તેને ઊંધો કરીને ખંખેરી નાખ્યો, ત્યાર પછી (ઉપરથી) પથ્થરનો વરસાદ વરસાવાયો.

**૨૭૯ :** જેનાથી મારી નબુવ્વત અને રિસાલત ચોક્કસપણે પુરવાર થાય છે, એ દલીલ એટલે મો'જિઝો.

**૨૮૦ :** તેમના હક્કો ઈમાનદારીથી પૂરેપૂરા આપો.

**૨૮૧ :** અને દીનના અનુસરણમાં લોકો માટે માર્ગની અડચણ બનો.

**૨૮૨ :** તમારી સંખ્યા વધારી દીધી માટે તેની નેઅમતનો આભાર માનો અને ઈમાન લાવો.

**૨૮૩ :** બોધગ્રહણ કરવાની આંખે, આગળના સમયમાં માથુ ઊંચકનારાઓનાં પરિણામો, અને વિચારો.

**૨૮૪ :** એટલે કે (જો) તમે મારી રિસાલતમાં મતભેદ કરીને બે જુથો બની ગયા, એ કે માન્યું એકે નકાર કર્યો.

**૨૮૫ :** કે માનનારા ઈમાનવાળાઓને ઈજ્જત આપો અને તેમની સહાય કરે અને જૂઠાડનારા ઈન્કારીઓનો નાશ કરે અને તેમને અઝાબ કરે.

**૨૮૬ :** કારણ કે તે ખરો હાકેમ છે.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત ઈબ્ને સીરીનથી રિવાયત છે[૧]. તેઓ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે. ફર્માવે છે કે અમને હઝૂર ﷺ એ સાંજની બે નમાઝોમાંથી કોઈ નમાઝ પઢાવી[૨] ઈબ્ને સીરીન કહે છે કે અબૂ હુરૈરહ્એ એ નમાઝ બતાવી હતી, પણ હું ભૂલી ગયો[૩]. ફર્માવે છે કે અમને બે રકાતો પઢાવી પછી સલામ ફેરવી દીધી પછી મસ્જિદમાં પડેલી લાકડીની તરફ તશરીફ લઈ ગયા. અને તેના પર ટેક લગાડી. જાણે ગુસ્સામાં હતા[૪]. અને પોતાનો જમણો હાથ ડાબા હાથ પર રાખ્યો અને પોતાની આંગળીઓમાં આંગળીઓ નાખી અને જમણો ગાલ ડાબા હાથની હથેળીની પીઠ પર રાખ્યો[૫] અને કૌમના ઉતાવળા લોકો એવું કહેતા મસ્જિદના દરવાજાઓથી નીકળ્યા કે નમાઝ ઓછી થઈ ગઈ[૬]. અને કૌમમાં અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما પણ હતા પરંતુ તેમણે વાત કરવાથી ડર અનુભવ્યો[૭]. અને કૌમમાં એક સાહબ હતા જેમના હાથ કાંઈક લાંબા હતા, તેમને હાથોવાળા કહેવામાં આવતા હતા[૮]. બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ આપ ભૂલી ગયા કે નમાઝી ઓછી થઈ ગઈ ?! ફર્માવ્યું, હું ભૂલ્યો નમાઝ ઓછી નથી થઈ. પછી ફર્માવ્યું કે શું એવું જ છે જેવું ઝુલ યદૈન કહે છે ? લોકોએ કહ્યું, હા ![૯] આપ આગળ વધી ગયા, નાની રકાતો પઢી લીધી અને પછી સલામ ફેરવી, પછી તકબીર કહી અને સજદાઓના બરાબર અથવા કાંઈક લાંબો સજદો કર્યો[૧૦] પછી માથુ ઉઠાવ્યું અને તકબીર કહી. લોકોએ તેમને પૂછયું કે, ફરી સલામ પણ ફેરવી ? તો આપ કહેવા લાગ્યા કે મને ખબર મળી કે ઈમરાન ઈબ્ને હુસૈને કહ્યું, પછી સલામ ફેરવી[૧૧]. (મુસ્લિમ, બુખારી) અને શબ્દો બુખારીના છે. અને એ બંનેવની બીજી રિવાયતમાં છે કે હુઝૂરે અન્વર ﷺ એ "ન ભૂલ્યો અને નમાઝ ઓછી થઈ"ની જગ્યાએ એવું ફર્માવ્યું કે એમાંથી કાંઈ નથી થયું. ઝુલ્યદૈને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ કાંઈ તો થયું છે[૧૨].*

**૧.** આપનું નામ મુહમ્મદ છે. હઝરત અનસ رضی اللہ عنہ ના આઝાદ કરેલા ગુલામ છે. હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદતના બે વરસ પહેલાં પેદા થયા. ત્રીસ સહાબીઓથી મુલાકાત થઈ. હદીષની વિદ્યા અને ખ્વાબની તાબીરના ઈમામ હતા. એકવાર જુઝઉ તારાને ષુરૈયાથી આગળ વધતો જોયો તો ફર્માવ્યું કે મારું મૃત્યુ નજીક છે, પણ પહેલાં ખ્વાજા હસન બસરી મૃત્યુ પામ્યા, બાદમાં આપનો વિસાલ થયો. *(મિર્કાત)*

**૨.** એ અસરની નમાઝ હતી જેવું કે બીજી રિવાયતોમાં છે. સૂરજ ઢળવાથી ડૂબવા સુધીને "અશી" કહે છે જેથી એમાં ઝોહર તથા અસર જ સામેલ છે ન કે મગરિબ તથા ઈશા. ઈશાનો સમય "અશ્વા"થી છે ત્યાં બીજો અર્થ છે.

**૩.** આકસ્મિક રીતે, ન કે યાદશક્તિની કમજોરીના કારણે. જેથી આ હદીષથી ઈબ્ને સીરીનને ઝઈફ કહેવામાં નહીં આવે. એ ભૂલ ઝઈફપણાનો સબબ છે જે હદીષ ગલત વર્ણન કરવાનો ઝરીયો બની જાય.

**૪.** ગુસ્સાનું કારણ કાંઈક બીજુ હશે જે રાવીને માલૂમ ન થઈ શક્યું. આ લાકડી ક્યાં તે હતી જેને ટેક લગાડીને ખુત્બો પઢતા હતા અથવા કોઈ અન્ય હતી.

**૫.** આ હદીષના રાવીઓ હુઝૂર ﷺના હાવભાવ વર્ણવે છે કે જેથી સાંભળનારના દિમાગમાં તે નક્શો કાયમ થઈ જાય. એ નક્શો કાયમ કરવો પણ ઈબાદત છે. યાદ રાખશો કે તશ્બીક (આંગળામાં આંગળાં ભેરવવાં) નમાઝ તથા નમાઝના ઈન્તેઝારની હાલતમાં મના છે એના સિવાય ખેલકૂદ માટે મના. આમ જાઈઝ છે.

**૬.** એટલે કે લગભગ વહીએ ઈલાહી આવી ગઈ અને અસર ચારને બદલે બે રકાત રહી ગઈ.

**૭.** આપના ગુસ્સાને જોઈને. નહીં જે તો નહીં તો જે નિકટતા એ બુઝુર્ગોને હતી તે અન્યોને ન હતી. જેવું કે રિવાયતોમાં છે કે મોટાભાગે એ હઝરાત હુઝૂર ﷺને જોઈને અને હુઝૂર ﷺ એમને જોઈને મુસ્કુરાતા રહેતા હતા.

**૮.** એમનું નામ ઉમૈર ઈબ્ને અમ્ર, કુન્નિયત અબૂ મુહમ્મદ, લક્બ ખરબાક્ અને હુઝૂર ﷺનો અતા કરેલ ખિતાબ ઝુલ યદૈન હતો. હિજાઝી સલ્લમી હતા. એમના વિશે અન્ય ઘણી બધી રિવાયતો છે. આપને બારગાહે રિસાલતમાં ઘણી જ નઝદીકી હતી. જે વાત મહાન સહાબા અર્ઝ ન કરી શક્યા હતા તે આપ વિના સંકોચે અર્ઝ કરી દેતા હતા.

**૯.** આ ચર્ચાથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે **ભૂલાય ગયેલી ચીજનો ઈન્કાર કરી દેવો જૂઠુ નથી, બલ્કે એના પર ક્સમ ખાય લેવી ગુનોહ નથી.** એને જ લગ્વ (બેકાર) ક્સમ કહે છે. રબ તઆલા ફર્માવે છે : لَا یُؤَاخِذُکُمُ اللّٰہُ بِاللَّغْوِ فِیْۤ اَیْمَانِکُمْ "અલ્લાહ તમને નથી પકડતો એ ક્સમોમાં જે બેઈરાદા જીભથી નીકળી જાય." *(૨/૨૨૫, કન્ઝુલ ઈમાન)* જુઓ સરકાર علیہ السلامને ભૂલ થઈ પણ ફર્માવ્યું કે હું ભૂલ્યો નથી. કેમ કે એનો મતલબ એ છે કે મને મારા ભૂલવાનો ખયાલ નથી. એ બિલકુલ સહીહ છે, શાને નબુવ્વતની વિરુદ્ધ નથી. બીજુ એ કે એવા મોકા પર મોટાભાગના મુક્તદીઓના વાત માનવામાં આવશે, ન કે એકની. જો એક કહે કે બે રકાતો પઢી, બાકીના કહે કે ચાર, તો ચાર જ માનવામાં આવશે. જુઓ હુઝૂર ﷺએ ઝુલ યદૈનની ખબરનું સમર્થન કરીને એના પર અમલ કર્યો.

**૧૦.** પ્રથમ તકબીર સજદામાં જવા માટે હતી, બીજી સજદાથી ઉઠવાના માટે. ત્રીજી ફરી સજદામાં જવા માટે. જાહેર એ છે કે સહ્વના સજદાના માટે એક જ સલામ ફેરવી. જે લોકો જઈ ચૂક્યા હતા, તેમને પાછા બોલાવવામાં આવ્યા અને સૌની સાથે એ બે રકાતો અદા કરવામાં આવી.

**૧૧.** એટલે કે લોકોએ ઈબ્ને સીરીનને પૂછ્યું કે શું હુઝૂર ﷺએ સજદએ સહ્વના પછી નમાઝની સલામ ફેરવી નહીં ? તો આપે ફર્માવ્યું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ મને સલામનો ઉલ્લેખ નથી કર્યો, હા ! મેં સાંભળ્યું એ છે કે ઈમરાન ઈબ્ને હુસૈન પણ આ બનાવ વર્ણન કરતા હતા, અને તે કહેતા હતા કે સલામ ફેરવી. એનો મતલબ એ નથી થયો કે ઈબ્ને સીરીન અને હઝરત અબૂ હુરૈરહ્ની દરમિયાન ઈમરાન ઈબ્ને હુસૈન છે જેમનું વર્ણન ન કરવામાં આવ્યું કે જેથી હદીષ મુન્ક્તઅ થઈ જાય. કેમ કે ઈબ્ને સીરીનની ઈમરાન ઈબ્ને હસનથી મુલાકાત જ નથી થઈ.

**૧૨.** એ કેટલીક રીતે મન્સૂખ છે. કલામ (વાત) કર્યા બાદ, કા'બાથી સીનો ફરી ગયા બાદ, અમુક મુક્તદીઓના મસ્જિદથી નીકળી જવા પછી તેમને પરત બોલાવ્યા બાદ નમાઝ પૂરી કરવી અને સજદએ સહ્વ કરવો, સજદએ સહ્વ પછી ફરી બીજીવાર અત્તહિય્યાત પઢયા વિના તરત સલામ ફેરવી દેવી.હવે એમાંથી કોઈ ચીજ પર અમલ ન કર્યો. આ હદીષ તે સમયની છે જ્યારે નમાઝમાં કલામ (વાતચીત) તથા કામ સર્વ કાંઈ જાઈઝ હતું. એ જ સહીહ છે, બાકીના ખુલાસાઓ જે આમ શરહકર્તાઓએ આપ્યા છે તે સ્વીકાર્ય નથી.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બુજૈના رضی اللہ عنہથી[૧] રિવાયત છે કે નબી ﷺએ સહાબાને નમાઝ પઢાવી તો પ્રથમ બે રકાતોમાં બેઠા વિના ઉભા થઈ ગયા. લોકો પણ આપની સાથે ઉભા થઈ ગયા[૨]. ત્યાં સુધી કે જ્યારે નમાઝ પૂરી કરી અને લોકોએ સલામની રાહ જોઈ તો આપે બેઠા બેઠા તકબીર કહી, સલામથી પહેલાં બે સજદા કર્યા પછી સલામ ફેરવી[૩]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** મશહૂર એ છે કે બુજૈના આપનાં વાલિદા (માતા)નું નામ છે. આપના પિતાનું નામ માલિક છે. આપ વાલિદા તરફથી અબ્દુલ મુત્તલિબમાં હુઝૂર ﷺથી મળી જાય છે. કેમ કે બુજૈના બિન્તે હારિષ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ ઈબ્ને અબ્દે મનાફ છે. આપ ઘણા જ મુત્તકી સાઈમુદહર સહાબી છે. અમીર મુઆવિયહના જમાનામાં વફાત પામ્યા.

**૨.** જાણવા મળ્યું કે **ઈમામ પ્રથમ અત્તહિય્યાત ભૂલીને ત્રીજી રકાતમાં પૂરો ઉભો થઈ જાય તો મુક્તદી લુકમો આપીને તેને પરત ન કરે, બલ્કે પોતે પણ ઉભા થઈ જાય, કેમ કે એ બેસવું વાજિબ છે અને આ ક્યામ ફર્ઝ છે. જેથી વાજિબના માટે ફર્ઝ છોડવામાં નહીં આવે.**

**૩.** આ હદીષની બિના પર ઈમામ શાફઈ ફર્માવે છે, સજદાએ સહ્વના માટે સલામ ન ફેરવે. પણ અન્ય મજબૂત રિવાયતોમાં આવે છે કે હુઝૂર ﷺએ એના માટે સલામ ફેરવી છે અને સરકાર ﷺ બાદ ઉમર ફારૂક હમેશાં સજદએ સહ્વના માટે સલામ ફેરવ્યા કરતા હતા. ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો આ અમલ એ હદીષને મજબૂતી આપે છે, જેથી હક્ક એ છે કે આ હદીષ મન્સૂખ છે. તેની નાસિખ (મન્સૂખ કરનાર) મુસ્લિમ, બુખારીની તે રિવાયત છે જે ભાગ–૧માં વર્ણન થઈ ચૂકી અને શક્ય છે કે અહીં સલામથી મુરાદ નમાઝના તે બે સલામ હોય જેનાથી નમાઝ ખત્મ કરવામાં આવે છે. અને મતલબ એ હોય કે લોકોએ નમાઝની સલામની રાહ જોયી. હુઝૂરે તે સલામ ન ફેરવી બલ્કે સહ્વની એક સલામ ફેરવીને તકબીર કહી દીધી, તો એને મન્સૂખ માનવાની જરૂરત નથી.

## (વિભાગ : ૨) الفصل الثانی

*"હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ સહાબાને નમાઝ પઢાવી. કાંઈક ભૂલ થઈ ગઈ[1] તો બે સજદા કર્યા પછી અત્તહિય્યાત પઢી સલામ ફેરવી[2]. (તિર્મિઝી) અને ફર્માવ્યું કે આ હદીષ હસન ગરીબ છે."*

**૧.** એટલે કે ભૂલથી નમાઝનો કોઈ વાજિબ રહી ગયો. કેમ કે દરેક ભૂલ પર સજદએ સહ્વ નથી હોતો.

**૨.** એનાથી જાણવા મળ્યું કે સજદએ સહ્વના પછી અત્તહિય્યાત છે. પાછલી હદીષમાં અત્તહિય્યાતનો નકાર ન હતો. અને જો હોત તો પણ તેની સરખામણીમાં આ હદીષ સ્વીકારને પાત્ર છે, કેમ કે નફી (નકાર) પર સબૂત અગ્રતા ધરાવે છે.

*"હઝરત મુગીરહ ઈબ્ને શુઅબા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે ઈમામ બે રકાતોમાં ઉભો થઈ જાય, તો જો સીધો ઉભો થતાં પહેલાં યાદ આવી જાય તો બેસી જાય[1] અને સીધો ઉભો થઈ ગયો તો ન બેસે અને સહ્વના બે સજદા કરી લે." (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** કેમ કે હજી ત્રીજી રકાતનો ક્યામ શરૂ નથી થયો, જેથી બેસી જાય. એ જ સહીહ છે. અમુક ફકીહોએ ફર્માવ્યું કે જો ક્યામની નજીક થઈ ગયો એ રીતે કે ગુઠણો જમીનથી ઉઠી ગયા હોય તો પણ ન પલટે, પણ એના પર ફતવો નથી. યાદ રાખશો કે તેને પરત થવામાં સજદએ સહ્વ પણ વાજિબ થશે નહીં.

**૨.** વાજિબ છૂટી ગયો. ઘણા ઉલમા ફર્માવે છે કે **જો આ હાલતમાં પરત થઈ ગયો તો નમાઝ જતી રહેશે,** કેમ કે તેણે જાણી જોઈને ફર્ઝ છોડી દીધો. યાદ રાખશો કે **જો પાંચમી રકાતમાં ઉભો થઈ ગયો છે તો સજદા પહેલાં પરત થવું વાજિબ છે કેમ કે તે ક્યામ ફર્ઝ નથી.**

## શરહે હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**વો હો જો તુમ પર ગિરાં હૈ–વો હો જો હરગિઝ ન ચાહો**

**અર્થાત :** વળી હે મારા આક઼ા ! ﷺ જો આપે અમને ભૂલાવી દીધા તો તે થશે જે આપ નથી ચાહતા. એટલે કે જે ઉમ્મતના ખાતર રડી રડીને દુઆ કરતા રહ્યા અને જે ઉમ્મતનું તકલીફમાં પડવું આપને ભારે લાગે છે. (عزیز علیہ ما عنتم) પરિણામ થોડા શેઅર આગળ વાંચો.

**વો હો જિસકા નામ લેતે–દુશ્મનોંકા દિલ બુરા હો**

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ જો આપે અમને છોડી આપ્યા તો અમારો હાલ એટલો બુરો થશે કે દુશ્મન પણ સાંભળીને અમારા પર દયા ખાવા લાગે.

**વો હો જિસકે રદકી ખાતિર–રાત દિન વક઼્ફે દુઆ હો**

**અર્થાત :** હા ! હા ! યા રસૂલલ્લાહ ! ﷺ પછી તો એવું થઈ જશે કે જેને રોકવાના માટે આપ રાત દિવસ દુઆઓ કરતા રહ્યા. (યા અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ અને મારી ઉમ્મતને અઝાબથી બચાવ)

**મર મિટેં બર્બાદ બંદે–ખાના આબાદ આગકા હો**

**અર્થાત :** (પરિણામ અહીંથી શરૂ થઈ રહ્યું છે :) એવું થશે કે (આપણે ગુનેહગાર) બંદાઓ બર્બાદ થઈ જઈશું અને દોઝખમાં આપણને નાખીને આબાદ કરી (વસાવી) દેવામાં આવશે, ભલા આ આપને ક્યારે માન્ય થશે ?!

**શાદ હો ઈબ્લીસ મલઊન–ગમ કિસે ઉસ ક઼હરકા હો**

*(શાદ = ખુશ. મલઊન = લાનતી, જેના પર અલ્લાહની લઅનત થઈ. ક઼હર =જુલ્મ, ગઝબ)*

**અર્થાત :** એવું થશે કે શૈતાન લઈન (લઅનતી) ખુશ થઈ જશે. ભલા શૈતાનના ખુશ થવાનો ગમ આપનાથી વધીને અન્ય કોને થશે ?! અને એ આપને કેવી રીતે માન્ય થશે ?!

**તુમકો વલ્લાહ ! તુમકો–જાનો દિલ તુમ પર ફિદા હો**

**અર્થાત :** હે મઝહરે મઅબૂદે બર હક઼્ક઼ આક઼ા ! ﷺ ખુદાની ક઼સમ ! અમારી બર્બાદીનો ગમ, જહન્નમની આબાદીનો ગમ, લઅનતી શૈતાનના ખુશ થવાનો ગમ, એ સર્વ ગમો આપને જ થશે. હાય ! મારી જાન ! અને મારું દિલ આપના પર કુર્બાન ! થઈ જાય ! (આગળ વાંચો)

**તેમકો ગમસે હક્ક઼ બચાએ-ગમ અદૂકો જાંગુઝા હો**

*(જાંગુઝા = જીવલેણ. અદૂ = દુશ્મન)*

**અર્થાત** : ખુદા આપને દરેક ગમથી મેહફૂઝ રાખે, સર્વ ગમો આપના દુશ્મનની જાન પર પડે ! આપને ગરમ હવા પણ ન લાગે, કાંટો પણ ન ભોંકાય.

*ઉસ્કો લોરીકે લિયે લફ્ઝ કહાંસે લાઉં–સારે આલમકે મુક઼દરકો જગાયા જિસને*
*જિસકે ઝુલે પે મલાઈકને તરાને છેળે–ક઼સ્રે કિસ્રા મુન્ડેરોં કો હિલાયા કિસને*

**તુમસે ગમકો ક્યા તઅલ્લુક઼-બેકસોં કે ગમઝુદા હો**

*(ગમઝુદા = ગમ દૂર કરનાર)*

**અર્થાત** : હે મારા આક઼ા ! ﷺ ભલા ગમને આપનાથી શું કામ ?! આપ તો ગમઝદાઓ તથા બેકસો (લાચારો)ના ગમ દૂર કરનાર છો !

**હક્ક઼ દુરૂદેં દીં તુમપે ભેજે-તુમ મદામ ઈસકો સરાહો**

*(હક્ક઼ = અલ્લાહ તઆલા, દુરૂદેં = રહમતો, મદામ = હમેશાં, સરાહો = તારીફ કરો)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ ખુદા આપના પર હમેશાં રહમતો નાઝિલ કરતો રહે, અને આપ હમેશાં પોતાના રબની તારીફ કરતા રહો. (એટલે બંનેવ એકબીજા પર રાજી તથા ખુશ રહો)

**વો અતા દે તુમ અતા લો-વો વહી ચાહે જો ચાહો**

*(અતા = જૂદો કરમ)*

**અર્થાત** : અલ્લાહ તઆલા આપના પર અતાઓ પર અતાઓ કરતો રહે અને આપ આપના અતાવાળા રબથી તેની નેઅમતો લઈ લઈને તેની મખ્લૂક઼ને વહેંચતા રહો. જે આપની ચાહત છે અથવા હોય તે જ ખુદાની ચાહત છે અથવા હોય. (જો "હૈ" પઢશો તો વાક્ય ખબરવાળુ થશે કે અલ્લાહ તે જ ચાહે છે જે હુઝૂર ચાહે છે. અને "હો" પઢો તો વાક્ય ઈન્શાઈયહ દુઆઈયહ થશે કે એવું જ થાય કે જેવું આપ ચાહો એવુ જ ખુદા ચાહતો રહે. કેમ કે આપ તો અમારું ભલુ જ ચાહશો. એ જ અધિક યોગ્ય છે.

**બર તૂ ઊ પાશદ તૂ બરમા-તા અબદ યહ સિલસિલા હો**

**અર્થાત** : હે ઈમાનવાળા આક઼ા ! ﷺ અલ્લાહ તઆલા આપ પર રહમત નાઝિલ કરતો રહે અને આપ અમ ગુનેહગારો પર રહમત વરસાવતા રહો, અને આ ક્રમ ક઼યામત સુધી બલ્કે ક઼યામત બાદ પણ ચાલુ ને ચાલુ જ રહે.

**ક્યૂં 'રઝા' મુશ્કિલ સે ડરીએ-જબ નબી મુશ્કિલ કુશા હો**

**અર્થાત** : હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલ વરા, અબ્દે મુસ્તફા) જો કે ક઼યામતની મશકેલીઓ તથા મુસીબતો તો એવી હોશ ઉડાડી દેનારી છે કે પહાડ પણ એનો ઉલ્લેખ સાંભળીને કાંપી ઉઠે ! પરંતું તારે શું પરવા ?! તું શા માટે ગભરાય રહ્યો છે અને ભયભીત થઈને ફરે છે ?! તારા મુશ્કિલ કુશા તો તારા આક઼ા મુહમ્મદ મુસ્તફા ﷺ તારા માથા પર છે !

*હૈ તો બસ નામે મુહમ્મદ ﷺ હી સહારા અપના–ઉનકે સદકે઼સે હી ચલતા હૈ ગુઝારા અપના*
*હમકો તુફાનકી મોજોં કા કોઈ ખૌફ નહીં–હમ ઈસી નામસે પાલેંગે કિનારા અપના*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-બીજો

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (પાંચમી મજલિસ)

સન ૭૧૦ હિ. માહે મુહર્રમની પંદરમી તારીખ રવિવારે કદમબોસીની દોલત નસીબ થઈ. મશાઈખની કિતાબો અને તે ફાયદાઓની ચર્ચા ચાલી જે તેમણે લખ્યા છે. એક અઝીઝ ખિદમતમાં હાજર હતા. તેમણે અર્ઝ કરી કે એક શખ્સે મને ઓધમાં એક કિતાબ બતાવી અને કહ્યું કે આ હઝરત મખ્દૂમ (ખ્વાજા નિઝામુદ્દીન)ની લખેલી કિતાબ છે. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું કે, નહીં ! તેણે ગલત કહ્યું ! મેં કોઈ કિતાબ લખી નથી.

### ★ કિતાબ પર લેખકનું પોતાનુ નામ લખવા વિશે ★

ત્યારબાદ ફર્માવ્યું કે શયખ અલી હિજવૈરી رحمۃ اللہ علیہએ જયારે ''કશ્ફુલ મહજૂબ'' લખી તો કિતાબના શરૂમાં પોતાના નામનો ઉલ્લેખ કર્યો, ત્યારબાદ બે ત્રણ જગાએ અધિક (ઉલ્લેખ કર્યો) અને પછી પોતાનું નામ લખવાનું કારણ એ વર્ણવ્યું કે, મેં આનાથી પહેલાં અરબી શેઅરો કહ્યા હતા અને એમાં મારું નામ ક્યાંય લાવ્યો ન હતો તો એક યુવાન મર્દે (એ ગઝબ કર્યો કે) તે સર્વ શેઅરો પોતાના નામે કરી લીધા ! અને ઈન્તેકાલના સમયે ઈમાન વિના ગયો.

જયારે એ કિસ્સો પૂરો થઈ ચૂક્યો તો એ ચર્ચા ચાલી કે મૌતની ઘડી ઘણી કઠિન ઘડી છે અને એ જાણવું પણ મુશ્કેલ છે કે જનારો ઈમાનની સાથે ગયો કે બેઈમાન. ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ઈમાનની સલામતીની નિશાની એ છે કે મરનારનો ચહેરો મૃત્યુ વખતે પીળો થઈ જાય અને માથા પર પરસેવો આવી જાય. આ દરમ્યાન એ વાત વર્ણવી કે ઈન્તેકાલના સમયે મારાં વાલિદા સઆદત (નેક બખ્તી)ની આ જ નિશાનીઓ ધરાવતાં હતાં.

### ★ ઈમાનની હિફાઝત માટેની નમાઝ ★

ત્યારબાદ હાજરજનોને સંબોધીને ફર્માવ્યું કે, બે રકાત નમાઝ છે જે ઈમાનની હિફાઝત માટે પઢવી જોઈએ. મગરિબની નમાઝ બાદ પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી સાત વખતે સૂરએ ઈખ્લાસ (કુલહુવલ્લાહ શરીફ) અને એકવાર સૂરએ ફલક (કુલ અઊઝુ બિરબ્બિલ ફલક્) અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી સાતવાર સૂરએ ઈખ્લાસ અને સૂરએ નાસ, ત્યારબાદ માથુ સજદામાં રાખે અને ત્રણવાર કહે : (યા હૈયુ યા કૈયૂમ ષબ્બિત્ની અલલ ઈમાન) હે હમેશાં ઝિંદા રહેનાર અને સૌને કાયમ રાખનાર મને ઈમાન પર અડગ રાખ !''

પછી એ નમાઝની બરકતના બારામાં હિકાયત

વર્ણવી કે મેં મોઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہના નવાસા કે પૌત્ર ખ્વાજા અહમદથી સાંભળ્યું છે, અને આ ખ્વાજા અહમદ ઘણા જ સાલેહ મર્દ હતા. તે કહેતા હતા કે મારા એક સિપાહી દોસ્ત હતા. તે સતત આ બે રકાત નમાઝ પઢયા કરતા હતા. જેમ કે એકવાર અમે અજમેરની હદોમાં હતા, મગરિબની નમાઝનો સમય આવ્યો. ત્યાં ડાકૂઓનો ડર હતો. અને ડાકૂ દેખાવા પણ માંડયા. અમે તરત જ જલ્દી જલ્દી ત્રણ રકાતો ફર્ઝ અને બે રકાતો સુન્નત પઢી અને શહેરની તરફ આવી ગયા. તે દોસ્તે ચોરોનો ખતરો જોઈ લીધા હતો છતાં અને ખૂબ ડર છવાયેલો હતો છતાં આ બે રકાત નમાઝ ઈમાનની હિફાઝતની અદા કરી. સારાંશ એ યુવાનના મૃત્યુનો સમય આવી ગયો તો મને ખબર થઈ ગઈ. હું એમનો હાલ જાણવાના હેતુથી મરતી વખતે તેમની પાસે પહોંચી ગયો. તેમણે એ રીતે ઈન્તેકાલ કર્યો જેવું કે એ ચાહતા હતા. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ ઈર્શાદ ફર્માવ્યો કે ખ્વાજા અહમદે એ શખ્સના ઈન્તેકાલનો હાલ આ શબ્દોમાં વર્ણવ્યો કે જો મને અદાલતની ખુરશીની સામે લઈ જવામાં આવે તો હું ગવાહી આપીશ કે તે ઈમાન સાથે ગયો. والحمد للہ رب العالمین

## ★ બે રકાત નમાઝના લીધે બખ્શિશ થઈ ગઈ ★

ત્યારબાદ બે રકાત નમાઝનો અધિક ઉલ્લેખ કર્યો તે પણ મગરિબની નમાઝ બાદ. એનો ઝિક્ર એ પ્રમાણે ફર્માવ્યો કે મારા એક હમ જમાઅત દોસ્ત હતા. તેમને મૌલાના તકીઉદ્દીન કહેતા હતા. તે ઘણા જ સાલેહ તથા સમજદાર અને ભણેલા ગણેલા હતા. તે હમેશાં મગરિબની નમાઝ બાદ બે રકાત નમાઝ અદા કરતા. પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા બાદ والسماء ذات البروج, અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા બાદ والسماء والطارق, પઢતા. જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈર ફર્માવે છે કે મેં તેમને ખ્વાબમાં જોયા અને પૂછયું કે ખુદા તઆલાએ તમારી સાથે શું (મામલો) કર્યો ? કહેવા લાગ્યો કે જ્યારે મારું કામ પૂર્ણ થઈ ગયું તો હુકમ આવ્યો કે અમે તેને એ બે રકાતોના તુફૈલ બખ્શી આપ્યો. હાજરજનોમાંથી કોઈએ સવાલ કર્યો કે શું એને સલાતુન્નૂર કહે છે ? ફર્માવ્યું કે નહીં ! એને સલાતુલ બુરૂજ કહે છે. સલાતુન્નૂર એ બે રકાત નમાઝને કહે છે જેની બંને રકાતોમાં સૂરએ અન્આમની શરૂની આયતો પઢે છે. પ્રથમ રકાત یستھزءون પર ખત્મ કરે છે, અને બીજી રકાતમાં الم یروا کم اھلکنا થી શરૂ કરીને یستھزءون પર જ ખત્મ કરે છે.

## ★ કબરની રાત માટે ઝખીરો કરી લો ! ★

પછી એ વખતની અને તુલૂઅની નમાઝની પ્રતિ આકર્ષિત કરતાં ફર્માવ્યું કે જ્યારે રાત આવે છે તો એક ફરિશ્તો કાબાની છત પર આવીને પુકારે છે કે, હે ખુદાના બંદાઓ ! અને હે મુહમ્મદ صلی اللہ علیہ وسلمના ઉમ્મતીઓ ! ખુદા તઆલાએ તમને આ એક રાત અતા કરી છે, અને એક રાત તમારા માટે આવનારી છે અને તે રાત કબરની રાત છે. એ આવનારી રાતના માટે આ રાતમાં કાંઈક ઝખીરો કરી લો અને કાંઈક કામ કરી લો. અને તે એ છે કે બે રકાત નમાઝ પઢો. પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા બાદ પાંચવાર "કુલ યા ઐયુહલ કાફિરૂન" અને બીજી રકાતમાં પણ એ જ. અને જ્યારે દિવસ નીકળે છે તો એ જ ફરિશ્તો બયતુલ મુકદ્દસની છત પર આવે છે અને પોકાર કરે છે કે, હે ખુદાના બંદાઓ ! અને હે મુહમ્મદ صلی اللہ علیہ وسلمના ઉમ્મતીઓ ! ખુદા તઆલાએ તમને એક દિવસ અતા કર્યો છે, અને એક દિવસ તમારા માટે આવવાનો છે અને તે દિવસ કયામત છે. અને એ દિવસના તોશાના

માટે આજે એક કામ કરી લો, અને તે એ છે કે બે રકાત નમાઝ પઢો. દરેક રકાતમાં સૂરએ ફાતિહાબાદ પાંચ મર્તબા સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ ) પઢો. ત્યારબાદ ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે શયખ જલાલુદ્દીન હાંસવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانْ એ એને હદીષ બતાવી છે. મને હદીષ શરીફના શબ્દો યાદ નથી, રહ્યો ભાવાર્થ તો એ જે વર્ણવવામાં આવ્યો.

ત્યારબાદ અવલિયાની મૌત અને એ હાલનો ઉલ્લેખ થયો જે એના બાદ થાય છે. એના હેઠળ ફર્માવ્યું કે અવલિયા ઈન્તેકાલના સમય સુધી એવા હોય છે જેમ કે કોઈ સૂઈ રહ્યું હોય અને તેનો માશૂક પણ બિસ્તરમાં આવી ગયો હોય. ઈન્તેકાલ વખતે આ સૂનારાની હાલત આવી હોય છે જાણે એકાએક ઊંઘથી જાગી ગયો હોય અને તે માશૂક જેની તલબમાં આખી જિંદગી રહ્યો હતો તેને પોતાના બિસ્તરમાં મૌજૂદ જુએ. અંદાઝો કરો કે તેને કેવી ખુશી અને રાહત થશે ?! હાજરજનોમાંથી કોઈએ સવાલ કર્યો કે શું અમુક અવલિયા એવા હોય છે જેમને અહીં જ મુશાહેદાની નેઅમત હાંસલ થઈ જાય છે ? ફર્માવ્યું કે હા ! પરંતું આ નેઅમત એ વખતે જુએ છે જ્યારે કમાલે પહોંચે છે તો પછી બિલકુલ એ સૂનારાની જેમ હોય છે કે જે ઊંઘથી જાગૃત થાય તો પોતાના માશૂકને પોતાના બિસ્તર પર પામે. આ હદીષના મુજબ કે الناس نيام فاذا ماتوا انتبهوا "સર્વ મખ્લૂક ઊંઘમાં છે, જ્યારે મોત આવશે તો જાગી જશે." એટલે કે અહીં જે જે તલબમાં ડૂબેલ છે મૃત્યુ બાદ તેનો હેતુ તેને મળશે.

ત્યારબાદ અવલિયાના મૌતના ઉલ્લેખમાં હિકાયત વર્ણવી કે બદાયૂંમાં અહમદ નામના એક દોસ્ત હતા. ઘણા જ નેક અને ઈબાદતગુઝાર અબ્દાલ સિફત, જો કે ભણેલા ગણેલા ન હતા, પરંતુ શરઈ મસાઈલ અને તેની તેહકીકમાં લાગેલા રહેતા અને દરેકને એ જ પૂછતા રહેતા, ત્યાં સુધી કે જ્યારે મારે દિલ્હી આવવાનું થયું તો તે પણ દિલ્હી આવી ગયા. એક દિવસ રસ્તામાં મુલાકાત થઈ અને મને જોઈને ખૂબ જ ઉષ્માભેર મળ્યા. ત્યારબાદ મારાં વાલિદાનો હાલ પૂછયો. તેમને મારાં વાલિદાની બીમારીનો હાલ તો માલૂમ હતો પરંતું ઈન્તેકાલની ખબર ન હતી. મેં કહ્યું કે વાલિદા તો અલ્લાહની રહમતને પ્યારાં થઈ ગયાં ! બોલ્યા, તમે સલામત રહો. પછી ઘણા જ બેચેન થયા અને બેચેન થઈને રડવા લાગ્યા. જ્યારે ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈર હિકાયતના આ હિસ્સા સુધી પહોંચ્યા તો તેમને એટલા પ્રમાણમાં રડવું આવ્યું કે જે કહેતા હતા તે પૂર્ણપણે સમજમાં આવતુ ન હતું. રડવા દરમિયાન આ બે શેઅર ઝુબાન મુબારક પર આવ્યા. ખબર નહીં કે અહમદ સાહબ મૌસૂફથી રિવાયત કર્યા કે ખુદ જ પઢયા :

*અફસોસ મેરે દિલને કોઈ તદબીર નહીં કી*
*મિલન કી રાતોંકો ઝંજીર ડાલ કર ન રખ્ખા*
*અબ તેરા વસ્લ હમારી મદદ કરે યા ન કરે*
*બારે જુદાઈને તો કોઈ કસર ઉઠા નહીં રખ્ખી*

ત્યારબાદ ઈર્શાદ થયો કે અમુક અરસા બાદ એ અહમદે દુનિયાથી વિદાય લીધી. મેં એમના મૃત્યુ બાદ એક દિવસ તેમને ખ્વાબમાં જોયા કે પોતાની આદત પ્રમાણે નિયમ મુજબ મારાથી મસાઈલ તથા અહકામ પૂછી રહ્યા છે. મેં તેમને કહ્યું કે જે કાંઈ તમે પૂછી રહ્યા છો એ તો જિંદગીમાં કામ આવે છે અને તમે તો મરી ચૂક્યા છો ! જ્યારે તેમણે આ વાત સાંભળી તો મને બોલ્યા કે, આપ ખુદાના અવલિયાને મુર્દા કહો છો ? આ કિસ્સા દરમિયાન એક મલંગ આવ્યો અને અયોગ્ય વાતો કરવા લાગ્યો જે એ મજલિસમાં ન કરવી જોઈતી હતી. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ કાંઈ ન કહ્યું અને જે માગણી એની હતી એને પૂર્ણ કરી, ત્યારબાદ હાજરજનોને સંબોધીને ફર્માવ્યું, આવી વાતો પણ થવી જોઈએ. ઘણા લોકો આવે છે

અને માથુ કદમોમાં ઝુકાવે છે અને નઝરાણુ લાવે છે, તો આ પ્રકારના લોકો પણ આવવા જોઈએ કે આવીને બેબાકીથી જે ચાહે કહી નાખે. આ રીતે આ ચીજો એ ચીજોનો કફ્ફારો (કરનારી) થઈ જાય છે.

હિકાયત વર્ણન કરી કે એક શખ્સ આવ્યો અને મને ઘણુ બધુ બુરૂભલુ અને અયોગ્ય બોલ્યો. મેં કાંઈ જવાબ આપ્યો તો બોલ્યો કે જ્યાં સુધી દુનિયા રહે અમારો જુર્મ અને આપની સહનશીલતા બાકી રહે !

પછી ફર્માવ્યું કે એકવાર એ જ બેબાક લોકોમાંથી કોઈ શખ્સ શયખુલ ઈસ્લામ ફરીદુલ હક્ક્ વદીન رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો અને કહેવાનું શરૂ કર્યુ કે આપે પોતાને બુત (પૂતળુ) શા માટે બનાવી રાખેલ છે ? શયખે ફર્માવ્યું કે મેં નથી બનાવ્યું ખુદાએ બનાવ્યું છે. તે ફરી બોલ્યો, નહીં ! આપે ખુદ બનાવ્યું છે ! શયખે ફર્માવ્યું કે નહીં ! જે કાંઈ બનાવ્યું છે ખુદાએ બનાવ્યું છે. આ સાંભળીને એ વિરોધી ખસીયાણો પડી ગયો અને પરત ચાલ્યો ગયો.

ત્યારબાદ હિકાયત વર્ણવી કે એકવાર કોઈ મલંગ શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો. તે આ ગિરોહ માટે ઘણા સખ્ત હતા. મલંગે અંદર આવીને કોઈ ચીજનો સવાલ કર્યો. શયખે કાંઈ ન આપ્યું. તે બહાર નીકળ્યા અને લડવા ઝઘડવા માટે તૈયાર થઈ ગયા ત્યાં સુધી કે તેમણે ઈંટો ઉઠાવી લીધી. શયખે ફર્માવ્યું કે ખાનકાહનો દરવાજો બંધ કરી દો ! જેથી ખાનકાહનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. તે લોકો ખાનકાહના દરવાજા પર ઈંટો મારવા લાગ્યા. કેટલીક વાર થઈ ગઈ તો શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હું શયખ શહાબુદ્દીનનો બેસાડેલો છું. હું જાતે પોતે જ નથી બેસી ગયો. મને એક મર્દે ખુદાએ અહીં બેસાડયો છે. ત્યારબાદ હુકમ આપ્યો કે ખાનકાહનો દરવાજો ખોલી નાખો. જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો તો એ મલંગોએ માથાં જમીન પર રાખી દીધાં અને પાછા ચાલ્યા ગયા. ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ ખૈરએ ઈર્શાદ ફર્માવ્યો કે પ્રથમ તેમણે ખાનકાહનો દરવાજો બંધ કરવાનો હુકમ કર્યો હતો એ યકીનન ! બશરિયત હતી અને ખબર નહીં તે ઘડી કેવી ઘડી હતી. ત્યારબાદ થોડાક સમય વહી ગયો તો પછી દરવાજો ખોલાવી નાખ્યો.

પેજ 41 નું ચાલુ..

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો આ ઈર્શાદે ગિરામી પૂરતો છે કે અબૂબક્ર મારા કાન, આંખ અને રૂહના સ્થાન પર છે. *(મઝહબે શીઆ, પેજ-૮૫)*

સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો ઈજમાઅ છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہની અફઝલિયત તમામ સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ પર છે, આ ઈજમાઅતનો મુન્કિર شَذَّ فِی النَّارِ (જહન્નમમાં ઝોંકવા)ની ચેતવણી હેઠળ છે. *(ફઝાઈલે અમીર મુઆવિયહ, પેજ-૪૯, લેખક : અલ્લામા ગુલામ મહમૂદ હઝારવી رحمۃ اللہ علیہ)*

**(૨૦)** હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ લખે છે : અંબિયા બાદ અબૂબક્ર સિદ્દીકનું મોટા પહરેઝગાર હોવું પણ કુર્આનથી સાબિત છે, અને મોટા પરહેઝગારનું અફઝલ હોવું પણ કુર્આનથી સાબિત છે. જેથી સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત કતઈ છે, એનો મુન્કિર ગુમરાહ છે. *(તફસીરે નૂરુલ ઈર્ફાન, પેજ-૯૮૩)*

**(૨૧)** હઝરત અલ્લામા સૈયદ મહમૂદ અહમદ રઝવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : નબીઓ તથા રસૂલો બાદ સર્વ અલ્લાહની મખ્લૂકો તથા ઈન્સાન તથા જિન તથા ફરિશ્તાઓથી અફઝલ સિદ્દીકે અકબર, પછી ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી અલીયે મુર્તઝા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ છે.

*(દીને મુસ્તફા, પેજ-૧૬૨) (ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

### ★ સોના ચાંદીના તારથી વણેલાં કપડાંના મસાઈલ ★

**મસ્અલા** : સોના ચાંદીના તારથી કાપડ વણવામાં આવે જેમ કે બનારસી કપડામાં ઝરી વણવામાં આવે છે. કિનખાબ અને પોતમાં ઝરી હોય છે. એ જ રીતે બનારસી અમામાના છેડા પર અને બંને તરફની કિનારીઓ ઝરીની હોય છે એને માટે હુકમ એવો છે કે એક જગ્યા પર ચાર આંગળથી વધારે થઈ જાય તો નાજાઈઝ છે, નહીંતર જાઈઝ છે. પરંતુ કિન્ખાબ અને પોતમાં જો કે તાણા અને વાણા બંને રેશમનાં હોય છે. પરિણામે ઝરી ચાર આંગળથી ઓછી હોય તો પણ નાજાઈઝ છે. હા ! જો સુતરાઉ કાપડ હોત અથવા તો તાણા રેશમના અને વાણા સૂતરના હોત અને તેમાં ઝરી ભરવામાં (વણવામાં) આવી હોત તો ચાર આંગળ સુધીની જાઈઝ થાત. જે રીતે અમામામાં સૂતર હોય છે અને એમાં ઝરી વણવામાં (ભરવામાં) આવે છે એને માટે એ જ હુકમ છે કે ચાર આંગળથી વધારે નાજાઈઝ છે. આ હુકમ મરદો માટે છે. ઓરતો માટે રેશમ અને સોનું ચાંદી પહેરવું જાઈઝ છે. એમને માટે ચાર આંગળની મર્યાદા નથી. એ રીતે ઓરતો માટે કિનારી, લેસ ભલે ગમે તેટલી પહોળી હોય જાઈઝ છે અને ચમકતા કે ન ચમકતાનો ફર્ક પણ મરદો માટે છે. ઓરતો માટે બિલ્કુલ જાઈઝ છે.

*(અલ્ મુસ્તફાદ મિન રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : રેશમના કપડામાં તાવીજ સીવીને ગળામાં લટકાવવું અથવા હાથે બાંધવું નાજાઈઝ છે કેમ કે એ પહેરવામાં ગણાશે. એ રીતે સોના અને ચાંદીમાં રાખીને પહેરવું પણ નાજાઈઝ છે અને સોના કે ચાંદી પર તાવીઝ કોતરેલું હોય તો એ એથી વધારે નાજાઈઝ છે.

**મસ્અલા** : મકાનને રેશમ તથા સોના ચાંદીથી સજાવવું. દા.ત. દિવાલો, દરવાજાઓ પર રેશમના પડદા લટકાવવા અને જગા જગા પર સજાવટ કરીને સોના ચાંદીના વાસણો, સાધનો (સામાન) રાખવાં જેનો મકસદ ફક્ત દેખાવ કરવો અને પ્રદશન માટે હોય તો તે કરાહત છે, અને અભિમાન તથા ફખ્રના કારણે આવું કરવામાં આવે તો નાજાઈઝ છે. *(રદુલ મુહ્તાર)* લગભગ કરાહતનું કારણ એ હશે કે એવી ચીજો શરૂઆતમાં અભિમાનને કારણે ન હોય પરંતુ આખરે ખાસ કરીને એનાથી અભિમાન પેદા થઈ જાય છે.

### ★ ફકીહો તથા આલિમોનો લિબાસ ★

**મસ્અલા** : ફુકહા તથા ઉલ્માએ એવાં કપડાં પહેરવાં જોઈએ કે જેનાથી તેઓ ઓળખાય જેથી લોકોને તેમનાથી ફાયદો મેળવવાનો મોકો મળે અને લોકોના દિમાગમાં ઈલ્મની કદર બેસે. *(રદુલ મુહ્તાર)* અને એનો મકસદ પોતાની મોટાઈ (પોતાની જાત બીજા કરતાં ઊંચી છે) માટે હોય તો એ બુરુ છે.

### ★ સોના ચાંદીના બટન મર્દ માટે કેવા જાઈઝ ? ★

**મસ્અલા** : કુર્તા યા સિરવાનીમાં સોના

ચાંદીના બટન લગાડવા જાઈઝ છે જે રીતે રેશમની ગુંદી જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)* જ્યારે કે બટન સાંકળી (ચેન) વગર ન હોય અને સાંકળી સાથેના બટન હોય તો એનો ઉપયોગ નાજાઈઝ છે. કેમ કે સાંકળી ઘરેણાના હુકમમાં આવશે જેનો ઉપયોગ કરવો મરદ માટે નાજાઈઝ છે.

**મસ્અલા :** નાબાલિગ બાળકોને પણ રેશમી કપડાં પહેરાવવાં હરામ છે અને પહેરાવનારને ગુનોહ લાગુ પડશે. *(આલમગીરી)*

## ★ કયા કયા રંગ મર્દો માટે જાઈઝ નથી ? ★

**મસ્અલા :** કુસમ (એક પ્રકારના ફૂલનો રસ) તથા કેસરથી રંગેલું કાપડ પહેરવું મરદ માટે મના છે. ઘટ્ટ રંગ થઈને લાલ થઈ જાય કે ઓછો રંગ હોય જેથી પીળો રહે બંને માટે એક જ હુકમ છે. ઓરતો માટે એ બંને રંગો જાઈઝ છે. આ બે રંગો સિવાયના બાકીના રંગો જેવા કે પીળો, લાલ, પોપટી, જાફરાની, ચંપઈ, (સોનેરી) નારંગી વગેરે રંગનાં કપડાં મરદો ન પહેરે. ખાસ કરીને જે રંગોમાં ઓરતપણું હોય મરદોએ એને બિલ્કુલ પહેરવાં નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** અને આ મનાઈ રંગોના કારણે નથી બલ્કે ઓરતો સાથે મળતાપણુ થાય છે એના કારણે મનાઈ છે, પરિણામે જો એવું કારણ ન હોય તો મના નહીં થાય. દા.ત. કેટલાક રંગ એવા પ્રકારના હોય કે જેનાથી અમામો રંગી શકાતો હોય અને જો કુર્તા કે પાયજામાને એ રંગથી રંગવામાં આવે યા ચાદર રંગીને ઓઢે તો એમાં સ્ત્રીપણુ જાહેર થાય છે, તો અમામાને જાઈઝ કહેવામાં આવશે, જ્યારે બીજાં કપડાંને મકરૂહ કહેવામાં આવશે.

**મસ્અલા :** જેના ઘેર મૈયત થયું હોય તેણે જાહેર કરવા (ગમ દેખાડવા માટે) કાળાં પહેરવાં નાજાઈઝ છે. *(આલમગીરી)* કાળા બિલ્લા લગાવવા પણ નાજાઈઝ છે કેમ કે પ્રથમ તો એ સોગ (ગમ)ની સૂરત છે, બીજુ એ કે એ નસારાઓનો તરીકો છે. **મોહરમના દિવસોમાં પહેલી મોહર્રમથી બારમી મોહર્રમ સુધી ત્રણ પ્રકારના રંગો ન પહેરવામાં આવે : કાળો, કેમ કે એ રાફઝીઓનો તરીકો છે અને લીલો કે એ તાઝીયાદારોનો તરીકો છે અને લાલ કેમ કે ખારજીઓનો તરીકો છે,** કેમ કે તેઓ મઆઝલ્લાહ ! ખુશી જાહેર કરવા માટે પહેરે છે. *(બહારે શરીઅત)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **દયાદરા :** ખાતે હમીદાબેન ઉસ્માન ખલીફાનો તા. ૨૦–૧૧–૨૦૨૫, મુ. ચાંદ ૨૮ જમા. અવ્વલ હિ.સ. ૧૪૪૭ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો.

❒ **અમેરીકા :** ખાતે હજીયાણી હનીફાબેન યાકૂબ ટોલીવાળા દયાદરાવાળાનો ઈન્તેકાલ તા. ૧૩–૧૨–૨૦૨૫, ૨૧–જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૭ શનિવારે થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

# તઝકેરતુલ અવલિયા

# હઝરત અબૂ સઈદ ખઝાઝ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ બગદાદના રહેવાસી હતા અને મશાઈખોમાંથી થયા છે જેમને અલ્લાહ તઆલા દરેક ફન (વિદ્યાકલા)માં કમાલ અતા કરે છે. પોતાના મુરીદો પર એટલા પ્રમાણમાં શફીક (પ્રેમાળ) હતા કે તેમની તાલીમો તર્બિયતનો ખાસ ખયાલ રાખ્યો. તદ્ ઉપરાંત તસવ્વુફના વિષયમાં આપની ચારસો કિતાબો પણ છે જેના કારણે આપને લિસાનુત્તસવ્વુફનો લકબ મળ્યો. અને આપનો સમય મોટાભાગે હઝરત ઝુન્નૂન મિસ્રી તેમજ હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہمની સોહબતમાં ગુજર્યો. અને સૌ પ્રથમ ફના તથા બકાના વિષય પર આપે જ વાત કરી. ત્યાં સુધી કે આપની કિતાબુસ્સિયરના અમુક લખાણો પર ઉલમાએ પોતાની કમ સમજના કારણે કુફ્રના ફત્વા લાગુ કરી દીધા. એ કિતાબનું એક લખાણ અમે અહીં પણ નકલ કરીએ છીએ, કે જ્યારે બંદો અલ્લાહની બારગાહમાં રુજૂઅ થઈને તેનાથી સંબંધ જોડતાં કુર્બ હાંસલ કરી લે છે તો પોતાના નફસ અને ખુદા સિવાય દરેક ચીજને ભૂલાવી દે છે. અને જ્યારે તેને સવાલ કરવામાં આવે છે કે તું ક્યાં છે અને શું ચાહે છે ? તો તે જવાબમાં કેવળ અલ્લાહ જ અલ્લાહ કહે છે. અને જો તેનાં સર્વ અંગોને બોલવાની શક્તિ અતા કરી દેવામાં આવે તો દરેક અંગથી અલ્લાહ જ અલ્લાહ નીકળે છે એટલા માટે કે તેનું દરેક અંગ નૂરથી પુર અને જઝ્બથી લબરેઝ થઈ જાય છે અને તેને તે કુર્બ હાંસલ થાય છે કે તેનું અલ્લાહ કહેવું જાણે ખુદાની ઝબાનથી અલ્લાહ કહેવાનું થાય છે. પછી ફર્માવ્યું કે કુર્બ તથા બુઅદ (નઝદીકી તથા દૂરી) અપનાવવાનો દરેક બંદાને મજાઝ બનાવવામાં આવેલ છે, પરંતું મેં દૂરીને એટલા માટે અપનાવી કે મારામાં કુર્બની શક્તિ ન હતી. જેવી રીતે લુકમાને હિકમત તથા નબુવ્વતમાંથી હિકમતને એટલા માટે કબૂલ કરી કે નબુવ્વતની સહન શક્તિ ન હતી.

**હાલાત** : આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર ખ્વાબમાં બે ફરિશ્તાઓએ મારાથી સિદ્ક઼ (સત્ય)નો ભાવાર્થ પૂછયો તો મેં કહ્યું કે વાયદાને પાળ વાનું નામ સિદ્ક છે. તેમણે કહ્યું, તમે સાચુ કહો છો. ફર્માવ્યું કે એકવાર ખ્વાબમાં હુઝૂરે અકરમ ﷺએ સવાલ કર્યો, તું મને દોસ્ત રાખે છે ? મેં અર્ઝ કર્યું કે અલ્લાહની જ દોસ્તી મારા દિલમાં એ રીતે પ્રવેશી ગયેલી છે કે કોઈ બીજાના માટે જગા નથી. એ સાંભળીને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જેણે અલ્લહને દોસ્ત રાખ્યો તેણે મને દોસ્ત રાખ્યો. ફર્માવ્યું કે એકવાર મેં ખ્વાબમાં ઈબ્લીસને ડંડો મારવાનો ઈરાદો કર્યો તો ગયબથી નિદા આવી કે એ ડંડાથી ડરતો નથી એ તો કેવળ મો'મિનના દિલના નૂરથી ડરે છે. જ્યારે મેં ઈબ્લીસને મારી પાસે આવવા માટે કહ્યું તો તેણે જવાબ આપ્યો કે તારિકુદુન્યા લોકો મારા ધોકામાં નથી આવી શકતા, અલ્બત્ત ! તમારી સોહબતમાં કેમ કે છોકરા રહે છે એટલા માટે કદાચ કદીક મારા ધોકામાં ફસાય જાવ.

આપના બે સાહબઝાદાઓમાંથી જ્યારે એકનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો આપે ખ્વાબમાં તેમને પૂછયું કે અલ્લાહે તમારી સાથે શું વર્તાવ કર્યો ? તેમણે કહ્યું કે તેણે મને પોતાનો કુર્બ અતા કરી આપ્યો. આપે તેમને કહ્યું કે, મને કોઈ નસીહત કરો તો તેમણે જવાબ આપ્યો કે ન તો આપ બદદિલી સાથે ખુદાની ઈબાદત

❐ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❐ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

કરો અને એક લિબાસથી બીજો લિબાસ પોતાના માટે રાખો. જેથી ત્રીસ વરસ હયાત રહેવા છતાં આપે કદી એક લિબાસથી બીજો લિબાસ ન રાખ્યો.

આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર મેં ખુદાથી કાંઈક માગવા ચાહ્યું તો નિદા આવી કે અલ્લાહથી અલ્લાહ સિવાય કાંઈ ન માગશો. ફર્માવ્યું કે એકવાર મને જંગલમાં બેહદ ભૂખ લાગી તો નફસે ખુદાથી રોજીની તલબનો તકાઝો કર્યો, પરંતું મેં જવાબ આપ્યો કે આ તવકકુલની વિરૂધ્ધ છે. પછી નફસે કહ્યું કે સબ્રની તૌફીક જ માગો. એ વખતે અલ્લાહ તઆલાએ મને આગાહ કર્યો કે અલ્લાહ પોતાના દોસ્તની નજીક હોય એટલા માટે તેનાથી કાંઈ માગવાની જરૂરત નથી. પછી ફર્માવ્યું કે સફર દરમિયાન ફાકાકશી કરતાં કરતાં જ્યારે એક મંઝિલ નજીક આવી તો મંઝિલ પર ખજૂરનો બાગ જોઈને નફસને કાંઈક સાંત્વન જેવું થઈ ગયું. પણ મેં નફસના વિરૂધ્ધમાં મંઝિલને બદલે જંગલમાં જ પડાવ નાખી દીધો. અને જ્યારે કાફલાવાળાઓમાંથી એક શખ્સ આગ્રહ કરીને મને પોતાની સાથે લઈ ગયો તો મેં તેને પૂછયું કે તમને આ ઈલ્મ કેવી રીતે થયો કે હું જંગલમાં છુપાયેલો છું ? તેણે કહ્યું, મેં ગયબથી એ નિદા સાંભળી કે ખુદાનો એક દોસ્ત રેતીમાં છુપાયેલો છે તેને તમારી સાથે લઈ આવો. ફર્માવ્યું કે મેં મુદ્દતો સુધી રાત દિવસમાં કેવળ એકવાર ખાવા ખાધું છે. પરંતુ જ્યારે રણમાં ત્રણ રાત દિવસ ખાવા ન મળ્યું તો હું કમજોરીના કારણે એક જગાએ બેસી ગયો. તે વખતે ગયબથી નિદા આવી કે ખાવાની તલબ છે કે શક્તિની ? મેં કહ્યું, શક્તિની. આવું કહેતાં જ મારામાં એવી શક્તિ પેદા થઈ ગઈ કે ખાધા વિના બાર મંઝિલો પર કરી દીધી.

ફર્માવ્યું કે એકવાર એક નવજવાન નદી કિનારે ગોદડી ઓઢીને અને શાહીનો ખડીયો લઈને મળ્યો. જેથી મેં તેની ગોદડીથી એ અંદાઝો કર્યો કે એ અલ્લાહવાળાઓમાંથી છે પણ ખડીયાથી એ ખયાલ થયો કે કદાચ કોઈ તાલિબે ઈલ્મ છે. અને જ્યારે મેં તેને સવાલ કર્યો કે ખુદાથી મળવા માટેનો કયો રસ્તો છે ? તેણે કહ્યું કે આ એક રસ્તો આમ લોકો માટે છે અને બીજો ખાસ લોકો માટે છે, પણ તમે જે રસ્તા પર ચાલો છો તે આમ લોકોનો રસ્તો છે, કેમ કે તમે ઈબાદતને વિસાલ (મિલન)નો ઝરીયો અને દોલતને આડ ખયાલ કરો છો. ફર્માવ્યું કે જંગલમાં એકવાર દસ શિકારી કૂતરાઓએ મને ઘેરી લીધો. હું એ જ જગાએ મુરાકબામાં મશગૂલ થઈ ગયો. પછી એમનામાંથી એ જ સફેદ રંગના કૂતરાએ સર્વ કૂતરાઓ પર હુમ્લો કરીને ભગાડી ચૂક્યાં અને ખુદ મારી પાસે આવીને બેઠો. પરંતુ જ્યારે હું ત્યાંથી રવાના થયો તો તે પણ થોડે દૂર મારી સાથે ચાલીને ગાયબ થઈ ગયો.

**આપના ઈર્શાદો** : અબ્બાસ મુહતદી સામે જ્યારે આપે તક્વાના વિષય પર ચર્ચા છેડી તો તેમણે કહ્યું કે, શાહી જમીન પર રહીને શાહી નહેરના પાણીનો ઉપયોગ કરીને આપને તક્વાની વાતો કરતાં શરમ નથી આવતી ?! જેથી આપે શરમથી ગરદન ઝુકાવીને ફર્માવ્યું કે ખરેખર આપ સાચુ કહો છો. ફર્માવ્યું કે ખુદાથી એટલા માટે મહોબ્બત કરો કે તે તમારી સાથે નેકી (ભલાઈ) કરે છે, અને જે ખુદાને પોતાનો મોહસિન (એહસાન કરનાર) ન જાણે તે કદી ખુદાથી મહોબ્બત નથી કરી શકતો.

ફર્માવ્યું કે અવલિયા કિરામની બરગુઝીદગી (રબના ચહીતા હોવા)ના કારણે અલ્લાહ તઆલા તેમનાથી નેક અમલોની અપેક્ષા કરે છે અને તેમને હિજાબથી બચાવીને પોતાના ઝિક્રના સિવાય કોઈનાથી સુકૂન અતા નથી કરતો અને પોતાના મહબૂબને ઝિક્રના દરવાજે થઈને વહદાનિયતના કસ્ર (મહેલ)માં પહોંચાડીને અઝમત તથા જલાલનો સાયો નાખતો રહે છે જેના પછી તે ખુદાની હિફાઝતમાં

આવી જાય છે. અને એ ખયાલ પણ ગલત છે કે મહેનત તથા કોશિશ વડે અથવા મહેનત તથા કોશિશ વિના કુર્બે ઈલાહી હાંસલ થઈ શકે છે, તેનો દારોમદાર તો કેવળ ખુદાના ફઝ્લ પર છે. ફર્માવ્યું કે ખુદાના મુશાહેદા બાદ કોઈ હિજાબ (આડ) દરમિયાનમાં બાકી નથી રહેતો. ફર્માવ્યું કે ફરાશતના નૂરથી મુશાહેદો કરનાર જાણે કે નૂરે ખુદાવંદીથી મુશાહેદો કરનાર હોય છે, અને તેના ઈલ્મનો શ્રોત કેવળ ઝાતે ઈલાહી હોય છે જેના કારણે તે ભૂલ તથા ગફલતમાં પડી નથી શકતો, બલ્કે તેના મોંથી નીકળનારી વાત હકીકતમાં ખુદાનો જ કલામ હોય છે. અને ખુદાના અમુક એવા બંદા પણ છે જેઓ એના ડરથી ચૂપચાપ ઈબાદતમાં મશગૂલ રહે છે.

ફર્માવ્યું કે મઅરેફતવાળાઓ માટે જરૂરી છે કે તેઓ ન તો ખુદા સિવાય કોઈને જુએ, ન કોઈની વાતમાં વ્યસ્ત થાય અને ન ખુદા સિવાય કોઈનાથી મશગૂલિયત અપનાવે. પછી ફર્માવ્યું, મહવે ફના થવું ફનાની નિશાની છે અને હુઝૂરી બકાની. ફર્માવ્યું કે ઝિક્ર ત્રણ રીતે કરવામાં આવે છે : એક કેવળ જીભ વડે, બીજુ દિલ તથા ઝબાન બંનેવ વડે, અને ત્રીજુ જેમાં દિલ તો ઝાકિર રહે પરંતું જીભ ગુંગી થઈ જાય પરંતું આ મકામનો ઈલ્મ ખુદા સિવાય કોઈને નથી. ફર્માવ્યું કે તૌહીદ નામ છે દરેક ચીજથી અલગ થઈને અલ્લાહ તરફ વળી જવાનું. ફર્માવ્યું કે આરિફ તે જ છે જે ખુદા સિવાય દરેક ચીજથી એ રીતે બેનિયાઝ થઈ જાય કે સર્વ ચીજો તેની મોહતાજ જોવા મળે. ફર્માવ્યું કે હકીકી કુર્બ તે છે કે ખુદા સિવાય કોઈ પણ ચીજનો દિલમાં ખયાલ ન આવે, અને જો કોઈ ચીજ સામે આવી જાય તો તેની તરફ ધ્યાનિત પણ ન થાય. ફર્માવ્યું કે ઈલ્મ તે જ છે જેના પર અમલ પણ હોય, અને યકીન તે ઉમદા છે જેમાં ફનાઈયતનો દરજો હાંસલ થઈ જાય. ફર્માવ્યું કે આરિફ રાહે મૌલામાં હમેશાં ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતો રહે છે. પરંતું જ્યારે વાસિલે ઈલલ્લાહ થઈ જાય છે તો સર્વ કાંઈ ભૂલાવી દે છે. ફર્માવ્યું કે તવક્કુલ એ રીતે ખુદા પર ભરોસો કરવાનું નામ છે જેમાં ન તો સુકૂન હોય ન સુકૂનની ગેરહાજરી. ફર્માવ્યું કે જેને પોતાના તથા ખુદાના દરમિયાન આડ હોવાવાળી ચીજ પર ગલ્બો હાંસલ ન થાય તેનો તક્વો તથા મુરાકેબા અને કશ્ફ તથા મુશાહેદો હાંસલ નથી થઈ શકતો. ફર્માવ્યું કે માલદારોનો હક્ક ફકીરોને એટલા માટે નથી પહોંચતો કે પ્રથમ તો તેમની દોસ્તી જ નાજાઈઝ હોય છે, બીજુ કે એમનો અમલ દોલતના પ્રમાણે નથી હોતો, ત્રીજુ ફકીરો ખુદ કનાઅતવાળા (થોડામાં રાજી રહેનારા) હોય છે.


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં **અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત** સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો: ૨૮

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## અયાદત સંબંધી મસાઈલ

**મસ્અલા** : મરીઝ (બીમાર)ની ખબર જોવા જવી સુન્નત છે. અને ખબર છે કે ઈયાદત માટે જશે તો બીમારીવાળાને તકલીફ થશે એવી હાલતમાં ખબર ન જોવા જાય. ઈયાદત કરવા માટે જાય અને બીમારીને વધારે જુએ તો બીમારની સામે એવું ન કહે કે તારી હાલત ખરાબ છે. અને માથુ ન હલાવે કે જેનાથી હાલત ખરાબ છે એવું સમજવામાં આવે. તેની સામે એવી વાતો કરવી જોઈએ કે તેના દિલને સારી લાગે. તેની તબિયતના બારામાં પૂછતો રહે અને તેના માથા પર હાથ ન મૂકે પરંતુ જો તે ઈચ્છતો હોય તો મૂકી શકે છે. ફાસિકની ઈયાદત પણ જાઈઝ છે કારણ કે ઈયાદત ઈસ્લામના હકોમાંથી છે અને ફાસિક પણ મુસલમાન છે. યહૂદી અને નસરાની ઝિમ્મી હોય તો એની ઈયાદત પણ જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર) મજૂસી (અગ્નિપૂજક)ની ઈયાદતમાં જાય કે ન જાય તેમાં ઓલમાનો વિવાદ છે એટલે જ્યારે એ ઝિમ્મી હોય (ઈનાયા) હિંદુ મજૂસીના હુકમમાં છે તેમના હુકમો એ જ છે જે મજૂસીઓના છે. અહલે કિતાબ જેવા તેમના હુકમો નથી. હિંદુસ્તાનના યહૂદી, નસરાની, મજૂસી, મૂર્તિપૂજા કરનારાઓમાંથી કોઈ પણ ઝિમ્મી (એટલે ગેર મુસ્લિમ જે મુસલમાનની સલ્તનતમાં રહે અને ફિદીયો આપે) નથી.

**મસ્અલા** : દવા ઈલાજ કરવો જાઈઝ છે જ્યારે એ યકીન હોય કે સારો કરનાર અલ્લાહ છે, તેણે દવાને બીમારીને દૂર કરવાનો સબબ બનાવ્યો છે. અને દવા આપનારને જ સારો કરનાર સમજતા હોય તો નાજાઈઝ. *(આલમગીરી)*

**મસ્અલા** : ઈન્સાનના કોઈ પણ અંગને દવા માટે ઉપયોગ કરવો હરામ છે. સુવ્વરના વાળ અથવા હાડકાં અથવા કોઈ અંગનો ઉપયોગ કરવો હરામ છે. બીજા જાનવરોનાં હાડકાં દવામાં વાપરી શકાય છે તે શરતની સાથે કે ઝબીહ કરેલાનાં હાડકાં હોય અથવા સૂકાયેલાં હોય કે તેમાં પાણી જેવું કઈ બાકી ન રહે. હાડકાંઓનો જો એવી દવામાં ઉપયોગ થતો હોય જેને ખાવામાં આવે તો એ જરૂરી છે કે એવાં જાનવરોનાં હાડકાં હોય જેનું ખાવું હલાલ છે અને ઝબહ પણ કરેલ હોય. મુરદારનાં હાડકાંનો ખાવામાં ઉપયોગ નથી કરી શકાતો. *(આલમગીરી)*

**મસ્અલા** : હરામ વસ્તુને દવામાં પણ ઉપયોગ કરવો નાજાઈઝ છે કે હદીષમાં ઈર્શાદ ફર્માવ્યું, જે વસ્તુઓ હરામ છે તેમાં અલ્લાહ તઆલાએ શિફા નથી રાખી. અમુક કિતાબોમાં દર્શાવેલું છે કે જો તે વસ્તુના સંબંધે જાણકારી હોય કે એમાં જ શિફા છે તે પરિસ્થિતિમાં એ વસ્તુ હરામ નથી તેનો મતલબ પણ

એ જ છે કારણ કે કોઈ પણ વસ્તુ વિશે ક્યારેય યકીનની સાથે નથી કહી શકાતુ કે તેનાથી બીમારી દૂર થઈ જ જશે, વધારેમાં વધારે તેનુ ગુમાન અથવા તેનો વિચાર કરી શકીએ છે ન કે જાણકારી અને યકીન. પોતે તિબ્બનું ઈલ્મના કાયદાઓ પણ ખયાલી છે માટે યકીન થવાની કોઈ સૂરત જ નથી. અહીંયા એવું યકીન પણ નથી થઈ શકતુ જેવું કે ભૂખ્યાને હરામ કોળિયો ખાવાથી અથવા તરસ્યાને શરાબ પીવાથી જીવ બચી જવામાં હોય છે (દુર્રે મુખ્તાર, રદુલ મોહતાર) અંગ્રેજી એવી ઘણી દવાઓ છે જેમાં ઈસ્પ્રિટ અને શરાબ મેળ વેલી હોય છે, આવી દવાઓ કયારેય ન વાપરવી જોઈએ.

**મસ્અલા** : બીમારીના સંબંધે ડોક્ટરે કહ્યું કે લોહી ખૂબ વધારે થઈ ગયું છે, હિજામા વગેરાથી ખૂન કાઢવું પડશે. દર્દીએ એવુ ન કર્યું અને મરી ગયો તો આ ઈલાજ ન કરવાના કારણે તે ગુનેહગાર નહીં થાય કારણ કે એ યકીન નથી કે આ ઈલાજથી શિફા થઈ જ જશે. *(ખાનિયા)*

**મસ્અલા** : દસ્ત (ઝાડા) આવે છે અથવા આંખો દુઃખે છે અથવા કોઈ બીજી બીમારી છે, એનો ઈલાજ ન કર્યો અને મરી ગયો તો ગુનેહગાર નથી. *(આલમગીરી)* એટલે કે ઈલાજ કરાવવો જરૂરી નથી કે જો દવા ન કરે અને મરી જાય તો ગુનેહગાર થાય. અને ભૂખ તરસમાં ખાવા પીવાની ચીજ મળી આવે અને ખાય અથવા પીએ નહીં અને મરી જાય તો ગુનેહગાર થશે કે અહીયાં યકીનથી ખબર હતી કે ખાવા પીવાથી એ વાત જતી રહેશે.

**મસ્અલા** : સ્ત્રીને હમલ (ગર્ભ) છે તો જ્યાં સુધી પેટમાં બાળક હરકત ન કરે ન ફસ્દ ખોલાવે ન (હિજામાથી લોહી ચૂંસાવે), અને બાળક હરકત કરવા લાગે તો હિજામા વગેરહ કરાવી શકે છે પરંતું જ્યારે પૈદાઈશનો જમાનો નજીક આવે તો ન કરાવે કે બાળકને નુકસાન પહોંચી જવાનો અંદેશો છે. હા ! હિજામા ન કરાવવામાં જાતે સ્ત્રીને જ સખ્ત નુકસાન પહોંચશે તો કરાવી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : મહિનાની પહેલીથી પંદર તારીખો સુધી હિજામા ન લગાવવામાં આવે પંદર પછી હિજામા કરાવે ખાસ કરીને શનિવારનો દિવસ એના માટે વધારે સારો છે.

**મસ્અલા** : શરાબથી બાહ્ય ઈલાજ કરાવવો પણ નાજાઈઝ છે દા.ત. ઝખમમાં શરાબ લગાડવી અથવા કોઈ જાનવરને ઝખમ છે તેના પર શરાબ લગાડી અથવા બાળકના ઈલાજમાં ઉપયોગ. આ સૌમાં તે ગુનેહગાર થશે જેણે તેનો વપરાશ કરાવ્યો. *(આલમગીરી)*

**મસ્અલા** : આંગળીમાં એક જાતનું ગૂમડુ નીકળે છે તેનો ઈલાજ એ રીતે કરવામાં આવે છે કે જાનવરનો પત્તો તેની આંગળીમાં બાંધી દેવામાં આવે છે, ફતવો એના પર છે કે આવુ કરવું જાઈઝ છે.

**મસ્અલા** : ઈલાજ વખતે હૂકના એટલે અમલ (એનીમા) જાજરૂ થવા આપવામાં વાંધો નથી જ્યારે કે હૂકના એવી વસ્તુનો ન હોય જે હરામ છે દા.ત. શરાબ *(હિદાયા)*

**મસ્અલા** : કેટલીક બીમારીઓમાં દર્દીને બેહોશ કરવામાં આવે છે જેથી કરીને ગોશ્ત કાપવામાં આવે અથવા હાડકું વગેરહ જોડાઈ શકે અથવા ઝખમમાં ટાંકા મારવામાં આવે આ જરૂરતથી દવાથી બેહોશ કરવું જાઈઝ છે. *(રદુલ મુહતાર)*

**મસ્અલા** : હૂકના (એનીમા) આપવામાં ઘણી વખત તે જગ્યાની તરફ નજર કરવાની સ્પર્શ કરવાની વારી આવે છે તો જરૂરતના કારણે એવું કરવું જાઈઝ છે. (ઝયલઈ)

**મસ્અલા** : ગર્ભ પડાવવા માટે દવાનો વપરાશ કરવો અથવા દાયણથી હમલ કઢાવવો મના છે. બાળકની સૂરત બની હોય અથવા ન બની હોય, બંનેવનો એક જ હુકમ છે. હા ! જો જરૂરત હોય દા.ત. સ્ત્રીને નાનું બાળક છે અને બાપની પાસે એટલું નથી કે દાયણ નક્કી કરે અથવા દાઈયણો નથી મળતી હોતી અને હમલથી દૂધ સૂકાઈ જશે અને બાઈકનું મૃત્યુ થવાનો અંદેશો છે તો આ મજબૂરીથી હમલ કઢાવી શકાય છે તે શરતની સાથે કે તેના અંગો ન બન્યાં હોય અને તેની મુદત ૧૨૦ દિવસ છે. *(રદુલ મુહતાર)* –*(ક્રમશ)*

મસ્અલા 9

# વસીલો તથા પોકારવું

## હદીષોની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**હદીષ-૮** : "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે (એકવાર) નબી કરીમ ﷺના યુગમાં લોકો પર દુકાળ પડયો તો જુમ્આના દિવસે જ્યારે નબી ﷺ ખુત્બો આપી રહ્યા હતા. એક ગામડાવાસી ઉભો થઈ ગયો અને અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! માલ ખતમ થઈ ગયો અને બાળકો ફાકા કરી રહ્યાં છે, તો આપ અમારા માટે અલ્લાહથી (વરસાદની) દુઆ કરો. આપે આપના બંને હાથ ઉઠાવ્યા. એ વખતે આસ્માનમાં એક ટુકડો પણ વાદળનો દેખતો ન હતો, પણ કસમ એ ઝાતે પાકની જેના હાથમાં મારી જાન છે ! અલ્લાહના રસૂલ ﷺ પોતાના હાથોને સમેટવા પામ્યા ન હતા એવામાં વાદળ પહાડોની તરફ છવાઈ ગયું, અને હજી આપ આપના મિમ્બર પરથી ઉતર્યા પણ ન હતા એવામાં મેં વરસાદનું પાણી આપની દાઢી મુબારક પર ટપકતાં જોયું. એ વરસાદ દિવસભર પડતો રહ્યો, પછી બીજા, ત્રીજા અને ચોથા દિવસે ચાલુ રહ્યો, ત્યાં સુધી કે બીજી જુમ્આ સુધી વરસતો રહ્યો.

તો એ જ ગામડાવાસી અથવા (હઝરત અનસ رضی اللہ عنہએ) ફર્માવ્યું કે, (કોઈ) બીજો (માણસ ખુત્બાના સમયે) ફરી ઉભો થઈ ગયો અને તેણે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! (વરસાદની અતિવૃષ્ટિથી) મકાન પડી ગયાં અને માલ ડૂબી ગયા. હુઝૂર ! આપ અલ્લાહ તઆલાથી અમારા માટે દુઆ ફર્માવો ! તો આપે આપના બંને હાથ ઉપર ઉઠાવ્યા અને અર્ઝ કરી : હે અલ્લાહ ! અમારી આસપાસ મેહ વરસાવ અને અમારા પર ન વરસાવ."

પછી હુઝૂર ﷺ વાદળના જે ટુકડાની તરફ ઈશારો કરતા તે હટી જતો અને આખુ મદીના (વાદળ થી સાફ થઈને) હોજના જેવું બની ગયું અને કનાત નામનું નાળુ એક મહીના સુધી વહેતુ રહ્યું, અને જે શખ્સ પણ કોઈ તરફથી આવતો તે મૂશળધાર વરસાદની ખબર આપતો. *(સહીહ બુખારી, ૧/૧૨૭, કિતાબુલ જુમ્આ, બાબુલ ઈસ્તિસ્કાઅ્ ફી અલ ખુત્બતિ યૌમિલ જુમ્આ, મજલિસે બરકત, સહીહ મુસ્લિમ, ૧/૨૯૪, કિતાબુ સલાતિલ ઈસ્તિસ્કાઅ્ મજલિસે બરકાત)*

આ હદીષમાં એ વર્ણન છે કે એક અઅ્રાબી (ગામડાવાસી) સહાબીએ બે વાર હુઝૂર જાને રહમત ﷺની બારગાહમાં વિનવણી કરતાં અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ માલ તબાહ થઈ ગયો, ઘરો પડી ગયાં, આપ અમારા માટે દુઆ કરો."

જેનાથી સાબિત થાય છે કે, "યા રસૂલલ્લાહ !" કહેવું અને આપની જાતને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવવો જાઈઝ છે. દુઆ તો તે સહાબી પણ કરી શકતા હતા, પણ હુઝૂરની પાસે ગયા કે જેથી આપની ઝાત શરીફને બારગાહે ઈલાહીમાં દુઆ માટે વસીલો બનાવે.

અહીં વસીલો ઝાતે રિસાલતને જ બનાવવામાં આવ્યો છે અને દુઆની દરખાસ્ત પણ હુઝૂરને જ કરવામાં આવી છે. જો આ બાબતો સરકાર ﷺના વિસાલ બાદ શિર્ક હોત તો સરકારે અકદસ ﷺ તેને પોતાની જાહેરી હયાતમાં જ તરત જ મના કરી આપતા કેમ કે **જે ચીજ શિર્ક હોય છે તે કદી માફ નથી થતી, ન હયાતમાં ન વફાત બાદ.** એટલા માટે અહીં જાહેરી હયાતની સાથે જાઈઝ

હોવાને ખાસ કરવું નિરર્થક છે. કુર્આને કરીમમાં મુત્લક્ન ફર્માવવામાં આવ્યું :

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

"અલ્લાહ શિર્કને નથી બખ્શતો અને તેનાથી નાના ગુનાહોને જેના માટે ચાહે માફ કરી આપે છે."

*(સૂ. નિસાઅ, ૪/૪૮)*

## ★ હદીષો થકી નિદા (પોકારવા)ની સાબિતી ★

હુઝૂર સૈયદે આલમ ﷺને આપની જાહેરી હયાતમાં "યા રસૂલલ્લાહ !" અથવા તેના સમાનઅર્થી શબ્દથી પોકારવાની સાક્ષીઓ સહીહૈન (સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)માં, સહીહૈન તથા અન્ય હદીષની કિતાબોમાં ઘણી છે. અમે અહીં અમુક પસંદ કરી રજૂ કરીએ છીએ.

**હદીષ-૯ :** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે : અમે નબી કરીમ ﷺની ઈક્તેદામાં નમાઝ પઢતા તો કહેતા : السَّلَامُ عَلَى اللّٰهِ. السَّلَامُ عَلٰى فَلَان "અલ્લાહ પર સલામ થાય, ફલાણા પર સલામ થાય." તો એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ અમને ફર્માવ્યું : અલ્લાહ તો ખુદ સલામ કરે છે, જ્યારે તમારામાંથી કોઈ નમાઝના કાઈદામાં બેસે તો કહે :

التَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ السَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ السَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ.

"અલ્લાહના માટે સર્વ તહિય્યાત (પાકી), નમાઝો તથા પાકીઝા કલમા છે. હે નબી ! આપના પર સલામ થાય અને અલ્લાહની રહમત તથા બરકતો થાય. અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ થાય."

નમાઝી જયારે આ કલમો سَلَامٌ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ કહેશે તો જમીન તથા આસ્માનના દરેક સાલેહ બંદાને સલામ પહોંચી જશે. (ત્યાર બાદ આ પઢે) :

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ

"હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે હુઝૂર મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે." પછી જે દુઆ ચાહે અપનાવે.

આ હદીષ સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમની છે, તથા અન્ય સિહાહની કિતાબોમાં પણ મુહદ્દિષોએ એની તખરીજ કરી છે, અને એના પર ચારેવ મઝહબના ઈમામોનો તેમજ તેમના મુક્લ્લિદો, તેમજ સલફે સાલિહીનનો અમલ રહ્યો છે. નબવી ઈર્શાદ પ્રમાણે આ તશહ્હુદ (અત્તહિય્યાત) ખાસ નમાઝમાં જ પઢવામાં આવે છે, જેમાં હુઝૂર સૈયદુલ અંબિયા ﷺની બારગાહમાં સલામ મોકલવાની કલમા આવેલા છે :–

السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ "સલામ થાય આપના પર હે નબી ! અને અલ્લાહની રહમત અને બરકતો."

વળી આ તશહ્હુદ પઢવાનો હુકમ હુઝૂરે અક્દસ ﷺની જાહેરી હયાતમાં પણ હતો અને આજે પણ છે અને ક્યામત સુધી રહેશ.

જેથી આ હદીષથી સ્પષ્ટપણે સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺને أَيُّهَا النَّبِيُّ અને یانبی **(યા નબી !) કહીને પુકારવું મુત્લક્ન (કોઈ શર્ત વિના) જાઈઝ છે. નમાઝમાં પણ અને નમાઝ બહાર પણ, આપની જાહેરી હયાતમાં પણ અને બાદમાં પણ.**

અહીંથી "યા રસૂલલ્લાહ !" તથા "યા નબીયલ્લાહ"નું જાઈઝ હોવું પણ સાબિત થાય છે.

**જો આ નિદા (પોકારવું) શિર્ક હોત તો હુઝૂરે અક્દસ ﷺ કદાપિ કદાપિ એની તાલીમ ન આપત, ન ઉમ્મત એના પર અમલ કરતી થાત. પણ અફસોસ કે વહાબી એને શિર્ક ઠરાવી દે છે, જે સહીહૈનથી ઉઘાડા છોગે ભાગવું છે.**

**હદીષ-૧૦ :** "ઈબ્ને શિહાબ ઝુહરીથી રિવાયત છે. તેમણે કહ્યું, મને અબૂ સલમાએ બતાવ્યું કે હઝરત આઈશા નબી પાક ﷺનાં બીવીએ તેમને બતાવ્યું કે હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ (હુઝૂર ﷺના વિસાલ બાદ) પોતાના રહેવાની જગા "સુન્હ" સ્થળેથી ઘોડા પર સવાર થઈને તશરીફ લાવ્યા, ત્યાં સુધી કે ઘોડા પરથી ઉતર્યા તો મસ્જિદમાં પ્રવેશ્યા કોઈની સાથે વાત ન કરી. ત્યારબાદ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની પાસે પહોંચ્યા. પછી નબી ﷺની ઝિયારતના ઈરાદાથી બારગાહમાં હાજર થયા. આપને યમની ચાદર ઓઢાડવામાં આવી હતી. આપના ચહેરેથી ચાદર ઉઠાવી પછી આપના પર ઝુકયા અને આપના ચહેરાને બોસો આપ્યો પછી રડયા અને અર્ઝ કરી : **હે અલ્લાહના નબી ! આપના પર મારાં માબાપ ફિદા થાય !** અલ્લાહ આપના પર બે મૌતોને જમા નહીં કરે, જે મૌત આપના માટે મુક્દ્દર હતી તે આવી ચૂકી. *(સહીહ બુખારી, ૧/૧૨૭, કિતાબુલ જુમ્આ, મજલિસે બરકાત)*

આ હદીષમાં ચોખવટ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ હુઝૂર રહમતે આલમ ﷺના વિસાલે અક્દસ બાદ "યા નબીયલ્લાહ !" કહીને આપને સંબોધન કર્યું, જેનાથી વિસાલ બાદ "યા રસૂલલ્લાહ !" "યા નબીયલ્લાહ !" કહેવાનું જાઈઝ હોવું સાબિત થાય છે.

અને એવું કહેવું કે, **"નજીકથી પોકારવું જાઈઝ છે અને દૂરથી પોકારવું શિર્ક છે" તદ્દન પાયાહિન વાત છે. શિર્ક કદી અને કોઈ હાલતમાં માફ તથા મુબાહ નથી,** એટલા માટે કરીબો બઈદ, દૂર તથા નજીક સૌના હુકમ સમાન રહેશે. નજીકથી પોકારવું શિર્ક નથી તો દૂરથી પોકારવું પણ શિર્ક ન થશે.

## ★ રિજાલુલ ગયબ (ગયબી બંદાઓ)થી મદદ માગવી તથા પોકારવું ★

રિજાલુલ ગયબ નજરોથી ઓજલ હોય છે પણ અલ્લાહના ઈઝ્ન (હુકમ, અનુમતિ)થી તેઓ પોકારનારાઓની પોકાર સાંભળે છે અને તેમની મદદ કરે છે. નબવી હદીષોથી એની સાબિતી મળે છે. અમે અહીં અમારા સુન્ની ભાઈઓના માટે બે હદીષોથી એની સાબિતી મળે છે. અમે અહીં અમારા સુન્ની ભાઈઓના માટે બે હદીષો નક્લ કરીએ છીએ :

**હદીષ-૧૧ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જંગલમાં જ્યારે તમારામાંથી કોઈનું જાનવર ભાગી જાય તો તે પુકારે "હે અલ્લાહના બંદાઓ ! એને મારા માટે રોકો ! હે અલ્લાહના બંદાઓ ! એને મારા માટે રોકો !" કેમ કે જમીનમાં અલ્લાહનો કોઈ બંદો હાજર હોય છે જે એને તમારા માટે જલ્દી રોકી દેશે. *(અલ મોઅજમુલ કબીર બિત્તબરાની, ૧૦/૨૬૭, હદીષ નં. ૧૦૫૧૮, કાહિરા. મુસ્નદે અબી યઅ્લા, ૯/૧૭૭, હદીષ નં. ૫૨૬૯, દારુલ મામૂનુત્તિરાષ, બૈરૂત)*

**હદીષ-૧૨ :** હઝરત ઉત્બા બિન ગઝવાન નબી ﷺથી રિવાયત કરે છે કે આપે ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈની કોઈ ચીજ ખોવાય જાય અથવા તે કોઈ મદદ ચાહે અને તેવી ભૂમીમાં હોય જ્યાં કોઈ અનીસ (દોસ્ત) કે ગમખ્વાર ન હોય તો તે આ રીતે પુકારે, "હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો !" કેમ કે (ત્યાં) અલ્લાહના કેટલાક એવા બંદાઓ (મૌજૂદ હોય) છે જેમને આપણે નથી જોઈ શકતા. (ઉત્બા કહે છે કે) એનો અનુભવ વધુ પેજ 07 પર..

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન
ત્રીજી સદીના મુજદ્દિદ ૫

# હઝરત અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તિબરી رضی اللہ عنہ

**(હિ.સ. ૨૨૪ થી ૩૧૦)**

*(કાર્યાલય)*

**નામ તથા વંશવેલો** : નામ મુબારક મુહમ્મદ, **કુન્નિયત** : અબૂ જઅફર અને પિતાનું નામ જરીર છે. ખતીબ બગદાદીના કૌલ પ્રમાણે વંશવેલો આ પ્રમાણે છે : મુહમ્મદ બિજ જરીર બિન યઝીદ બિન કષર બિન ગાલિબ તિબરી. *(તારીખે બગદાદ, ખતીબ બગદાદી, ૨/૧૫૯, પ્રકાશક : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત–લબનાન)*

**જન્મ મુબારક** : આપ તિબ્રિસ્તાન રાજ્યના આમલ સ્થળે હિ. ૨૨૪ના અંતમાં અથવા હિ.સ. ૨૨૫ના શરૂમાં પેદા થયા. *(મોઅજમુલ અદબા, અલ્લામા યાકૂત હમ્વી, ૧૮/૪૦, દારુલ અહયાઉતરાષ અરબી)*

**ઈલ્મ પ્રાપ્તિ** : આપે બાળપણના દિવસોથી જ ઈલ્મ પ્રાપ્તિ તરફ ધ્યાન કર્યું અને કેવળ સાત વારસની ઉમરમાં હિફ્ઝે કુર્આનની સઆદતથી સરફરાઝ થયા. પોતાના વતનમાં પ્રાથમિક તાલીમ હાંસલ કર્યા બાદ "રય" તશરીફ લઈ ગયા અને ત્યાંના ઉલમાથી ફયઝ હાંસલ કર્યો. ઈલ્મ પ્રાપ્તિના બારામાં આપની મહેનત તથા કોશિશનો એ આલમ હતો કે અહમદ બિન હમ્માદ દૂલાબી જે રયની આસપાસમાં આવેલ વસ્તીમાં રહેતા હતા. આપ તેમની મજલિસમાં શરીક થતા અને ત્યાં દર્સ ખત્મ થયા બાદ ત્યાંથી ખૂબ જ ઝડપભેર "રય" આવતા કે જેથી અહીંથી ઉલમા તથા મશાઈખની બારગાહમાં હાજર થઈ શકે. *(મસ્દરે સાબિક઼, તલ્ખીસ, પેજ–૪૦ થી ૫૦)*

ત્યારબાદ બગદાદ તશરીફ લઈ ગયા. અહીં આવવાનો મક઼સદ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہથી ઈલ્મે હદીષ શીખવાનો હતો. પરંતુ આપના પહોંચવાના પહેલાં જ ઈમામ અહમદ ઈબ્ને હંબલ હિ.સ. ૨૪૧માં વફાત પામી ચૂક્યા હતા. પછી આપે બસરા, કૂફા, મિસર અને શામનો સફર કર્યો અને દરેક જગાએ ઉલમા તથા મુહદ્દિષોની બારગાહમાં ઈલ્મ પ્રાપ્તિ માટે હાજરી આપી, પછી બગદાદ શરીફ આવ્યા અને તિબ્રસ્તાનની બે સફરો સિવાય આખી જિંદગી બગદાદમાં જ પૂર્ણ કરી.

આપનાથી જ નકલ થયેલ છે કે વાલિદે ગિરામી ખર્ચો મોકલ્યા કરતા હતા અને એકાગ્રતાપૂર્વક એકચિત્તે ઈલ્મ હાંસલ કરતો રહેતો. એકવાર વાલિદે ગિરામી તરફથી ખર્ચ આવવામાં મોડુ થઈ ગયું તો મેં મજબૂર થઈને પોતાની કમીસની બંને બાંયો વેચી દીધી. *(મસ્દરે સાબિક઼, તલ્ખીસ, પેજ–૪૦ થી ૫૦)*

**ઈલ્મો ફઝ્લ અને તક઼્વો** : આપનો દામન ઈલ્મો ફઝ્લ અને તક઼્વા તથા તહારતના અમૂલ્ય જવાહિરાતથી માલામાલ હતો. આપની ફઝીલતનો સ્વીકાર સમકાલિન અને બાદના ઉલમા તથા મુહદ્દિષોએ કર્યો છે.

**ઈમામ ઝહબી ફર્માવે છે** : "આપ ષિક઼હ, હાફિઝ, ઈલ્મે તફસીરમાં મરજઅ, ફિક઼્હ, ઈજમાઅ અને ઈખ્તેલાફના ઈમામ, ઈલ્મે તારીખ અને ઐયામુન્નાસના આલિમ અને ઈલ્મે ક઼િરાઅત તથા ઈલ્મે લુગત વગેરેથી વાકેફ હતા." *(સિયરુલ અઅ્લામુન્નબલા, ૧૧/૨૯૩, પ્રકાશક : દારુલ ફિક્ર)*

**ખતીબ બગદાદીએ ફર્માવ્યું** : "અલ્લામા ઈબ્ને જરીર એક એવા ઈમામ હતા જેમના ફતવા પર અમલ કરવામાં આવતો હતો. ઈલ્મો ફઝ્લના

આધાર પર તેમની રાયની તરફ રુજૂઅ કરવામાં આવતુ હતું. આપ એ ઈલ્મોના સમૂહ હતા જેમાં આપનો કોઈ સમકાલિન ભાગીદાર કે બરાબરીયો ન હતો. આપ કિતાબુલ્લાહના હાફિઝ, કિ઼રાઅતથી વાકેફ, તેના અર્થોથી માહિતગાર, અને કુર્આની હુકમોને સમજનારા હતા. રસૂલ ﷺની હદીષો, તેની સહીહ ઝઈફ અસ્નાદો અને નાસિખ તથા મન્સૂખના આલિમ હતા. સહાબા તથા તાબઈનના કથનોના જાણકાર અને લોકોના બનાવો અને તેમના હાલાતથી બાખબર હતા." *(તારીખે બગદાદ, ૨/૧૬૧)*

**હાફિઝ ઝહબી ફર્માવે છે** : "ઈમામ સાહબના એટલા ફઝાઈલ તથા ખૂબીઓ છે કે જો હું ચાહું તો તેમની સીરત (જીવન ચરિત્ર) પર વીસ પાનાંઓ લખી શકું છું." *(સીરતે અઅ્‌લામુન્નબ્લા, ૧૧/૨૯૩, પ્રકાશક : દારુલ ફિક્ર)*

આપને વિવિધ ઈલ્મો વિદ્યાઓ (ફુનૂન)માં એટલા પ્રમાણમાં મહારત હતી કે કુર્આન પઢવા લાગતા તો એવું લાગતું કે આપ કેવળ કા઼રી છે. રિવાયત થયેલ છે કે રમઝાનની કોઈ આખરી રાતમાં અબૂ અલી તૂમારી, અબૂબક્ર બિન મુજાહિદની સાથે તરાવીહ માટે ચિરાગ લઈને જઈ રહ્યા હતા. ઈબ્ને મુજાહિદ મુહમ્મદ બિન જરીર તિબરીની મસ્જિદની સામે ઉભા થઈ ગયા. આપ સૂરએ રહમાનની તિલાવત કરી રહ્યા હતા. ઘણીવાર સુધી તેમની કિ઼રાઅતથી લુત્ફ ઉઠાવ્યો. રસ્તામાં અબૂ અલી તૂમારીએ પૂછયું કે આપે લોકોને તમારી રાહ જોતા રાખ્યા અને ખુદ કિ઼રાઅત સાંભળતા રહ્યા ? ઈબ્ને મુજાહિદે કહ્યું કે તમને શું ખબર ? આવા ખુશ ઈલ્હાન કા઼રી પૃથ્વીના પટ પર નથી મળતા.

*(તારીખે બગદાદ, ૨/૧૬૪)*

હદીષ બયાન કરવા માંડતા તો એવું લાગતુ કે ફક્ત મુહદ્દિષ છે. ફિક઼્હી મસાઈલ બયાન કરવા લાગતા તો એવું લાગતું કે કેવળ ફકી઼હ છે. ઈલ્મે નહ્‌વમાં વાત કરતા તો એવું જણાતું કે કેવળ નહ્‌વના જ જાણનાર છે. એનાથી અધિક એ કે મંતિક, ફિલોસોફી, બીજ ગણિત (જબ્રો મુકાબલા), અદલો ઉરૂઝ અને શેઅરો શાયરીમાં પણ કમાલની મહારત હાંસલ હતી. *(મોઅજમુલ અદિબ્બા, ૧૮/૬૧)*

ઝોહદ તથા તક઼્વો, ખુશૂઅ તથા ખુઝૂઅ, અમાનત તથા સદાક઼ત, ખુલૂસ તથા લિલ્લાહિયત અને સાચી નિય્યત જેવી અસંખ્ય ખૂબીઓ આપનામાં મૌજૂદ હતી. *(મોઅજમુલ અદિબ્બા, ૧૮/૬૦)*

**આપના શયખો** : આપે જે ઝોક તથા શોખ સાથે વિવિધ શહેરો તથા મોટાં મોટાં નગરોના જે શયખો તથા ઉસ્તાદોની બારગાહમાં હાજરી આપી વિના શંકાએ એની સંખ્યા ઘણી હશે. અહીં કેટલાક મશહૂર નામવર ઉસ્તાદોનાં મુબારક નામો લખવામાં આવે છે :

(૧) મુહમ્મદ બિન અબ્દુલમલિક બિન અબી શવારિબ (૨) ઈસ્હાક઼ બિન ઈસ્રાઈલ (૩) અહમદ બિન મુનીઅ બગવી (૪) અબૂ હમ્મામ વલીદ બિન શુજાઅ (૫) યાકૂબ બિન ઈબ્રાહીમ દવરૂકી (૬) અબૂ સઈદ અશજઅ (૭) ઉમર બિન અલી (૮) મુહમ્મદ બિન બશાર (૯) મુહમ્મદ બિન મષની (૧૦) અહમદ બિન હમ્માદ દુલાબી *(તારીખે બગદાદ, ૨/૧૬૦)*

**આપના શાગિર્દો** : અલ્લામા ઈબ્ને જરીર તિબરીએ ઈલ્મો ફનમાં જે મશહૂર કમાલ હાંસલ કર્યો હતો એનો તકાઝો હતો કે દુનિયા તેમની આસપાસ જમા થઈને પોતાના દામનને ઈલ્મના મોતીઓથી ભરે, જેમ કે એવું જ થયું. આપના ઈલ્મના ઝરણાથી હજારો ઈલ્મ પિપાસુઓએ પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવી. અમુક મહત્વના શાગિર્દોનાં નામ આ પ્રમાણે છે :

**(૧)** અબૂ શોએબ અબ્દુલ્લાહ બિન હસન

મર્રાકી (એ ઉમરમાં આપનાથી મોટા હતા) (૨) અબુલ કાસિમ તિબરાની (૩) અહમદ બિન કામિલ કાઝી (૪) અબૂબકર શાફઈ (૫) કાઝી અબૂ મુહમ્મદ બિન ઝુબેર (૬) અબૂ અહમદ બિન અદી (૭) મુખલ્લદ બિન જઅફર (૮) અહમદ બિન કાસિમ હિશાબ (૯) મુહમ્મદ બિન અહમદ હમ્દાન (૧૦) અહમદ બિન અલી કાતિબ (૧૧) ઈબ્ને અબ્દુલ્લાહ અઝીની (૧૨) મુહમ્મદ બિન હસન શયબાની (૧૩) મુઅલ્લા બિન સઈદ. *(મસ્દર સાબિક)*

**ઈલ્મો ફન (વિદ્યા)માં વિશિષ્ટ મકામ :** તફસીર, ફિકહ, હદીષ અને ઈતિહાસ (તારીખ)માં ઈમામનો દરજો ધરાવતા હતા. *(દફયાતુલ અઅયાન, ૨/૨૩૫)*

જ્યારે આપે તફસીરનો ઈરાદો કર્યો તો પોતાના શાગિર્દોને પૂછયું કે, શું તમને કુર્આનની તફસીરથી દિલચસ્પી છે ? તેમણે કહ્યું, તેની જાડાઈ કેટલા પ્રમાણમાં હશે ? ફર્માવ્યું, ત્રીસ હજાર પેજીસ ! કહેવા લાગ્યા, એવી તફસીર પઢતાં પઢતાં ઉમર ખત્મ થઈ જશે ! તો આપે તેને ત્રણ હજાર પેજીસમાં ટૂંકાવી નાખી.

*(તારીખે બગદાદ, ૨/૧૬૧)*

**અબૂ હામિદ અસ્ફરાઈનીએ કહ્યું :** "જો કોઈ શખ્સને અલ્લામા ઈબ્ને જરીરની તફસીર હાંસલ કરવાના માટે ચીન સુધી સફર કરવો પડે તો તેના માટે આ સફર લાંબો નથી." *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૨૫૨)*

ઈમામ નવવીએ ફર્માવ્યું કે આ બાબત પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે કે તફસીર ઈબ્ને જરીર જેવી કોઈ કિતાબ લખવામાં નથી આવી.

*(અલ ઈત્કાન, ૨/૧૯૦)*

**ફિકહ તથા ઈજતેહાદ :** ઈમામ તિબરી ઉચ્ચ કક્ષાના ફકીહ અને મુત્લક મુજતહિદ હતા. દફયાતુલ અઅયાનમાં છે : "આપ મુજતહિદ ઈમામોમાંથી હતા, કોઈની તકલીદ કરતા ન હતા."

આપે ઈલ્મ પ્રાપ્તિ દરમિયાન વિવિધ મકાતિબે ફિકહના ઉલમાથી ફિકહ હાંસલ કર્યો. પ્રારંભમાં તે ઈમામ શાફઈના મુકલ્લિદ હતા અને એ જ ફિકહના પ્રમાણે દસ વરસો સુધી ફતવા આપતા રહ્યા, બાદમાં અલગ મકતબે ફિકહના બાની બની ગયા અને પોતાનો અલગ ફિકહી દબિસ્તાન (School of thought) સ્થાપ્યું. આ મઝહબને માનવાવાળા જરીરિયા કહેવાતા હતા. એમનો મઝહબ પાંચમી સદી હિજરી સુધી ચાલતો રહ્યો. ફિકહમાં આપની નીચે પ્રમાણેની કિતાબો છે :

ઈખ્તિલાફિલ ઉલમા અલ અમ્સાર ફી અહકામિ શરાએઉલ ઈસ્લામ, લતીફુલ કૌલ ફી અહકામિ શરાએઉલ ઈસ્લામ, કિતાબ બસીતુલ કૌલ ફી અહકામિ શરાએઉલ ઈસ્લામ.

*(મોઅજમુલ ઉદબા, ૧૮/૭૧,૭૨,૭૫)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજજ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૧૦૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી*

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૯)**

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُلِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

### ★ સૂફીઓના મામલાઓ ★

**(૧)** હઝરત અબૂ હફસ હદ્દાદ નીશાપૂરી رحمۃ اللہ علیہ સૂફિયાએ કિરામના મામલાઓના અનુસંધાનમાં ફર્માવે છે કે : તસવ્વુફ સરાસર અદબ છે. દરેક સમય, દરેક સ્થળ અને દરેક હાલના માટે નિશ્ચિત આદાબ (નિયમો) તથા હુકમો છે. જેણે એ આદાબની પાબંદીને તેના સમયોમાં લાઝિમ રાખ્યા તે મર્દાને ખુદાના દરજા પર બિરાજમાન થઈ ગયો, અને એ આદાબ (નિયમો)ની પાબંદીને ધ્યાનમાં ન લીધા અને તેને બેકાર કરી દીધા તે હક઼્ક઼ના કુ઼ર્બના ખયાલ અને હક઼્ક઼ને ક઼બૂલ કરવાના ગુમાનથી મેહરૂમ રહીને મરદૂદ બની ગયો. એ જ અર્થમાં છે :

**(૨)** હઝરત અબુલ હસન رحمۃ اللہ علیہનો ઈર્શાદ છે : لَیْسَ التَّصَوُّفُ رُسُوْمًا وَلَا عُلُوْمًا وَلٰکِنَّہٗ اَخْلَاق ''રસમ તથા ઈલ્મનું નામ તસવ્વુફ નથી બલ્કે વસ્ફ (ગુણ) તથા અખ્લાક઼નું નામ છે. મતલબ એ છે કે જો રસ્મનું નામ તસવ્વુફ હોત તો રિયાઝત તથા મુજાહિદાથી હાંસલ થઈ જાય, અને જો ઈલ્મનું નામ તસવ્વુફ હોત તો તાલીમથી પરિપૂર્ણતા કરવામાં આવી શકતી પણ આ તો સરાપા અખ્લાક઼ છે ત્યાં સુધી કે એનો હુકમ પોતાની હસ્તીમાં લાગુ ન કરો અને તેના મામલાઓને પોતાના વજૂદમાં લાગુ ન કરો, અને તેના ઈન્સાફને પોતાના ઉપર લાગુ ન કરો તો કદાપિ તસવ્વુફ હાંસલ ન થશે.

### ★ રસમ તથા અખ્લાક઼નો તફાવત ★

રસમો તથા અખ્લાક઼ના વચ્ચે ફરક એ છે કે રસ્મ ફેઅલ (કૃત્ય) છે જે તકલીફ તથા મહેનત અને સબબો તથા ઝરીયાઓથી હાંસલ થઈ જાય છે. દા.ત. એવો અમલ જે બાતિન (અંતર)થી વિરૂધ્ધ જાહેરી તૌર પર કરવામાં આવે અને તે ફેઅલ તથા અમલ બાતિની અર્થથી ખાલી હોય. અને અખ્લાક઼

એવો ફેઅલે મહમૂદ (પસંદીદા કાર્ય) છે જે તકલીફ તથા મહોબ્બત વિના અને સબબો તથા ઝરીયાઓ વિના બાતિનના જેમ જાહેરમાં કરવામાં આવે અને તે દાવાથી ખાલી હોય.

## ★ સારી ખાસિયતો ★

**(૩)** હઝરત મરતઅશ رحمۃ اللہ علیہ ફર્માવે છે : التصوف حسن الخلق "નેક ખસાઈલ (સારી ખાસિયતો)નું નામ તસવ્વુફ છે. એના ત્રણ પ્રકારો છે : (૧) એક એ કે હક્ક તઆલાના અવામિર તથા નવાહી (કરવાના હુકમો તથા મનાઈના હુકમો)ને સમઅ તથા રિયા વિના અદા કરવામાં આવે. (૨) એ કે મોટાઓની ઈજ્જત તથા તાઝીમ અને નાનાઓ પર પ્રેમભાવ તથા મહેરબાની, અને બરાબરવાળાઓ સાથે હક્ક તથા ઈન્સાફ પર કાયમ રહીને કોઈ એવઝ કે બદલાનો તલબગાર ન બને. (૩) એ કે ત્રીજો પ્રકાર પોતાની જાતથી સંબંધિત છે તે એ કે તે નફ્સ તથા શૈતાનનું અનુસરણ ન કરે.

જેણે પોતાની જાતને આ ત્રણેવ ખાસિયતોથી સજ્જ કરી લીધી તે સર્વ નેક ખાસિયતોનો આદી બની ગયો. આ ખાસિયતો આ હદીષથી માખૂઝ છે જે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا મરવી છે. તેમને કોઈએ અર્ઝ કર્યું કે અમને રસૂલુલ્લાહ ﷺના અખ્લાકે શરીફાની તાલીમ ફર્માવો. આપે ફર્માવ્યું કે કુર્આને કરીમ પઢો, અલ્લાહ તઆલાએ તેમાં આપના પવિત્ર અખ્લાક વર્ણવ્યા છે. આ દલીલ પ્રથમ પ્રકારની છે. પરંતુ બીજા અને ત્રીજા પ્રકારની દલીલ એ છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું,

خُذِ الْعَفْوَ وَاْمُرْ بِالْعُرْفِ وَاَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ ﴿۱۹۹﴾

"હે મહબૂબ ! માફ કરવાનું અખત્યાર કરો અને ભલાઈનો હુકમ આપો અને જાહિલોથી મોં ફેરવી લો." *(સૂ. અઅ્રાફ, ૭/૧૯૯)*

હઝરત મરતઅશ ફર્માવે છે : هٰذَا مَذْهَبٌ كُلُّهٗ جِدٌّ فَلَا تُخَالِطُوْهُ بِشَيْءٍ مِّنَ الْهَزْلِ "આ નિખરેલી તસવ્વુફની રાહ છે, એમાં તદ્દન ભેળસેળ ન કરો અને નકલી સૂફીઓના મામલાઓને ન મિલાવો અને રસમોના પાબંદ લોકોથી બચો."

જ્યારે જમાનાના દુનિયાદાર લોકોએ જોયું કે નકલી સૂફી પગો પર નાચતા, ગીતો સાંભળતા અને બાદશાહોના દરબારોમાં જઈને તેમનાથી માલ સંપત્તિની પ્રાપ્તિમાં લોભ લાલચનું પ્રદર્શન કરે છે, દરબારી જુએ છે તે તેઓ તેમનાથી નફરત કરે છે અને સર્વ સૂફીઓને એવા જ સમજીને સૌને બુરા કહેવા લાગે છે કે એમના આવા જ તૌર તરીકા હોય છે અને પાછલા સૂફીઓનો હાલ પણ આવો જ રહેતો હતો ! જ્યારે કે તે હઝરાત આવી બેકારની વાતોથી પાક તથા સાફ હતા, તેઓ એના પર વિચારણા તથા સંશોધન કરતા. આ જમાનો દીનમાં સુસ્તી તથા ગફલતનો છે.

વિના શંકાએ જ્યારે બાદશાહ તથા હાકિમો પર લાલચનો ગલ્બો (પ્રભાવ) થાય છે તો તે તેને જુલ્મો સિતમ માટે તૈયાર કરી દે છે અને જમાનાના લોકો લાલચ તથા નાફર્માની અને ઝિના તથા ગુનાહોમાં સપડાય જાય છે. રિયાકારી ઝાહિદને નિફાકમાં ઝોંકી દે છે અને નફસાની વાસનાઓ સૂફીને પગો પર કૂદાવે છે અને ગીતો સાંભળવા પર ઉભારે છે. ખબરદાર ! હોશિયાર ! તરીકતના જૂઠા દાવેદારો જ તબાહ થાય છે ન કે અસલ તરીકત. સારી રીતે યાદ રાખો કે જો ઠઠ્ઠાબાજો (મજાકિયાઓ)ની જમાઅત પોતાના ઠઠ્ઠાપણાને બુઝુર્ગોની રિયાઝત તથા મુજાહિદાની અંદર હજારવાર છુપાવી રાખે તો બુઝુર્ગોની રિયાઝત તથા મુજાહિદા ઠઠ્ઠાપણુ નથી બની શકતા.

**(૪)** હઝરત અબૂ અલી કઝીની رحمۃ اللہ علیہ ફર્માવે છે : اَلتَّصَوُّفُ هُوَ الْاَخْلَاقُ الرِّضِيَّةُ પસંદીદા અને

મહમૂદા કામો તથા અખ્લાક઼નું નામ તસવ્વુફ છે, એટલે કે બંદો દરેક હાલમાં અલ્લાહ તઆલાથી રાજી તથા ખુશ રહે. રદ઼િયહ તથા રદ઼ાનો અર્થ ખુશ થવું છે.

**(૫)** હઝરત અબુલ હસન رحمۃ اللہ علیہ ફર્માવે છે :

التَّصَوُّفُ هُوَ حُرِيَّةُ الْفَتُوَّةِ وَتَرْكِ التَّكَلُّفِ وَالسَّخَاءِ وَبَذْلُ الدُّنيا۔

એટલે નફસ અને લોભ લાલચની ગુલામીથી આઝાદી પામવાનું, બાતિલના મુકાબલામાં દિલેરી તથા મર્દાનગી દેખાડવાનું, દુનિયવી તકલ્લુફાત (ઔપચારિકતાઓ)ને છોડી દેવાનું, પોતાના માલને બીજાઓ પર ખર્ચી કાઢવાનુ અને દુનિયાને બીજાઓના માટે છોડી દેવાનું નામ તસવ્વુફ (સૂફીપણુ) છે.

ફ઼ુતુવ્વત (બહાદુરી) એ છે કે પોતાની જવાંમર્દી તથા મર્દાનગીને જોવાથી આઝાદ હોય. તકલ્લુફને ત્યજવું એ છે કે સંબંધીઓ સાથે સદ્‌વર્તાવ કરે અને તક઼દીરથી રાજી રહે. અને સખાવત એ છે કે દુનિયાને દુનિયાદારો માટે છોડી આપે.

**(૬)** હઝરત અબુલ હસન ક઼વશન્જા عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે :

التَّصَوُّفُ الْيَوْمَ اِسْمٌ وَلَا حَقِيقَةٌ وَقَدْ كَانَ حَقِيقَةً "આજે હક઼ીક઼ત વિનાની ચીજનું નામ તસવ્વુફ સમજી લેવામાં આવેલ છે, નહીં તો એનાથી પહેલાં નામ વિનાની એક હક઼ીક઼ત હતી." મતલબ એ છે કે સહાબાએ કિરામ અને સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો)ના જમાનામાં આ નામ તો ન હતું પણ એનો અર્થ મૌજૂદ હતો, હવે નામ તો છે પણ તેનો વજૂદ નથી. એટલે કે મામલાઓ તથા કિરદાર તો જાણતા હતા પરંતુ દાવો અજ્ઞાત હતો. હવે દાવો પ્રખ્યાત છે પરંતુ મામલાઓ અદશ્ય છે !

તસવ્વુફના મામલાઓ, અર્થો તથા હક઼ીક઼તોના પ્રદર્શન તથા વર્ણનમાં મશાઈખે તરીક઼તના ઉપરોક્ત ઈર્શાદો હક્ક઼ના તાલિબના માર્ગદર્શન માટે પૂરતા છે, પરંતુ જેઓ તસવ્વુફના મુન્કિર છે તેમને પૂછવામાં આવે કે તસવ્વુફના ઈન્કારથી તમારી શું મુરાદ (હેતુ) છે અને જો કેવળ એના નામથી ઈન્કાર છે તો કાંઈ વાંધો નથી, પરંતું આ રીતે તેના અર્થ તથા હક઼ીક઼તોથી ઈન્કાર લાઝિમ નથી થતો. છતાં જો તેના અર્થ તથા હક઼ીક઼તોથી ઈન્કાર છે તો એ ઈન્કાર કાલે ઈસ્લામી શરીઅતનો ઈન્કાર બની જશે. એટલું જ નહીં બલ્કે એ હુઝૂરે અકરમ ﷺના પસંદીદા અખ્લાક઼ અને સારી ખાસિયતો અને ઉમદા નમૂનાનો ઈન્કાર કરનાર પણ કહેવાશે, અને આ ઈન્કાર બાદ પૂરો દીન રિયાકારી બની જાય છે.

હું દુઆ કરું છું કે અલ્લાહ તઆલા તમને એવા ફર્માંબરદાર અને સઈદ બનાવે જેવી રીતે પોતાના દોસ્તોને બનાવ્યા છે અને હું વસિયત કરું છું કે ખુદાના આ દોસ્તો, વલીઓ અને હક્ક઼ લખનારા સૂફીઓની સાથે હક્ક઼ તથા ઈન્સાફને હમેશાં જાળવી રાખજો, દાવો ઓછો કરજો અને અલ્લાહવાળાઓ સાથે હુસ્ને એતેક઼ાદ (સારી માન્યતા) રાખજો. وبالله التوفيق

## ★ સુફિયાએ કિરામનો લિબાસ એટલે ગોદડી ★

પશ્મ તથા ઊન તથા શણ (સૌફ)ના ખાસ દેખાવવાળો લિબાસ જેને ગોદડી કહે છે એ સૂફિયાએ કિરામની નિશાની છે અને એ લિબાસ સુન્નતના પ્રમાણે છે. કેમ કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે :

عَلَيْكُمْ بِلُبْسِ الصُّوفِ تَجِدُونَ حَلَاوَةَ الْإِيمَانِ فِي قُلُوبِكُمْ

"પશ્મીની લિબાસ અપનાવો કેમ કે એનાથી તમારા દિલોમાં ઈમાનની મીઠાશ પામશો."

રસૂલુલ્લાહ ﷺના એક સહાબીનો ઈર્શાદ છે, આપ સૌફ (પશ્મીની)નો લિબાસ પહેરતા હતા અને ગધેડા પર સવારી કર્યા કરતા હતા. તેમજ રસૂલુલ્લાહ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہا થી ફર્માવ્યું لَا تُضَيِّعِي الثَّوْبَ حَتَّى تُرَقِّعِيهِ "કપડાને વેડફો નહીં જ્યાં

સુધી થીંગડુ મારવાની ગુંજાઈશ હોય." સૈયદના ફારૂકે આ'ઝમ ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہના બારામાં મરવી છે કે આપની પાસે એક ગોદડી એવી હતી જેમાં ત્રણ થીંગડાં લાગેલાં હતાં. તેમજ નકલ થયેલ છે કે સૌથી બેહતર લિબાસ તે છે જેમાં આસાનીપૂર્વક મહેનત કરવામાં આવી શકે.

સૈયદના અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریمની પાસે પહેરણ એવું હતું જેની બાંય આંગળીઓ સુધી આવતી હતી. જો કોઈ પહેરણની બાંયો આંગળીઓથી વધી જતી હતી તો વધારાના હિસ્સાને કપાવી નાખતા હતા કેમ કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ علیہ وسلمને હુકમ આપ્યો : وثِيَابَكَ فَطَهِّرْ اَىْ فَقَصِّرْ, આપ આપના કપડાંને કટ કરાવીને યોગ્ય શરીરે પહેરો."

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં સાત બદરી સહાબીઓને જોયા છે જેઓ પશ્મીના લિબાસ (ઊની, ટાટવાળો) પહેરતા હતા. સૈયદના સિદ્દીકે અકબર એકાંતમાં ટાટવાળો (સૌફનો) લિબાસ પહેરતા હતા. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہને એક થીંગડાવાળી ગોદડી પહેરેલા જોયા છે. સૈયદના અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ, સૈયદના અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા અને હરમ બિન હબ્બાન رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ વર્ણવે છે કે અમે હઝરત ઉવૈસ કરની رحمۃ اللہ علیہને પશ્મીના (ટાટવાળો) લિબાસ પહેરેલ જોયા જેમાં થીંગડાં લાગેલ હતાં.

હઝરત હસન બસરી માલિક બિન દીનાર અને હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہم اجمعین એ સૌ ગોદડી શરીરે રાખ્યા (પહેર્યા) કરતા હતા. ઈમામે આ'ઝમ સૈયદના ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના બારામાં મુહમ્મદ બિન અલી હકીમ તિર્મિઝી પોતાની કિતાબ" તારીખે મશાઈખ"માં નકલ કરે છે કે હઝરત ઈમામે આ'ઝમે શરૂમાં ગોડદી પહેરીને એકાંતનો ઈરાદો કર્યો. એ વખતે આપને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો ખ્વાબમાં દીદાર થયો. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, તમારે લોકોની વચ્ચે રહેવું જોઈએ. એટલે કે એકાંવાસના ઈરાદાને છોડીને અલ્લાહની મખ્લૂકની સામે આવી જાવ, કેમ કે તમારા થકી મારી સુન્નતો ઝિંદા થશે. જેથી આપે એકાંતવાસનો ઈરાદો ત્યજી દીધો અને કિંમતી લિબાસ કદી ન પહેર્યો. હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہ જે મુહક્કિક સૂફીઓમાંથી છે તે હમેશાં ગોદડી પહેર્યા કરતા હતા.

એકવાર હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ગોદડી પહેરીને હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની મજલિસમાં આવ્યા તો લોકોએ તેમને તુચ્છકારની નજરે જોયા. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું," આ ઈબ્રાહીમ અદહમ આપણા સરદાર છે જેઓ તશરીફ લાવ્યા છે." લોકોએ અર્ઝ કરી, હે ઈમામે આલી મર્તબત ! આપની જીભ કદી બેકાર વાતેથી ખરડાઈ નથી ! એ સિયાદત તથા સરદારીને પાત્ર કેવી રીતે બની ગયા ?! ઈમામ સાહબે ફર્માવ્યું, તેમણે ખિદમત કરીને સિયાદત પામી છે. એ દરેક સમયે અલ્લાહ તઆલાની ખિદમત તથા ઈબાદતમાં મશગૂલ રહે છે અને આપણે પોતાની નફ્સ પરવરીમાં વ્યસ્ત રહીએ છીએ, એટલા માટે એ આપણા સરદાર છે. આજે કેટલાક લોકો ગોદડી પહેરીને હોદ્દો તથા ઈજ્જત હાંસલ કરી લે છે પણ તેમનાં દિલ જાહેર મુજબનાં નથી. તો શું વાંધો ! દરેક લશ્કરમાં બહાદુર દિલેર થોડાક જ હોય છે. ભીડમાં મુહક્કિક અમુક હોય છે પરંતુ સૌની નિસ્બત તેમની તરફ કરી દેવામાં આવે છે, કેમ કે સૂફીઓનો આ મસ્લક વર્ણવેલ અમલી દૃષ્ટાંતો અને નબી કરીમ صلی اللہ علیہ وسلمના વર્ણવેલ ઈર્શાદો (ફર્માનો)ના ઉપરાંત આપના આ ઈર્શાદ પર પણ આધારિત છે : مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَ مِنْهُمْ જેનું મળતાપણુ, જે અપનાવે ભલે એ મળતાપણુ વાણી કે વર્તનમાં હોય અથવા અકીદાઓમાં તે તે કૌમની વ્યક્તિમાં ગણવામાં આવે છે. *(ક્રમશઃ)*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૬)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*

**ગુલામરસૂલ ફાસમી ફાદરી નક્શબંદી** دام ظلہ العالی

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક્વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઉલમા તથા સૂફિયા رحمۃ اللہ علیہم اجمعین ના અક્વાલ

**(૧)** અબૂ નુઐમે ફુરાત બિન સાઈબથી રિવાયત કરી છે તે કહે છે કે મેં મૈમૂન બિન મહરાનને પૂછયું, આપની નજીક અલી આ'લા અફઝલ છે કે અબૂબક્ર તથા ઉમર ? આ સવાલ સાંભળીને તે કાંપવા લાગ્યા ત્યાં સુધી કે તેમના હાથથી લાઠી પડી ગઈ. પછી ફર્માવ્યું, "હું વિચારી પણ શકતો ન હતો કે હું એ જમાના સુધી ઝિંદા રહીશ કે જ્યારે લોકો અબૂબક્ર તથા ઉમરની બરાબરીના બારામાં વિચારશે." *(અબૂ નુઐમ ફિલ હિલ્યા, ૪/૯૨,૯૩. તારીખુલ ખુલફા, પેજ–૩૦)*

**(૨)** હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે : شیخ الاسلام و از بعد انبیاء خیر الانام "ઈસ્લામના પીર (શયખ) અને નબીઓ બાદ સર્વ ઈન્સાનોથી અફઝલ. (કશ્ફુલ મહજૂબ, પેજ–૬૭)

صدیق اکبر رضی اللہ عنہ مقدم جمیع خلائق است از پس انبیای صلوت اللہ علیہم اجمعین و روانہ باشد کہ کسی قدم اندر پیش وی نهد

એટલે સિદ્દીકે અકબર رضی اللہ عنہ અંબિયા علیہم السلام પછી સર્વ મખ્લૂક કરતાં આગળ છે અને કોઈના માટે જાઈઝ નથી કે તેમની આગળ કદમ રાખે. (કશ્ફુલ મહજૂબ, પેજ–૬૯) તેમજ હઝરત દાતા رحمۃ اللہ علیہ એ એ ચાર હસ્તીઓનો ઉલ્લેખ આ ક્રમસર ફર્માવ્યો કે સૌથી પ્રથમ સિદ્દીકે અકબર, પછી ઉમર ફારૂક, પછી ઉષ્માન ગની, અને પછી અલીયે મુર્તઝા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ.

**(૩)** હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

اَفْضَلُ النَّاسِ بَعْدَ النَّبِیِّ صلی اللہ علیہ وسلم اَبُو بَکْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانَ ثُمَّ عَلِیٌّ رَضِیَ اللّٰہُ عَنْہُمْ

એટલે નબી કરીમ صلی اللہ علیہ وسلم ના સર્વ લોકોમાં અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર, પછી અલી رضی اللہ عنہ.

*(અહયાઉલ ઉલૂમ, પેજ–૧૧૯)*

બીજી જગાએ લખે છે :

اِنَّ الْاِمَامَ الْحَقَّ بَعْدَ رَسُوْلِ اللّٰہِ صلی اللہ علیہ وسلم اَبُو بَکْرٍ ثُمَّ عُمَرَ ثُمَّ عُثْمَانَ ثُمَّ عَلِیٌّ رَضِیَ اللّٰہُ عَنْہُم

(અહયાઉલ ઉલૂમ, પેજ–૧૪૬) જાણી લો કે અલ્લાહને ત્યાં ફઝીલત પામી લેવાનો સબબ અલગ ચીજ છે અને લોકો મશહૂર થઈ જવાનો સબબ અલગ ચીજ છે. અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખ્યાતિ ખિલાફતના કારણે હતી, જ્યારે કે આપની ફઝીલતનો અસલ સબબ એ રાઝ હતું જે એમના સીનામાં સજાવી

દેવામાં આવ્યું હતું. *(અહયાઉલ ઉલૂમ, પેજ–૧૫૮)*

હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના ઈર્શાદથી સ્પષ્ટ થઈ ગયું કે ફઝીલત પહેલેથી હાંસલ હતી અને ખિલાફત બાદમાં અતા થઈ.

હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ તથા અન્ય ઉલમાએ સ્પષ્ટતા કરી આપ્યું છે કે ખુલફાએ રાશિદીનના પછી અશરએ મુબશ્શિરા અને બદરી સહાબા અફઝલ છે. (ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૫૭) જો અફઝલિયત ખિલાફતના ક્રમમાં એતબારથી હોત તો ખલીફાઓની અફઝલિયતની સાથે એ હસ્તીઓની અફઝલિયતને મિલાવવું જચતુ નથી.

**(૫)** શયખે અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ ફર્માવે છે : જાણી લો કે ઉમ્મતે મુહમ્મદ ﷺમાં કોઈ શખ્સ એવો નથી જે અબૂબક્ર કરતાં અફઝલ હોય સિવાય હઝરત ઈસા علیہ السلامના. *(ફુતૂહાતે મક્કિયા, બાબ–૯૩, કમાફિલ યવાક઼ીત વલ્જવાહિર, પેજ–૪૩૮)*

આ લખાણ પર પણ વિચારણા કરો કે જો અફઝલિયતથી મુરાદ જાહેરી ખિલાફતમાં અફઝલિયત હોય તો પછી હઝરત ઈસા علیہ السلامનું અપવાદ હોવું તદ્દન નિરર્થક થઈને રહી જશે.

**(૬)** ઈમામ અબ્દુલવહહાબ શઅરાની رحمۃ اللہ علیہએ હેડિંગ આપ્યું છે : "એ વાતનું બયાન કે નબીઓ તથા રસૂલો પછી અવલિયાએ મુહમ્મદમાંથી સૌથી અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ. *(અલ યવાક઼ીત વલ જવાહિર, પેજ–૪૩૭)*

આ હેડિંગના શબ્દો પર વિચારણા કરો :

فِي بَيَانِ اَنَّ اَفْضَلَ الْاَوْلِيَاءِ الْمُحَمَّدِيِّينَ بَعْدَ الْاَنْبِيَاءِ وَ الْمُرْسَلِينَ اَبُو بَكْرٍ ثُمَّ عُمَرَ ثُمَّ عُثْمَانَ ثُمَّ عَلِيٌّ رَضِيَ اللهُ عَنْهُمْ اَجْمَعِين

ના શબ્દોએ તફઝીલીઓના દરેક ધોકાની જડ કાપી નાખી છે. અવલિયાના શબ્દથી જાહેર થઈ રહ્યું છે કે અફઝલિયતનો દારોમદાર જાહેરી ખિલાફતના શબ્દથી જાહેર થઈ રહ્યું છે કે મુહમ્મદી પર છે. આ ટાઈટલ હેઠળ જે કાંઈ ઈમામ علیہ الرحمہ એ લખ્યું છે એ અભ્યાસ કરવાને પાત્ર છે.

**(૭)** પ્રખ્યાત દર્સી કિતાબ "શર્હે અક઼ાઈદે નસફી"માં છે કે, "સર્વ નબીઓ બાદ સૌથી અફઝલ અબૂબક્ર સિદીક઼ છે." *(શર્હે અકાઈદે નસફી, પેજ–૧૫૦)*

**(૮)** હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થ) સૌથી પ્રથમ પીરો મુર્શિદ જે નબી કરીમ ﷺના પહેલા યાર હતા. ગુફામાં તે બેમાંથી બીજા હતા. દીનના સદર સિદ્દીક઼ે અકબર છે જે કુત્બે હક્ક઼ છે. દરેક જણથી દરેક મામલામાં આગળ નીકળી ગયા છે. *(મન્તિક઼ુત્તયર, પેજ–૨૮)*

આ રૂબાઈનો દરેક શેઅર વિચારણાપાત્ર છે અને રાફઝીઓ માટે વબાલે જાન છે. ખાસ કરીને "ખ્વાજએ અવ્વલ, કુત્બે હક્ક઼" અને છેલ્લો શેઅર "દર હમા ચીઝ અઝહમા બર દેહ સબક઼"ને નોંધી લેવો જોઈએ.

**(૯)** હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "શયખૈન (અબૂબક્ર, ઉમર)ની ફઝીલત બાકી ઉમ્મત પર ક઼તઈ છે, એનો ઈન્કાર તે જ કરી શકે છે જે જાહિલ હોય અથવા અદાવત રાખનાર હોય." *(મકતૂબાત, ૨/૩૬)*

**(૧૦)** મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ અફઝલિયતનો સબબ વર્ણવતાં લખે છે : "સૌ પ્રથમ તહક઼ીક઼ી વાત જેનાથી અહલે સુન્નતની તરફથી સિદ્દીક઼ની અફઝલિયત પર દલીલ કરવામાં આવે છે તે એ છે કે નબી કરીમ ﷺએ તેમને પોતાની તકલીફના દિવસો અને રાતોમાં લોકોના ઈમામ નિયુક્ત કર્યા હતા. એટલા માટે અકાબિર સહાબા

رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું હતું કે નબી કરીમ ﷺ એ જે શખ્સને અમારો દીની રહનુમા પસંદ કર્યો છે તેને અમે અમારો દુનિયવી રહનુમા કેમ પસંદ ન કરીએ.'' *(શર્હે ફિક્હે અકબર, પેજ–૬૩)*

આગળ ફર્માવે છે : ''હઝરત અલી رضی اللہ عنہ ને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થી અફઝલ સમજવા સર્વ રાફઝીઓનો અક્રીદો છે અને મોટાભાગના મોઅતઝલાનો અક્રીદો છે.'' *(શર્હે ફિક્હે અકબર, પેજ, ૬૩)*

**(૧૧)** હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''શીઆનો તફઝીલી ફિર્કો જે જનાબે મુર્તઝા رضی اللہ عنہ ને સર્વ સહાબા પર અફઝલિયત આપે છે, આ ફિર્કો શયતાને લઈનનો અદના શાગિર્દ છે જેણે એના વસવસાને કબૂલ કરી લીધો છે. જનાબ મુર્તઝા رضی اللہ عنہ એ તેમના પર સખ્તી કરી છે કે જો મેં કોઈ શખ્સના બારામાં સાંભળ્યું કે તે મને શયખૈન કરતાં અફઝલ સમજે છે તો હું તેને તોહમતની સજા ફટકારીશ જે ૮૦ કોરડા છે.'' *(તોહફએ ઈષ્ના અશરિયા, પેજ–૫)*

**(૧૨)** અમારા મુર્શિદે કરીમ કુતબુલ અક્તાબ ફક્રીહે આ'ઝમ હઝરત પીર સાંઈ મુફ્તી મુહમ્મદ ક્રાસિમ મશૂરી رحمۃ اللہ علیہ લખે છે :

''અમે કોઈ શંકા નથી કે અહલે સુન્નત વ જમાઅતનો એ જ અક્રીદો છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ર رضی اللہ عنہ સર્વ સહાબાથી અફઝલ છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને એમના કરતાં અફઝલ સમજવા ગુમરાહી અને મઝહબે અહલે સુન્નતથી બહાર નીકળી જવું છે. એ જે પ્રમાણે કોઈ પણ સહાબી ખાસ કરીને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર મહેણા ટોણા મારવાં ઈસ્લામ પર જરહને મુસ્તલઝિમ (ઈસ્લામની સચ્ચાઈની છાનબિનને અનિવાર્ય) કરવું અને કતઈ નુસૂસ (કુર્આન હદીષની દલીલો)ના ઈન્કાર કરવા સમાન છે.

**(૧૩)** કુદ્વતુસ્સાલિકીન હઝરત ખ્વાજા શમ્સુલ હક્ક વદ્દીન સિયાલવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ખુલફાએ રાશિદીનની ફઝીલત ક્રમસર છે. પછી ઝબાન મુબારકથી આ હદીષ પઢી : કે મારા બાદ સર્વ લોકોમાં અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન પછી અલી. *(મિર્અતુલ આશિકીન, પેજ–૨૨)*

**(૧૪)** હઝરત પીર મહેરઅલી શાહ સાહબ ગોલળવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''નબીના નાયબપણાનો મુસ્તહિક એ જ શખ્સ થઈ શકે છે જેનું જોહરે નફ્સ નબીઓના જોહરે નફ્સની નિકટ હોય. બસ એને સૂરતે ખિલાફતે (એટલે આમ રિયાસત શાસન, સરદારી) અને મઅનિયે ખિલાફત (એટલે નબીઓનો કુર્બ) બંનેનું સંગમ હોવો જોઈએ, જેવું કે ચારેવ ખલીફા رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા.

આગળ તફઝીલીઓની અધિક જડ કાપતાં લખે છે : ''અલ્બત્ત ! એટલો ફરક જરૂર છે કે ત્રણ ખલીફાઓના જમાનામાં સૂરતે ખિલાફત આમ રિયાસત અને મુસલમાનોનો ઈજમાઅ અધિક દરજાએ મૌજૂદ હતો. અને મુર્તઝવી કાળમાં મઅનિયે ખિલાફત એટલે કુર્બે નબવી કમાલના દરજાએ હતો, પરંતુ આમ રિયાસત અને મુસલમાનોનો ઈજમાઅ ત્રણેવ ખલીફાના દૌરની જેમ ન હતો.

*(ફતાવા મહેરિયહ, પેજ–૧૪૫)*

ફતાવા મહેરિયહના લખાણનો ખુલાસો એ છે કે ત્રણ ખલીફાઓના દૌરમાં ખિલાફતે જાહેરી અને બાતિની બંનેવ ઊંચાઈ પર હતી, પણ ચોથા ખલીફાના દૌરમાં બાતિન તો મૌજૂદ રહ્યું પણ જાહેર પહેલાં જેમ ન રહ્યું.

બીજી જગાએ અબૂ હફ્સ હદ્દાદ رحمۃ اللہ علیہ ના હવાલાથી લખે છે : પયગંબર બાદ કોઈ શખ્સ અબૂબક્ર કરતાં અફઝલ નથી, કેમ કે તેમણે મુર્તદોને કત્લ કરવામાં નબીની જેવું કામ કર્યું છે.'' (તસ્ફિયા

મા બયન સુન્નીઓ શીઆ, પેજ–૧૯) તસ્ફિયાનું આ લખાણ ઉમ્મતના ઈજમાઅની અયન મુતાબિક્ છે.

**(૧૫)** હઝરત ખ્વાજા ગુલામ ફરીદ رحمۃ اللہ علیہ કોટમઠનવાળા અશ્રએ મુબશ્શિરાવાળી હદીષ વર્ણવ્યા બાદ ફર્માવે છે : આ નસ (દલીલ) વિગતવાર સહાબાએ કિરામની ખિલાફત તથા મર્તબાઓ પર દલીલ પૂરી પાડે છે, અને રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم ની સાથે જેટલા પ્રમાણમાં કોઈને કુર્બ તથા મંઝિલત હાંસલ હતી તેને જ ક્રમવાર જાહેર કરે છે. આગળ ફર્માવે છે : તેમજ એ ચાર ખલીફાઓમાંથી હઝરત અબૂબક્ર સિદીક્ તથા હઝરત ઉમરને ખિલાફતે નબુવ્વતે ખાલિસા હાંસલ હતી.

*(મક઼ાબિસુલ મજાલિસ, પેજ–૯૨૪)*

**(૧૬)** હઝરત મૌલાના અશ્શાહ અહમદ રઝાખાં علیہ الرحمہ લખે છે : આ અક઼ીદો ખુદ અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી એંસી (૮૦) સહાબા તથા તાબઈને રિવાયત કર્યો. એમાં અમારી હાફિલ કાફિલ કિતાબ "મત્લઉલ ક઼મરૈન્ ફી ઈબાનતિ સબ્ક઼તિલ્ ઉમરૈન" છે, જેમાં આ મતલબ શરીફ પર કુર્આને અઝીમ તથા સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلم ની હદીષો તથા આષારે અહલે બયતે કિરામ તથા સહાબાએ એઝામ તથા અમીરુલ મો'મિનીન હૈદર رضی اللہ عنہ ના ઈર્શાદો તથા ઈમામો તથા ઉલમા તથા અવલિયા તથા આરિફો رحمۃ اللہ علیہم اجمعین ની દલીલોથી દરિયો લહેરાય રહ્યો છે. દરેક બાળક જાણે છે કે અહલે સુન્નતની સર્વ કિતાબોમાં "અફઝલુલ બશર બઅ્દલ્ અંબિયાઈ અબૂબકરિસ્ સિદીક્" છે. જો અત્યંત સાફ દિવસમાં ઉઘાડા મેદાનમાં મોં પર આંખો હોવા છતાં બરાબર બપોરના સમયે સૂરજનો ઈન્કાર જાઈઝ છે તો આનો ઈન્કાર પણ એ જ મુન્કિર જેવો પાગલ કરી શકે છે.

*(ફતાવા રઝવિય્યહ, ૯/૬૧)*

**(૧૭)** સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અહલે સુન્નતનો એના પર ઈજમાઅ છે કે અંબિયા علیہم السلام પછી સર્વ આલમથી અફઝલ હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہ છે, તેમના બાદ હઝરત ઉમર, તેમના બાદ હઝરત ઉષ્માન અને તેમના બાદ હઝરત અલી. رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ

આગળ ફર્માવે છે : ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી. ફર્માવ્યું, અમે અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન તથા અલીને ફઝીલત આપતા હતા, સરવરે આલમ صلی اللہ علیہ وسلم અમારામાં મૌજૂદ હતા. *(સવાનેહે કર્બલા, પેજ–૧૮)*

**(૧૮)** તફઝીલીઓના ઉપર વર્ણવેલ બિદઅતી તથા ગુમરાહ અક઼ીદાનો રદ કરતાં સદરુશ્શરીઅહ હઝરત મૌલાના અમજદ અલી સાહબ علیہ الرحمہ લખે છે : તેમની ખિલાફત અફઝલિયતના ક્રમાનુસાર છે, જે અલ્લાહ નજીક અફઝલ તથા આ'લા હતો તે જ પ્રથમ ખિલાફત પામતો ગયો, ન કે અફઝલિયત ખિલાફતના ક્રમ તથા મુજબ છે. એટલે કે અફઝલ તે કે જેને મુલ્કદારી તથા મુલ્કગીરી (રાજ ચલાવવા)માં અધિક સલીક઼ો હતો, જેવું કે આજકાલ સુન્ની બનનારા તફઝીલીયાઓ કહે છે. એવું હોત તો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સૌથી અફઝલ હોત. *(બહારે શરીઅત, ૧/૩૮)*

તફઝીલીઓનો વાંધો પણ વારંવાર વાંચો અને બહારે શરીઅતનું આ લખાણ પણ વારંવાર વાંચો. આ લખાણ તફઝીલીઓના મોંઢા પર એક જોરદાર તમાચો છે જેમાં અક્ષરે અક્ષર તેમના અકીદાનો રદીયો મૌજૂદ છે.

**(૧૯)** હઝરત શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન ખ્વાજા મુહમ્મદ ક઼મરુદીન સિયાલવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જો તમે વિચારણા તથા તદબ્બુરથી કામ લો તો તમને માલૂમ થઈ જશે કે અબૂબક્ર ફઝીલત તથા ઝુહદમાં સર્વ સહાબાથી આગળ છે. આપના ફઝ્લો કમાલ અને મર્તબાના માટે વધુ પેજ 20 પર..

# એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ

**કર્યાલય**

*પ્રસ્તૂત લેખમાં થોડાક વરસો પહેલાં અમેરીકાથી એક પત્ર કોઈક સાહબનો **હઝરત મૌલાના મુહમ્મદ અબુલકલામ રઝવી** (ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ) જેઓ હાલ યુ.કે. લેસ્ટરમાં રહે છે. જ્યારે આપ દયાદરા હતા ત્યારે એ પત્ર તેમને પહોંચેલો તેનો એવો ઈમાન અફરોઝ જવાબ આપે આપેલો જેમાં હિદાયતનું નૂર સમાયેલું છે જેને ત્યારે અમોએ કિતાબ **"એક પત્રનો ઈમાન અફરોઝ જવાબ"** રૂપે પ્રસિધ્ધ કરેલ. એક વાંચક મિત્રની વિનંતિને તથા ઈમાન અફરોઝ માહિતીને લક્ષમાં રાખીને અત્રે ફરીથી પ્રસિધ્ધ કરીએ છીએ કે જેનાથી બરકાતે ખ્વાજા મંથલીના વાંચકો ફયઝ પામી શકે. –તંત્રી...*

نَحۡمَدُهٗ وَنُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

ભાઈ ! તમે તમારા પત્રમાં કેટલાક વિચારો રજૂ કર્યા છે જે શરીઅતના નિયમ પ્રમાણે મારી દ્રષ્ટિએ વાંધાજનક અને પડકાર કરવા જેવા છે. એટલા માટે એના અનુસંધાનમાં હું કંઈક વિગતવાર ચર્ચા કરીશ. આપના તે વિચારો જે મારી નજરમાં વાંધાજનક છે તે એ છે કે : (૧) હુઝૂર ﷺએ અને સહાબાએ કિરામે ન કદી કોઈને કાફિર કહ્યો છે અને ન કદી કોઈનાથી જીભાજોડી (વાક યુધ્ધ) અને મુનાઝેરો કર્યો છે. (૨) મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ જાલિમ તથા સરકશ (નાફર્માન) તો હતો, તેનાથી એ ગુનેહગાર હશે પણ કાફિર તો નથી થઈ શકતો. (૩) વહાબી વિદ્યાર્થીઓ (તલબા) રસૂલે ખુદા ﷺથી પુષ્કળ મહોબ્બત રાખે છે. (૪) આલિમોના ફતવા પર ભરોસો ન કરવો જોઈએ કારણ કે એ તો એમની આદત છે, જે હાથ લાગ્યો તેને કાફિર તો નથી થઈ શકતો. (૩) વહાબી વિદ્યાર્થીઓ (તુલ્બા) રસૂલે ખુદાથી (ﷺ) પુષ્કળ મહોબ્બત રાખે છે. (૪) આલિમોના ફતવા પર ભરોસો ન કરવો જોઈએ કારણ કે એ તો એમની આદત છે જે હાથ લાગ્યો તેને કાફિર કહી દીધો, ત્યાં સુધી કે દુનિયાના ખૂબ જ વિખ્યાત બુઝુર્ગ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની ઉપર પણ કાફિરનો ફત્વો આપી દીધો. તથા સુન્ની પીરોના કુકર્મોની બાબતમાં બ્રિટિશના પીરોનો દાખલો આપ્યો છે વગેરે...

તમારી આ બધી વાતો ઈસ્લામી શિક્ષણની વિરૂધ્ધ અને પાયા વગરની છે. આ પ્રકારના વિચારો દીની શિક્ષણની ઉણપ અને દરેક ફિર્કાના લોકો અને સાહિત્યથી સંબંધ તથા સંપર્ક રાખવાથી ઉદ્ભવે છે. એટલા માટે હું યોગ્ય સમજુ છું કે જવાબ આપતા પહેલાં ઈસ્લામી નીતિ નિયમો વિશે થોડો ખુલાસો કરીશ જેથી ઉપરોક્ત દરેક વાતનો જવાબ સરળતાથી સમજમાં આવી શકે. તે ઉપરાંત એ યાદ રાખશો કે ઈન્સાનની હિદાયત અને એના દરેક કજીયાના ફેંસલા માટે અલ્લાહ તઆલાએ પોતાનું પાક કલામ (કુર્આન શરીફ) ઉતાર્યુ અને પોતાના પ્યારા મહેબૂબ ﷺને મોકલ્યા પછી આ હિદાયત તથા ફેંસલાના ક્રમને કયામત સુધી ચાલુ રાખવા માટે રસૂલે ખુદા ﷺએ ઉલમાની પસંદગી કરી અને તેઓને પોતાના નાયબ તથા વારસદાર ઠરાવ્યા. તે ઉપરાંત હિદાયત તથા ઈસ્લામી ફેંસલાના માટે જ્યાં જ્યાં મતભેદનો ભય અને કેટલીક નવી શોધોના કારણે ઝઘડાની દહેશત

હતી એ બધાને નજર સમક્ષ રાખીને ફેંસલા તથા હિદાયતની સરળતા અને ગુમરાહીથી રક્ષણ માટે કુલ ચાર જામેઅ ઉસૂલ (એવા ઈસ્લામી સંપૂર્ણ કાયદા જેમાં કોઈ કમી ન હોય) બનાવાયા. એ ચારેવમાંથી પ્રથમ અસ્લ કિતાબ (કુર્આન), બીજી અસ્લ સુન્નત (હદીષ), ત્રીજી અસ્લ ઈજમાઅ, ચોથી અસ્લ કયાસ. આ ચારેવને અદિલ્લએ અરબા (ચાર પ્રકારની દલીલો) કહે છે અને આ જ ચાર શરઈ દલીલ અથવા શરઈ હુજ્જત કહેવાય છે જેના દ્વારા ઈસ્લામી દુનિયાની દરેક વાતનો ફેંસલો થાય છે. કોઈ પણ વાતની અસલિયત અને એહકામ જાણવા માટે સૌ પ્રથમ કુર્આનની તરફ રજૂ કરવામાં આવશે, જો એનાથી સાબિત નહીં થાય તો બીજી અસ્લ હદીષે પાકનો સહારો લેવો પડશે, જો એનાથી પણ સાબિત નથી થતું તો ત્રીજી અને ચોથી અસ્લ એટલે કે ઈજમાઅ અને મુજતહિદીનના કયાસની તરફ રજૂ કરવું જરૂરી થશે.

કુર્આન અને હદીષથી તો બધા વાકેફ છે એટલા માટે ફક્ત બેની એટલે ઈજમાઅ તથા કયાસની વ્યાખ્યા ટૂંકમાં આપવામાં આવે છે.

**ઈજમાઅ** : ઈજમાઅની વ્યાખ્યા ઈસ્તેલાહ (શરીઅતની ભાષા)માં એ છે કે ઈજમાઅ તે ઈત્તેફાક (સર્વસંમત્તિ) છે જે કોઈ કથન દ્વારા અથવા અમલ દ્વારા બનેલ બાબત પર ઉમ્મતે મુહમ્મદીના મુજતહિદો તથા સાલેહીન લોકોએ કરી છે. હા ! એમ સમજો કે ઉમ્મતે મુહમ્મદીમાંથી જે લોકો ઈલ્મ તથા ફઝીલતની ઉચ્ચ કક્ષાએ પહોંચી ચૂક્યા છે એવા તમામ લોકોનું પોતાના જમાનાની કોઈ વાત પર એકમત થઈ જવું એને **ઈજમાઅ** કહે છે અને રસૂલે ખુદા (ﷺ)ના વિસાલ પછી દીનની શાખાઓમાં આ ઉમ્મતનો ઈજમાઅ શરઈ દલીલ છે જેના પર અમલ કરવો વાજિબ છે. કારણ કે ખુદા તઆલા ફર્માવે છે કે :

وَ مَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَ يَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَ نُصْلِهٖ جَهَنَّمَ ۭ وَ سَآءَتْ مَصِيْرًا

એટલે કે, "જે રસૂલની વિરૂધ્ધ કરે ત્યારબાદ કે (જ્યારે) હક રસ્તો એની સમક્ષ ખુલી ગયો, અને મુસલમાનોના માર્ગથી જુદા માર્ગે ચાલે, અમે તેને તેના હાલ પર છોડી દઈશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને કેટલી ભયાનક જગા પલટવાની છે.

*(સૂ. નિસાઅ, ૪/૧૧૫)*

એનાથી સાબિત થયું કે જે વાત પર ઉમ્મતનો ઈજમાઅ (એકમતી) હોય તે જ અલ્લાહની મરજી છે. અને જે એને નકારવાવાળો બને તે દોઝખી છે. આ આયત ઈજમાઅ હુજ્જતે શરઈ (શરીઅતની દલીલ) હોવાની દલીલ છે. એનો વિરોધ જાઈઝ નથી જેવી રીતે કે કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ (કુર્આન તથા હદીષ)નો વિરોધ જાઈઝ નથી. (મદારિક). હદીષ શરીફમાં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હુઝૂર ﷺથી રિવાયત કરી છે કે હુઝૂરે ફર્માવ્યું, "અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહીમાં એકમત કરશે નહીં." અને એક હદીષમાં આવ્યું કે, "જમાઅત (સર્વ સંમત્તિ) પર અલ્લાહનો હાથ છે." એક અન્ય હદીષમાં છે કે, "સવાદે આઝમ એટલે મોટી જમાઅતનું અનુસરણ કરો જે મુસલમાનોની જમાઅત છે, તેનાથી અલગ થશે તે દોઝખી છે.

મતલબ કે આ હવાલાઓથી એ સાબિત થયું કે ઉમ્મતનો ઈજમાઅ શરઈ દલીલ બલ્કે એના કેટલાક પ્રકાર તો કુર્આની આયત તથા હદીષે મુતવાતિરની જેમ હુકમ ધરાવે છે કે જેવી રીતે કોઈ કુર્આની આયત તથા મુતવાતિર હદીષને નકારવું કુફ્ર છે એવી જ રીતે એને નકારવું પણ કુફ્ર છે. (એની સંપૂર્ણ માહિતી જાણવી હોય તો "ઉસૂલુશ્શાશી"નો અભ્યાસ કરો)

**(૨) કયાસ** : અસલના હુકમની શાખા સાથે હુકમ અને સબબ વિશે અંદાઝ કરવો. એટલે કે અસલની જેમ શાખામાં હુકમને સાબિત કરવાને 'કયાસ' કહે છે.

"કયાસ" શરઈ દલીલ છે. એના આધારે કે હુઝૂર ﷺએ મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہને એ વખતે ફર્માવ્યું કે જ્યારે તેમને યમનના ગવર્નર બનાવીને મોકલી રહ્યા હતા. ફર્માવ્યું કે, "હે મઆઝ ! કઈ શરઈ દલીલથી તમો એહકામ (હુકમો) બયાન કરશો અને ફતવા આપશો ?" અર્ઝ કર્યું "કિતાબુલ્લાહથી" ફર્માવ્યું કે, "જો તમોને કિતાબુલ્લાહમાં ન મળે તો ?" અર્ઝ કર્યું, "સુન્નતે રસૂલુલ્લાહથી." ફર્માવ્યું કે, "જો રસૂલની હદીષથી પણ ન મળે તો શું કરશો ?" અર્ઝ કર્યું કે, "હું મારી રાય (મંતવ્ય)થી ઈજતેહાદ કરીશ ત્યાં સુધી કે હું સવાબ એટલે કે હું દુરુસ્તગી સુધી પહોંચી જાઉં." આ સાંભળીને રસૂલે ખુદા ખુશ થયા અને ફર્માવ્યું કે, "ખુદાનો શુક્ર છે કે એણે પોતાના રસૂલના કાસિદને એ વાતની તૌફીક આપી જેનાથી પોતે રાજી છે અને જેને પોતે પસંદ કરે છે." આ પ્રમાણે બીજી પણ ઘણી હદીષો છે જેનાથી સાબિત થાય છે કે ખુદ રસૂલે કરીમ ﷺએ એક ચીજનો હુકમ વર્ણન કરવા માટે બીજી ચીજ પર કયાસ ફર્માવ્યું. એનાથી સાબિત થયું કે જો કોઈ એવી ચીજનો હુકમ કુર્આન તથા હદીષથી સાબિત ન થતો હોય તો કુર્આન તથા હદીષની રોશનીમાં અઈમ્માએ મુજતહિદીનને કયાસ કરીને એનો હુકમ બહાર પાડવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે અને અઈમ્માએ મુજતહિદીનની આ કયાસ શરઈ દલીલ બનશે એને નકારવું કદાપિ જાઈઝ નથી.

*(ઉસૂલુશ્શાશી, વગેરે ઉસૂલની કિતાબો)*

સહાબાએ કિરામ તથા તાબેઈને એઝામના જમાનામાં જ્યારે કેટલીક વાતોમાં મતભેદ ઉભા થયા. (જેમ કે તમારા પત્રથી પણ સ્પષ્ટ થાય છે) તો જરૂર જણાયી કે એનું એવું કાનૂની માળખુ બનાવવામાં આવે કે જેનાથી લોકો ગુમરાહિયત અને મતભેદોથી સુરક્ષિત રહે. જેથી મોટા મોટા અઈમ્માએ મુજતહિદીને એની જિમ્મેદારી લીધી અને એવા ઉસૂલ તથા નીતિ નિયમો તૈયાર કરી રજૂ કર્યા કે આખી ઉમ્મતે મુહમ્મદીએ કોઈપણ જાતના વાંધા વચકા કર્યા વગર સ્વીકાર કર્યો. અને એ વાત ઉપર ઈજમાઅ કર્યો (એકમતિ સધાયી) કે આ ઉસૂલનો જે બાલ બરાબર પણ વિરોધ કરશે ચોક્કસ તે ગુમરાહિયતના દલદલમાં ફસાઈ જશે. એટલા માટે ફક્ત અવામ (સામાન્ય માણસો) જ નહીં પરંતુ તમામ અઈમ્માએ કિરામ તથા અવલિયાએ એઝામ પણ એ જ ઉસૂલના પાબંદ રહ્યા. અને એ પણ ધ્યાનમાં રાખશો કે **આ ઉસૂલ પોતાની રાય (વિચારો)થી નથી બનાવવામાં આવ્યા પરંતુ કુર્આન તથા હદીષ તદ્ઉપરાંત સહાબાએ કિરામના મતભેદોના સમયે તે મતભેદોમાં અંતિમ ફૈસલો શું લેવાયો, તેમજ ફૈસલામાં પણ જો અમુકનો મતભેદ રહ્યો તો એનામાં પણ કુર્આન તથા હદીષની મજબૂત રોશની દ્વારા તર્જીહ (વધુ ફઝીલતવાળી ચીજ પસંદ કરી) દઈને ઉસૂલ નક્કી થયેલ છે.** ઉસૂલ નક્કી કરવાવાળા મુજતહિદીન ઘણા થયા પરંતુ ચાર ઈમામોએ એવો ભવ્ય અને ઉમદા ઉસૂલ તૈયાર કર્યો કે બધાએ એના પર ઈજમાઅ (સર્વસંમત્તિ) અને એકમતી સાધી. હવે ઉસૂલોના પણ બે વિભાગ થયા : એક અકીદાને અને બીજો એહકામ (હુકમો)ને લગતો. ઈસ્લામી અક઼ીદાઓના તૈયાર કરનારા બે છે, ઈમામ અશ્અરી અને ઈમામ માતુરીદી. અને એહકામના ચાર : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ અક઼ીદાઓ તથા એહકામો બંનેના ઉસૂલ તથા શાખાઓ ક્રમસર કિતાબોમાં એકત્રિત કરવામાં આવ્યા. જેના દ્વારા દરેક સમયના કાઝી તથા મુફતી શરઈ એહકામોનો ફૈસલો કરતા રહ્યા. અને કયામત સુધી ઉમ્મતે મુહમ્મદીના ફૈસલાઓ ઉલમા કરતા રહેશે.

કારણ કે હુઝૂર ﷺએ જ ફૈસલાઓ માટે આલિમોને પોતાના વારસદાર તથા નાયબ ઠરાવ્યા. જે વખતે જમીનના પટ પરથી દીનના આલિમો અદ્રશ્ય થઈ જશે એ વખતે કયામત કાયમ થશે. હુઝૂર ﷺએ ઈસ્લામના ઉઠી જવાને કયામતની નિશાની ગણાવી છે.

જેથી કરીને આલિમો (ઉલમા) જે કોઈના પર કાફિરનો ફત્વો આપે છે તો તે પોતાની તરફથી નહીં પણ આ ઉસૂલ તથા શાખાઓને દ્રષ્ટિ સમક્ષ રાખીને ફતવાનો હુકમ બહાર પાડે છે. અને આવું કરવું દરેક ઉલમાના માટે આવશ્યક છે. કેમ કે અલ્લાહ તઆલાએ કુફ્ર તથા ઈસ્લામ, હક તથા બાતિલમાં તફાવત બતાવવા પોતાનું કલામ અને પોતાના પ્યારા મહેબૂબને મોકલ્યા. અને રસૂલે કરીમ ﷺએ કયામત સુધી હક તથા બાતિલ, ઈસ્લામ તથા કુફ્રમાં તફાવત બતાવવા માટે ઉલમાએ દીનની પસંદગી કરી. અને ઉલમાએ દીન, ઉલમાએ મુજતહિદીનના બનાવેલા ઉસૂલ પર હક તથા બાતિલ, કુફ્ર તથા ઈસ્લામમાં તફાવત કરી ફત્વા આપે છે એ ફતવાઓની જે મજાક ઉડાવશે અથવા તુચ્છ જાણશે તે ચોક્કસ કુફ્ર તથા ગુમરાહીમાં સપડાશે.

તદ્ઉપરાંત તમારુ એમ કહેવું કે મોહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ જાલિમ જરૂર હતો અને એ જુલ્મના કારણે ગુનેગાર તો હશે પરંતું કાફિર નહીં થશે. અને હવાલામાં એક નવમુસ્લિમનું કથન રજૂ કર્યું છે. એનું દ્રષ્ટાંત એવું છે જેમ કે કોઈ માણસ કોઈ કઠિન મુકદમા (કેસ)માં સપડાઈ જાય અને તે એના બધા કાયદાની જાણકારી માટે માહિતગાર વકીલોને બદલે કોઈ નર્યા ગમારની મદદ લે ! બરાબર એ જ પ્રમાણે નવ મુસ્લિમના દાખલાનું પણ છે, કે અગણિત મુફ્તિયાને શરએ મતીનના ફત્વાને સદંતર રદ કરીને (તરછોડીને) એક નવ મુસ્લિમના કથન પર તમે ઈમાન લાવ્યા. જો કે તમારે આ વાત યાદ રાખવી જોઈએ કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ પર એના જુલ્મો સિતમના કારણે કુફ્રનો ફત્વો નથી આપવામાં આવ્યો, જો એવું હોત તો હજ્જાજ ઈબ્ને યુસુફનો જુલ્મ કાંઈ ઓછો ન હતો તેમ છતાં પણ આલિમોએ તેના કુફ્રનો ફત્વો નથી આપ્યો. તો વાત હકીકતમાં એ છે કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ પર એના જુલ્મો સિતમના કારણે કુફ્રનો ફત્વો નથી અપાયો પણ ઉપરના તે જ અદિલ્લએ અરબાઅ (શરીઅતની ચાર પ્રકારની દલીલો)ના વિરૂધ્ધ જ્યારે એણે એક નવા અકીદાનો પાયો નાખ્યો. તો એ અદિલ્લએ અરબાઅની રોશનીમાં આખી દુનિયાના ઉલમાએ કિરામ તથા મુફ્તિયાને એઝામએ એના પર કુફ્રનો ફત્વો આપ્યો. આ ફત્વાનો થોડોક હાલ પણ જોઈ લો. મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની એક પુસ્તિકા જેમાં એના અકીદાઓ નોંધાયેલા હતા. જુમ્આના દિવસે હિજરી સન ૧૨૨૧, ૭, મોહર્રમ ચાશતના સમયે મક્કા મુકર્રમા પહોંચી તે જ સમયે મક્કાના તંત્રીએ (તંત્રીમાં તુર્કી ફૌજીના અફસર જ રહેતા હતા) મક્કા મુકર્રમામાં હાજર હતા તે તમામ ઉલમાએ કિરામને હરમ શરીફમાં એકત્ર કર્યા. અને અહમદ ઈબ્ને યૂનુસ અલબઅલ્વીને ઉલમાએ કિરામના જવાબ લખવા માટે નક્કી કર્યા. જેથી બયતુલ્લાહ શરીફના મુબારક દરવાજાની સામે ઈજતેમાઅ થયો (બધા ભેગા થયા). અને નજદી પુસ્તિકાનો કેટલોક ભાગ વાંચવામાં આવતો હતો અને પછી એનો જવાબ લખાવવામાં આવતો હતો. અસરની અઝાન સુધીમાં એનાથી પરવાર્યા. વધુ પડતા જવાબો શેખ ઉમર અબ્દુર્રસૂલ અને અકીલ ઈબ્ને યહ્યા અલ્વીએ લખાવ્યા છે. અને કેટલાક જવાબો શેખ અબ્દુલ મલિક અને હુસૈન મગરેબીના છે. એ વખતે તાઈફના કેટલાક મઝલુમો (જેના પર વહાબીઓએ જુલ્મ કર્યો હતો) પણ આવી પહોંચ્યા.

પછી કાતિબ (લહિયો) અહમદ ઈબ્ને યૂનુસ જણાવે છે કે ખતીબ અબૂ હામિદે મિમ્બર પરથી નજદીઓની મલઊન તેહરીર (લખાણ) વાંચીને બધાને સંભળાવી. એના જવાબમાં જે કાંઈ ઉલમાએ જણાવ્યું મેં લખી લીધું. જનાબ ખતીબ સાહેબે ઉલમાએ કિરામ અને કાઝીઓ (ઈસ્લામિક જજ) અને મુફતીઓને સંબોધતાં જણાવ્યું, તમે લોકોએ એનું લખાણ સાંભળી લીધું અને એના અકીદાઓથી માહિતગાર થઈ ગયા. હવે તમે લોકો એના અનુસંધાનમાં શું કહો છો ? આ સાંભળીને મક્કા મુકર્રમાના તમામ અને ચારેવ મઝહબના કાઝી (ન્યાયાધીશ), અને મુફતી સાહેબો, અને હજના માટે આખી દુનિયામાંથી આવેલા ઉલમાએ કિરામ જેઓ બયતુલ્લાહ શરીફમાં દાખલ થવા માટે મોહર્રમની ૧૦ તારીખની રાહ જોઈ રહ્યા હતા તેમણે એક સાથે એકમતે નજદીઓને કુફ્રનો ફત્વો આપ્યો.

હવે જો તમે (પત્ર લખનારે) મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના કુફ્રમાં એ અર્થમાં શંકા પેદા કરી છે કે તે તો એક કલમો પઢનાર, અને નમાઝ રોઝાનો પાબંદ માણસ હતો, એને કઈ રીતે કાફિર કહી દેવામાં આવે ? તો આ પણ એક જેહાલત (અજ્ઞાનતા) પર આધારિત વાત છે. કારણ કે જરૂરિયાતે દીનમાંથી કોઈ એકનો પણ ઈન્કાર કરવો તેને જ કુફ્ર કહેવાય છે. જો કોઈ દિવસમાં સો વાર નમાઝ પઢે અને ફક્ત એક જ વાર દરરોજ મહાદેવની પૂજા પણ કરે તો એના સો વાર નમાઝ પઢવા પર ભરોસો કરવામાં નહીં આવશે પરંતુ એક જ વાર પૂજા કરવાના લીધે તે ચોક્કસ કાફિર થઈ જશે. એક ગ્લાસ દહીંમાં એક જ તોલો મળ દહીને નાપાક કરવા માટે પૂરતું હોય છે. કુર્આનની બધી જ આયતો પર ઈમાન લાવવું અને ફક્ત એકનો ઈન્કાર કરવો ચોક્કસ કુફ્ર છે. એ જ પ્રમાણે તમામ અંબિયા પર ઈમાન લાવવું અને ફક્ત કોઈ એકનો ઈન્કાર કરવો એ પણ કુફ્ર છે. જ્યારે ઈસ્લામનો આ એક નક્કી થઈ ચૂકેલ ફેંસલો છે, કે જરૂરિયાતે દીનમાંથી એક જરૂરી દીની બાબતનો ઈન્કાર કુફ્ર છે. તો પછી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ જેણે ઈસ્લામી કાનૂનો, જરૂરિયાતે દીન અને ઉસૂલે અરબાની તદ્દન વિરૂધ્ધ એક નવા અકીદાનો પાયો નાખ્યો તો પછી તે આ કુફ્રના મારથી કેવી રીતે સલામત રહી શકે છે ? એટલું જ નહીં પણ જે એને કાફિર ન કહે તેનું ઈમાન પણ ખતરામાં છે.

હવે રહ્યું વહાબી નજદી વિદ્યાર્થીઓની હુઝૂર ﷺ થી મહોબ્બત ! તો આ પણ એક છેતરપિંડી છે. અને જો છેતરપિંડી ન પણ હોય તો એ મહોબ્બત ત્યારે જ લાભકારક થશે જ્યારે કે તેઓ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના કુફ્રી અક઼ીદાઓના ચાહવાવાળા ન હોય. જો અક઼ીદાઓમાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની સાથે છે, તો એમના પણ કાફિર હોવામાં કોઈ શંકા નથી. કારણ કે ઈસ્લામમાં અક઼ીદો જે છે તે થડ છે અને આમાલ એની શાખાઓ છે. આમાલો ખરાબ હશે તો ગુનેહગાર થશે, કાફિર નહીં થાય, પરંતુ જો અક઼ીદામાં ખામી હશે તો ઈસ્લામથી જ ખારિજ થઈ જશે. દાખલા તરીકે દારૂ પીવાને અલ્લાહ તઆલએ હરામ કર્યું. હવે જો કોઈ હરામ સમજીને (પીવામાં) ઉપયોગ કરશે અને આ બદકૃત્યમાં સંડોવાશે તો તે ગુનેહગાર થશે, કાફિર નહીં થાય. પણ જો કોઈ શરાબ હરામ હોવાનો ઈન્કાર કરશે ભલે પછી પોતે પીએ પણ નહીં તો પણ તે કાફિર થઈ જશે. કારણ કે તેણે અલ્લાહ તઆલાની વિરૂધ્ધ પોતાનો અકીદો જાહેર કર્યો. બરાબર એ જ પ્રમાણે વહાબી વિદ્યાર્થીઓ પણ જો મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના અકીદાના પાબંદ છે તો તેઓ પણ પોતાના ગુરૂના કુફ્રમાં ચોક્કસ શરીક થશે.

જો ધારો કે આખી દુનિયાના ઉલમા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ પર કુફ્રનો ફત્વો ન પણ આપતા

તો એક દીની શિક્ષણથી ખૂબ જ લગન ધરાવનાર, ગૈબદાં રસૂલની પેશનગોઈ જે હદીષોની કિતાબોમાં ફેલાએલી છે એના આધારે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની હકીકત અને કુફ્રિયાતને સારી રીતે જાણી શકે છે.

કારણ કે બુખારી શરીફમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી નકલ થયેલ છે કે તેમણે કહ્યું કે અમે લોકો હુઝૂરની સેવામાં હાજર હતા અને હુઝૂર ﷺ માલે ગનીમત વહેંચી રહ્યા હતા. એ દરમયાન ઝુલ્ખવૈસરા તમીમી આપની સેવામાં આવ્યો અને તે બની તમીમ કબીલાનો એક માણસ હતો. તેણે કહ્યું, "યા રસૂલલ્લાહ ! ઈન્સાફ કરો !" તો હુઝૂરે ફર્માવ્યું, "હલાકત (તબાહી) થાય તારા માટે કે જ્યારે હું ઈન્સાફ નહીં કરું તો કોણ ઈન્સાફ કરશે ? યકીનન જાણી લે (આ ગુસ્તાખીના કારણે) તું નુકસાન અને બરબાદીમાં પડયો." ત્યાર બાદ હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ મને રજા આપો હું એની ડોક ઉડાવી દઉં ! હુઝૂરે ફર્માવ્યું, એને છોડી દો, તેહકીક કે એના સાથીઓ છે. તમે તુચ્છ જાણશો તમારી નમાઝોને તેમની નમાઝોની સરખામણીમાં, અને તમામ રોઝાઓને એમના રોઝાઓની સરખામણીમાં. કુર્આન પઢશે તે લોકો પણ તેમના હલકના નીચે (કુર્આન) ઉતરશે નહીં. તેઓ દીનમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે.

એક રિવાયતમાં છે કે એક વ્યક્તિ આવી. જેની આંખો ઊંડે ઉતરી ગયેલી હતી, કપાળ ઉઠેલું હતું, દાઢી ગાઢ હતી, ગાલ ઉપર ઉઠેલા ફૂલેલા હતા, માથુ મૂંડેલું હતું. પછી તેણે કહ્યું, હે મુહમ્મદ ! અલ્લાહથી ડરો, તો હુઝૂરે ફર્માવ્યું, જો હું જ અલ્લાહની નાફર્માની કરીશ તો પછી કોણ અલ્લાહની ઈતાઅત (હુકમનુ પાલન) કરશે ?! અલ્લાહે મને જમીનવાળાઓ પર અમીન બનાવ્યો અને તું મને અમની નથી માનતો ?! ત્યારબાદ એક મરદે એને કત્લ કરવાની રજા માગી તો હુઝૂરે એને મનાઈ કરી અને જ્યારે તે ગુસ્તાખ પાછો ચાલ્યો ગયો તો હુઝૂરે ફર્માવ્યું, યકીનન ! જાણી લો ! તેની નસલમાંથી એક કૌમ (જાતિ) પેદા થશે કે જેઓ કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાની હાડકી (હલક)થી નીચે નહીં ઉતરશે. તેઓ ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેથી રીતે તીર શિકારથી નીકળી જાય છે અને તેઓ બુતપરસ્તોને છોડીને મુસલમાનોને કત્લ કરશે. જો હું તેઓને પામત તો જરૂર તેઓને કત્લ કરી દે તે, જેવી રીતે અલ્લાહ તઆલાએ કૌમે આદને કત્લ કરી.

યાદ રાખશો કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ પણ કૌમે બની તમીમમાં પૈદા થયો. તેણે જ બુતપરસ્તોને છોડીને હરમૈન તૈયબેન તથા અન્ય અરબ મુલ્કોમાં અગણિત મુસલમાનોને કત્લ કર્યા. તેથી રસૂલની આગાહીનો એકે એક અક્ષર એના પર ફીટ થાય છે, કે લોકો નમાઝ રોઝાના ખૂબ પાબંદ હશે, કુર્આન પઢશે પણ હલકની નીચે નહીં ઉતરે. તે લોકો દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે. રસૂલે એ પણ ઈશારો ફર્માવી દીધો કે આ કૌમ પછીથી નીકળશે અને કૌમે આદની જેમ કાફિર તથા જાલિમ તથા ખુંખાર હશે જેમના પર અલ્લાહનો અઝાબ ઉતર્યો હતો.

એના અનુસંધાનમાં મોહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના મોટા ભાઈ સુલેમાન ઈબ્ને અબ્દુલ વહાબ જે ખૂબ જ કાબેલિયતવાળા આલિમ હતા. તેમણે એના રદમાં એક કિતાબ લખી જેનુ નામ છે "અસ્સવાએ કુલ ઈલાહિયહ ફિરદદે અલલ વહાબિયહ" તેમાં પણ આપે લખ્યું છે કે, તમારા (મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબના) મઝહબનું બાતિલ હોવું આ સહીહ હદીષથી સાબિત છે જેની નકલ બુખારી તથા મુસ્લિમે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી કરી છે કે, હુઝૂરે ફર્માવ્યું

''રાસૂલ કુફરે નહવુલ મશ્રિક'' એટલે કે ''કુફ્રનું સર પૂર્વની તરફ છે.'' અને એક રિવાયતમાં છે કે હુઝૂરે ફર્માવ્યું ઈમાન યમની છે અને તે તરફથી ફિત્નો છે જ્યાંથી ''યત્લોઓ કરનુશ્શયતાન'' એટલે કે શયતાની જમાઅત નીકળશે. અને બુખારી તથા મુસ્લિમમાં ઈબ્ને ઉમરથી નકલ થયેલ છે કે હુઝૂરનો ચહેરો મુબારક પૂર્વ દિશા તરફ હતો. આપે ફર્માવ્યું, ''ઈન્નલ ફિતનત હાહુના'' ફિત્નો આ તરફથી છે. બુખારી શરીફમાં ઈબ્ને ઉમરથી રિવાયત છે કે હુઝૂરે ફર્માવ્યું, ''હે અલ્લાહ અમારા શામ (સિરીયા)માં અને અમારા યમનમાં બરકત આપ.'' નજદના સહાબીઓએ વિનંતિ કરી અને અમારા નજદના માટે ?! આપે ફરી એ જ ફર્માવ્યું અને ત્રીજીવાર ફર્માવ્યું, ''ત્યાં (નજદમાં) ધરતીકંપો અને ફિત્ના છે અને ત્યાંથી શયતાની જમાઅત નીકળશે.'' અને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં ઈબ્ને ઉમરથી મરફુઅન (તે હદીષ જેના રાવીઓનો ક્રમ રસૂલ સુધી પહોંચેલ હોય) નકલ કર્યું છે કે હુઝૂરે ફર્માવ્યું, ''હે અલ્લાહ ! અમારા મદીનામાં, અમારા સાઅમાં, અમારા મુદમાં, (માપીયુ) અમારા યમનમાં અને અમારા શામમાં બરકત આપ.'' પછી આપે આપનો ચહેરો મુબારક સૂરજ નીકળવાનો (પૂર્વ) દિશા તરફ કર્યો અને ફર્માવ્યું, ''આ તરફથી શૈતાની જમાઅત નીકળશે.'' અને ફર્માવ્યું,'' અહીંથી ધરતીકંપો અને ફિત્નાઓ ઉઠશે.'' યાદ રહે કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદનો હતો એટલા માટે વહાબીઓને નજદી પણ કહેવામાં આવે છે. અને નજદ મદીનાથી પૂર્વ દિશામાં આવેલ છે એટલા માટે રસૂલે પૂર્વ દિશામાં ચેહરો મુબારક કરી ફર્માવ્યું, આ દિશામાંથી શયતાની જમાઅત નીકળશે વગેરે.

આ સાક્ષીઓથી હવે કોઈપણ પ્રકારની શંકાકુશંકાનો અવકાશ જ નથી રહેતો કે નજદથી જે જમાઅત નીકળી છે તે રસૂલના જણાવ્યા પ્રમાણે ચોક્કસ શયતાની તથા કુફ્રી જમાઅત છે. એટલુ જ નહીં પણ સહાબીઓના પૂછવાના કારણે તેમની એક આ નિશાની પણ બતાવી હતી કે, ''સિમાહોમુત્તહલીક'' તેઓ માથા મૂંડાવશે. આ તે નિશાની છે જેને જોઈને અરબના તમામ ઉલમાએ એમ જણાવ્યું હતું કે, હુઝૂરના બાદ ઘણાય ગુમરાહ ફિર્કાઓ ઉદ્ભવ્યા પરંતુ આજ સુધી કોઈપણ ફિર્કામાં વાળ મૂંડાવવાની નિશાની હતી નહીં, કેવળ નજદીઓ સિવાય. *(હવાલો ફિતનતુલ વહાબિયહ, અઝ મુફ્તી સૈયદ અહમદ દહલાન મુફ્તીએ મક્કા)* નજદીઓએ માથુ મૂંડાવવામાં એ પ્રમાણે હદ પાર વિનાનો પાઠ ભજવ્યો કે તેના મઝહબમાં પ્રવેશવા માટે પુરૂષ તો પુરૂષ ઔરતો સુધ્ધાંને માથુ મુંડાવવાનો હુકમ અપાતો, એટલું જ નહીં માથુ ન મૂંડાવવાના કારણે મદીનાની ઝિયારત કરવાવાળા છ માણસોને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબે શહીદ કરાવી દીધા હતા. *(તારીખે નજદો હિજાઝ)* તેમજ આ કારણે સૈયદ અબ્દુર્રહમાન અહદલ મુફ્તીએ જુબૈદ જણાવતા હતા કે વહાબીઓની રદમાં કોઈ કિતાબ લખવાની જરૂર નથી પરંતુ એમની રદના માટે હુઝૂરનું કથન મુબારક ''સિમાહોમુત્તહલીક'' કાફી (પૂરતુ) છે. એટલે કે નજદની શયતાની જમાઅતની નિશાની તે હશે કે તેઓ માથાં મૂંડાવશે. *(ફિતનતુલવહાબિયહ) (ક્રમશઃ)*

**તશરીફેજહાં** **ભરૂચ** : થી યુનુસભાઈ યૂસુફ ગડિમલને ત્યાં પુત્ર જન્મ થયો છે. જેનું નામ ''મુહમ્મદ હામિદ રઝા'' રાખવામાં આવેલ છે જેની ખુશીમાં યૂનુસભાઈ તરફથી **રૂા. ૫૦૦/- બરકાતે ખ્વાજા મંથલી**ને આપ્યા છે. મુબારકબાદ ! અલ્લાહ કરીમ નવાંગતુકને ફયઝાને રઝાથી માલામાલ રાખે, બંને જહાનની નેઅમતો અતા કરે, માબાપની ઘરવાળાંની આંખોની ઠંડક બનાવે. આમીન. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

33 years!

## ૩૩મો ત્રિદિવસીય સુન્ની દા’વતે ઈસ્લામી

# સુન્ની ઈજતેમા કામયાબી સાથે સંપન્ન

SUNNI DAWATE ISLAMI
WORLDWIDE ISLAMIC MOVEMENT

**મુંબઈ** : વાદીએ નૂર (આઝાદ મેદાન) ખાતે તા. ૧૨, ૧૩, ૧૪ ડિસેમ્બર–૨૦૨૫ના દિવસોમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો ત્રિદિવસીય અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો. જેમાં પ્રથમ દિવસે જુમ્આ બાદ જનાબ ક઼ારી ગુલામ ગૌષની તિલાવતે કુર્આન અને હઝરત સૈયદ મોઈને મિલ્લત અશરફી કછોછવી સાહબની દુઆ સાથે શરૂ થયો. અલ્હાજ કારી રિઝવાન સાહબની નિઝામત, નઅત સાથે શરૂ થયેલ ઈજતેમામાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (માલેગાંવ)એ ઓરતોની ઈસ્લાહ પર અસરકારક બયાન કર્યું. અસરની નમાઝ મુહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપુર)એ વિવિધ અગત્યના સવાલોના જવાબ અતા કર્યા. મગરિબ બાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત મૌલાના ક઼મરૂઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે. એ ઔરતના મક઼ામ પર ઈમાન અફરોઝ બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મુહમ્મદશાકિર નૂરીએ બેહયાઈના નુકસાનો પર અસરકારક ઈસ્લાહી બયાન કર્યું. ઝિક્ર દુઆ પર પ્રથમ દિવસનો બહેનો માટેનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો. લાખ ઉપરાંત બહેનોએ હાજરી આપીને ઈલ્મી રૂહાની ફયઝ હાંસલ કર્યો હતો.

બીજા દિવસે શનિવારે ફજર બાદ શરૂ થયેલ ઈજતેમામાં વિવિધ મુબલ્લિગો થકી નઅત શરીફ, સુન્નતોની તાલીમ, દર્સ, બયાન કરવામાં આવ્યાં. સૈયદ મુહમ્મદ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જયપુર), હાફિઝ અમીન (સુરત), વાસિફ રઝા, ઈમ્તિયાઝભાઈ (માલેગાંવ), જાવેદભાઈ (મુંબઈ), મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર), સાદિક઼ સાહબ, ખાલિદભાઈ, મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન), મુફતી જુબેર મિસ્બાહી, મૌલાના ફૈસલ દયાદરવી (પ્રેસ્ટન) વગેરેએ નઅત, બયાન કર્યાં. અસર બાદ હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી મુબારકપુરી થકી સવાલો જવાબનો સેશન થયો. મગરિબ બાદ મુફસ્સિરે ઈસ્લામ કારી અલ્લામા ઝહીરૂદ્દીન સાહબનું "કુલ" પર તૌહીદ તથા શાને મુસ્તફા ﷺ પર શાનદાર બયાન થયું. છેવટમાં મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમી સાહબે અતિ ઝઈફીમાં પણ "કુર્આનેપાક કા એઝાઝ" વિષયે ખૂબ જ માલૂમાતી બયાન કર્યું.

ત્રીજા દિવસે વિવિધ મુબલ્લિગોએ બયાન, નઅત, સુન્નતો, મસાઈલ શીખવાડયા. અલ્હાજ કારી રિઝવાન સાહબ, મુબલ્લિગ મૂસા મસ્તાન વગેરે થકી ઉમ્મીદ ગૃપ દ્વારા એજ્યુકેશનમાં પ્રગતિ બાબતે કેરીયર માર્ગદર્શન આપવામાં આવ્યું. ઝહોર બાદ હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબ થકી દારુલ ઉલૂમ ગૌષિયા નજમુલ ઉલૂમ–મુંબઈથી ફારિગ થનાર તલબાને ખત્મે બુખારી શરીફ કરાવી, તેમની દસ્તારબંદી કરવામાં આવી. રિઝવાન સાહબે મરાઠીમાં બયાન કર્યું. બાદમાં મૌલાના આરિફ પટેલ (બોલ્ટન, યુ.કે) વગેરે થકી અંગ્રેજીમાં ઈસ્લાહી બયાનો થયાં. બાદમાં હઝરત સૈયદ અમીન અલી ક઼ાદરી (માલેગાંવ) સાહબનું બયાન થયું. અસર બાદ સવાલો જવાબના સેશનમાં હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબે વિવિધ સવાલોના જવાબો અતા કર્યા. મગરિબ બાદ વિવિધ ઉલમા મુફતી સાહબોએ ઈસ્લામી ક઼ાનૂન પર વાંધાઓના ઈમાન અફરોઝ જવાબો આપી દીની મસાઈલની સમજ આપી હતી. ત્યારબાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ "ઈન્સાનોની ખિદમત કરવા" સંબંધે દિલને ઝંઝોળનારુ

બયાન કર્યું. ત્યારબાદ મુફક્કિરે ઈસ્લામે "નફરતોંકા જવાબ મહોબ્બતસે"ના વિષયે તારીખી, ઈલ્મી બયાન કર્યું. છેવટમાં બગદાદ શરીફ ગૌષ પાક رضی اللہ عنہના મઝાર શરીફના સજ્જાદાનશીન હઝરત અલ્લામા સૈયદી શેખ ખાલિદ અલ જીલાની સાહબે અંગ્રેજીમાં ખૂબ જ ઈમાન અફરોઝ બયાન કર્યું અને મૌલાના શાકિર નૂરી સાહબને ખૂબ દુઆઓ સાથે ઈન્ડિયા ખાતે પોતાના ખલીફા નિયુક્ત કર્યા. છેવટમાં વાદીએ નૂરમાં લાખો ભાઈઓની હાજરીમાં ઝિક્ર દુઆ સાથે ઈજતેમા કામયાબી સાથે સંપન્ન થયો હતો. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકે સૌને નેક અમલની તૌફીક આપે.(આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

## સુન્ની દા'વતે ઈસ્લામીનો ભરૂચમાં ૧૯મો વાર્ષિક સુન્ની ઈજતેમા યોજાયો

**ભરૂચ** : ખાતે દારુલ ઉલૂમ ગુલશને અજમેરના વિશાળ કંપાઉન્ડમાં ભાઈઓ માટે તા. ૨૩–૧૧–૨૦૨૫ રવિવારના રોજ અસરથી રાતના દસ વાગ્યા સુધી સુન્ની ઈજતેમા યોજાયો. એ અગાઉ ઝહોરથી લઈને અસર સુધી વેલકમ પાર્ટી પ્લોટ, બાયપાસ ચોકડી પાસે–ભરૂચ ખાતે પર્દાના એહતેમામ સાથે બહેનો માટે, સુન્ની ઈજતેમા યોજાયો જેમાં નિઝામત મૌલાના નુસ્રતે સંભાળી હતી, તિલાવતે કુર્આન કારી બિલાલ થકી અને નઅતે પાકના ગુલદસ્તા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા નજમુલ ઉલૂમ–આમોદના તલબા તેમજ મુબલ્લિગોએ પેશ કર્યા ત્યારબાદ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઔરતોની ઈસ્લાહ કરતુ બયાન કર્યું. બાદમાં અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅત સાથે તર્બિયત કરી હતી. બાદમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે "ઔરતો કો હુઝૂર ﷺની નસીહતેં" વિષયે ખૂબ જ અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં ઝિક્ર દુઆ કરવામાં આવી હતી. અસરબાદ ભાઈઓ માટેનો ઈજતેમા દારુલ ઉલૂમ ગુલશને અજમેરના પ્રાંગણમાં યોજાયો. તિલાવતે કુર્આન, નઅતે પાકના ગુલદસ્તા તથા સુન્નતોની તાલીમ વગેરે સ્થાનિક મુબલ્લિગો તેમજ દારુલ ઉલૂમના તલબા થકી રજૂ થયાં. મગરિબ બાદ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)નું અકાઈદ પર બયાન થયું. બાદમાં અલ્હાજ કારી રિઝવાન સાહબ (રુકને મજલિસે સૂરા–સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતે પાકની સાથે પોતાના આગવા અનોખા અંદાઝમાં મજમાની તર્બિયત કરી. છેવટમાં ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે "દુન્યાકી ઝિંદગી ક્યા હૈ ?" વિષય પણ અનેક કુર્આની આયતોની રોશનીમાં દિલ હલાવી દેનારુ બયાન કર્યું હતું. છેવટે ઝિક્ર દુઆ પર ઈજતેમા સંપન્ન થયો. છેવટમાં પૂરા મજમાને નિયાઝ જમાડવામાં આવી.

## દયાદરામાં જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવાયો

**દયાદરા** : ખાતે તા. ૧૪–૧૨–૨૦૨૫ રવિવારના રોજ અસરની નમાઝ બાદ મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં અફઝલુલ બશર બઅ્દલ અંબિયા, ખલીફએ અવ્વલ, યારે ગાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની શાનમાં પ્રોગ્રામ થયો જેમાં અસર બાદ યાસીન શરીફનો ખત્મ થયો ત્યારબાદ હઝરત મૌલાના મુહમ્મદ આદિલ નજમી મિસ્બાહી હલદરવી (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)એ શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું અને કુર્આન હદીષની રોશનીમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہના અવસાફ વર્ણવ્યા હતા. સલાતો સલામ દુઆ બાદ ઈજતેમા પૂર્ણ થયો.